
R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❊ ચંદ્રકાન્ત નંદુ ❊ સંજય છેડા

VOL.65 ISSUE NO. 4 - JULY 2022 - 60 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

# A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

જુલાઈ ૨૦૨૨


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| ફોરવર્ડેડ એસ રિસીવ્ડ | સંજય વિસનજી છેડા....................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી.............................................. વગડામાંથી વહાલપની વસાહતમાં | લીલાધર માણેક ગડા .................. | ૧૧ |
| કોરીકુબો .................................................. | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૮ |
| ભમરો ઊડે રે રંગમોલમાં રે ........................... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૨૨ |
| રાષ્ટ્રપતિ ભવનની અધધ જાહોજલાલી.............. | પ્રવિણચંદ્ર શાહ........................... | ૨૬ |
| અલબેલું અજીમગંજ...................................... | જ્યોતિ મોતા............................. | ૩૧ |
| કુદરતની ભેટ.............................................. | પ્રિયંકા પરીનકુમાર ગડા............... | ૩૭ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૪૪ |
| વાત છે મારી-તારી-આપણી .......................... | શાંતિલાલ ગઢિયા ...................... | ૪૮ |
| પગદંડીને પત્ર | | |
| ત્રીજું સંતાન અને બારોઈ ક.વી.ઓ. સમાજ | નરેન્દ્ર ટોકરશી દેઢીયા.................. | ૪૯ |
| કચ્છી સમાજ ને માટે ભવિષ્યની મોટી સમસ્યાની સંભાવના.... | પ્રેમજી ભવાનજી છેડા ................. | ૫૦ |
| વસતી વધારા માટે અનોખી પહેલ................... | હીરાલાલ વી. ઉનડોઠવાલા .......... | ૫૦ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| પગદંડીનો જૂન ૨૦૨૨નો અંક................. | મનસુખલાલ રતનશી કક્કા .......... | ૫૧ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૫૨ |
| સાંત્વન...................................................... | ................................................ | ૫૭ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા કલબમાં સંગીત સંધ્યા, મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર,
એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google | Google play

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

color-spec.com

# તંત્રીસ્થાનેથી

## ફોરવર્ડેડ એસ રિસીવ્ડ

છેલ્લા એક મહિનામાં ચૂંટણીઓના પડઘમ વચ્ચે એકાદ-બે અણછાજતી, આખા સમાજ માટે શરમજનક એવી ઘટનાઓ ઘટી અને એ ઘટનાના *વિડિઓ સોશિયલ મીડિયા* પર વાઈરલ થયા.

અને આ સમગ્ર ઘટનાઓ દરમ્યાન, આપણે સૌએ (કહેવાતી મૂક) પ્રજાએ મૂક રહેવાને બદલે, આવી ક્ષુલ્લક ઘટનાઓના વિડિઓ *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ*ના ધોરણે પોતાના *સોશિયલ મીડિયા*ના દરેક કૉન્ટેકટ સુધી પહોંચે, માટે અથાગ? પ્રયત્નો કર્યા અને બળતામાં ઘી હોમવામાં કોઈ કસર બાકી ન રાખી.

એ તો સારું થયું કે ચૂંટણીના તમામ ઉમેદવારો, ચૂંટણી સમિતિ અને સમાજના તમામ અગ્રણીઓએ આવી ઘટનાઓને સખત શબ્દોમાં વખોડી અને આવી ઘટનાઓ ફરી ન થાય, એ માટે યોગ્ય પગલાં લીધાં અને ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. પણ જવાબદાર નાગરિક તરીકે, એક સભ્ય સમાજના સભ્ય તરીકે આપણે સૌએ શું કર્યું ?

ચાલો કદાચ, તમે આવા વિડિઓ આગળ *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ* નથી કર્યા. પણ તમે જે ગ્રુપમાં હતા, ત્યાં આવા વિડિઓ આવ્યા અને તમે આવી ઘૃણા ફેલાવવામાં મૂક સાક્ષી બની રહ્યા (કર્યું, કરાવ્યું અને અનુમોદ્યુ) એમાં ક્યાંક ને ક્યાંક તો આપણે પણ સહભાગી થયા કે નહીં.

અત્યારે એ વ્યક્તિ કે ઘટનાની વાત નથી. વાત છે આપણા (આવ્યો માલ અને નાખો વખારે)વાળા એપ્રોચની. આપણે તો માલ વખારે પણ નથી નાખ્યો, આપણે તો આ માલ ગામના ખૂણેખૂણે વહેંચ્યો.

કોઈ આવેગ કે આવેશમાં, કોઈ દુર્ઘટના થઈ ગઈ, પણ આપણે સૌએ તો શાંતચિત્તે, એસીમાં બેઠાબેઠા આરામખુરશી પરથી આ આગને ફેલાવવાનો યથાશક્તિ મુજબ યત્ન કર્યો ?

આજે આ તંત્રીલેખ હેઠળ, આ *ફોરવર્ડેડ એસ રિસીવ્ડ*ની માનસિકતાને વખોડવા માટે જ કલમ ચલાવવી છે.

*સોશિયલ મીડિયા.* શું છે આ *સોશિયલ મીડિયા.* એનો ઉપયોગ શાના માટે કરવો અને ક્યાં ન કરવો, આ સમજને ફરી એકવાર ચર્ચાના એરણ પર મૂકવી પડશે.

એકબીજાના સંપર્કમાં રહેવાના સાધન સમા આ *સોશિયલ મીડિયા*માં કંઈ જ ખોટું નથી. ક્યાંક કાચું કપાયું છે તો સમજ કે વિવેકબુદ્ધિ વિનાના એના ઉપયોગમાં. એના ઉપયોગના અતિરેકમાં.

આ સાધનનો ઉપયોગ થવો જોઈએ જ્ઞાનના વ્યાપ માટે, એકબીજાના સંપર્ક માટે. માહિતીની આપ-લે માટે, કોઈ જરૂરી કાગળ/પત્રના ઝડપી પ્રચાર કે પ્રસાર માટે.

પણ આપણે શું કરીએ છીએ. સવારના પહોરમાં દેવી-દેવતાઓના ફોટો કે પશુ પંખી કે કપ–રકાબી સાથેના *ગુડ મોર્નિંગ/સુપ્રભાત*ના સંદેશાઓ સાથે. (આપણે સૌ જાણીએ છીએ કે આ ફોટા કોઈ *ડાઉનલોડ* સુધ્ધાં નથી કરતું અને કરે તો માત્ર અને માત્ર એનો આગળ (*ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ*)ના ધોરણે ચીપકાવવા.

વિશ્વમાં સૌથી વધુ વૉટ્સઍપના ગ્રાહકો ભારતમાં છે અને એ આંકડો છે અધધ ૪૮ કરોડનો. (અને નંબર બે પર છે બ્રાઝિલ. જેના ગ્રાહકો છે આપણાથી ૨૫ ટકા) અને ઉપરથી આ વોટ્સએપનો આખા દિવસ દરમ્યાન સૌથી વધારે સમય ઉપયોગ કરવામાં પણ આપણે અમેરિકા સાથે સીધી સ્પર્ધામાં છીએ.

અને આ બધામાં આપણું યુવાધન પોતાના સમય, સંપતિ અને અન્યોના સમય અને ઊર્જાનો પણ વ્યય કરે છે. એકએક *ફોરવર્ડેડ એસ રિસીવ્ડ* ફોટો કે વિડિઓ પાછળ વપરાતી ઇલેક્ટ્રિસિટી, એને *સ્ટોર* કરવા પાછળ વપરાતી *મેમરી* અને ફોનની બૅટરી વગેરેનો હિસાબ કરીએ તો મગજ કામ ના કરે અને આ *ગુડ મોર્નિંગ* અને સવારના વૉટ્સઍપિયા જ્ઞાન તો ઠીક છે, પણ ગુસ્સો ત્યારે આવે જ્યારે લોકો આ સાધનનો ઉપયોગ નકારાત્મકતા ફેલાવવા કરે.

થોડાંક વર્ષો પહેલાં એલ્ફિસ્ટન સ્ટેશન પર દુર્ઘટના થઈ અને ત્યારે કેટલાક અમાનુષી લોકોએ ત્યાં જીવન-મરણની બાજી લડી રહેલા લોકોને મદદ કરવાને બદલે એમના વિડિયો લીધા. અને પછી સભ્ય સમાજના કેટલાય લોકોએ આ *વિડિઓ* જોઈ એને *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ* કરવાનો પાશવી આનંદ લીધો.

થોડા સમય પહેલાં કરી રોડની એક બહુમાળી ઈમારતમાં આગ લાગી અને ત્યારે અન્યને બચાવવા ગયેલા વૉચમેનનો ઓગણીસમા માળેથી પડવાનો *વિડિઓ* ફરી સભ્ય? સમાજના લોકોએ *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ* કર્યા.

તાજેતરમાં આપણી સંસ્થાના યુવા કાર્યકરે સ્કૂટર અકસ્માતમાં જીવ ગુમાવ્યો અને ત્યારે નજીકના એક સીસીટીવીની ફૂટેજ લોકોએ પોતાની સમજશક્તિ, વિવેકબુદ્ધિને નેવે મૂકીને ફૉરવર્ડ કરી.

અરે, ક્યાંક તો થોભો. કંઈક તો વિચારો. શું થઈ ગયું છે આપણી સમજશક્તિને, આપણી વિવેકબુદ્ધિને, આપણા સારા-નરસાની સમજને. આવું કંઈપણ ફોરવર્ડ કરીને આપણે શું મેળવીએ છીએ (પાશવી આનંદ) અને શું ફેલાવીએ છીએ (માત્ર ને માત્ર નકારાત્મકતા).

આપણા જ પરિવારના કોઈ સભ્ય સાથે આવી કોઈ દુર્ઘટના થાય અને જો એના કોઈ *વિડિઓ* આમ *ફોરવર્ડ* થાય તો આપણા પર શું વીતે. એક તો આટલો મોટો શોક, આટલા મોટા આઘાત અને ઉપરથી આ રીતે દાઝ્યા પર ડામ.

અરે, શક્ય છે કે મોબાઈલ કોઈ કુમળી વયના ભૂલકાના હાથમાં જાય. આખરે આવા કોઈ પણ નકારાત્મક *વિડિઓ* આગળ *ફોરવર્ડ* કરીને આપણે પુરવાર શું કરીએ છીએ. આ કોઈ જ્ઞાન નથી, કોઈ ગુડ મોર્નિંગના સંદેશ નથી.

આવા કોઈ પણ મેસેજ *ફોરવર્ડ* કરવાનો કોઈપણ સીધો કે આડકતરો ફાયદો મને તો જણાયો નથી. કોઈને આ વૃત્તિનો કોઈ ફાયદો જણાયો કે દેખાયો હોય તો pagdandi@kvoss.org પર જરૂરથી લખી મોકલજો.

હવે આ વૃત્તિના ગેરફાયદા. *સોશિયલ મીડિયા* પર મેસેજ *ફૉરવર્ડ* કરવાની લોકોની માનસિકતા પર ઘણાં રિસર્ચ થયાં છે અને બધાનું તારણ એટલું જ છે કે નકારાત્મક મેસેજથી લોકોમાં ડર, આઘાત, ઉદાસી, અવિશ્વાસ, નિરાશા અને ગ્લાનિ જ ફેલાય છે. અરે મારા ભાઈ, આખા વિશ્વમાં શું તકલીફો ઓછી છે, કે આપણે *મોબાઈલ* પર અંગૂઠા ફરાવી ફરાવી એમાં વધારો કરીએ. તો આજથી થોભો અને પ્રણ લો કે આજથી, આ ક્ષણોથી કોઈ પણ નકારત્મક મેસેજ, પછી એ સંદેશ હોય, ફોટો હોય કે *ઓડિયો* કે *વિડિઓ*. ન *ફૉરવર્ડ* કરીશું અને ન *ફૉરવર્ડ* કરવા દઈશું. અરે, ગ્રુપમાં કોઈ આવો સંદેશ આવી જાય તો મોકલનારને કડક શબ્દોમાં સમજાવી, બધેથી જ એણે મોકલેલા સંદેશ "Delete for Everyone" કરાવીશું.

જ્યારે પણ કોઈ *ટેક્સ્ટ મેસેજ* કે *ફોટો* કે *ઓડિયો* કે *વિડિઓ* આવે ત્યારે એણે *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ* કરતાં પહેલાં પોતાને આ પ્રશ્નો પૂછો:

૧. આમાં કંઈ જાણવા જેવું છે?

૨. શું એ માહિતી વિષે તમને ખાતરી છે?

૩. આ મેસેજ આગળ ફેલાવવાથી વાંચનારને કોઈ રીતે નુકસાન તો નહીં થાય ને?

૪. જો આ મેસેજ આગળ ફૉરવર્ડ ન કરીએ તો ચાલે?

બસ આટલા પ્રશ્નો જાતને પૂછીએ અને પછી જો લાગે કે એ સંદેશ આગળ ફૉરવર્ડ કરવો છે, તો જ કરીએ

અને હા, ફેલાવવા જ હોય તો માત્ર ને માત્ર માનવતાના *મેસેજ* ફેલાવીએ, જ્ઞાનની જ્યોતથી જ્યોત જલાવીએ. (છેલ્લે... આ *ફૉરવર્ડેડ એસ રિસીવ્ડ*માંથી જેટલો સમય બચે, એનો થોડા સારા વાંચન અને લેખનમાં વાપરવા નમ્ર વિનંતી)

સંજય વિસનજી છેડા
મો.: ૯૮૯૨૮૧૫૩૬૭

# પ્રમુખશ્રીની કલમે

✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

સાદર પ્રણામ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા આરોગ્ય સંપદાના નેજા હેઠળ સ્ત્રીઓના ગર્ભાશયના મુખના થતાં કૅન્સરની આગોતરી જાણ થઈ શકે એ માટેની ખૂબ જ આધુનિક કૉમ્પ્યુટરની મદદથી થતી તપાસણી માટેના ૫ કૅમ્પો મુંબઈનાં વિવિધ સ્થળોએ આધુનિક સામાજિક સંસ્થાઓના સહકારથી આયોજિત કરવામાં આવેલ.

સંપૂર્ણ તપાસની પ્રક્રિયા સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરોની ટીમની જાતદેખરેખ હેઠળ કરવામાં આવેલ.

આ પાંચ કૅમ્પોમાં થયેલ તપાસના બધા જ રિપોર્ટનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરતા આપણે ખૂબ જ ચિંતાજનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હોઈએ એવું લાગે છે. તપાસની તારવણી કરીને સેવા સમાજની વૈદ્યકીય રાહત સમિતિના ડૉક્ટરોએ આ કૅમ્પમાં સેવા આપી રહેલ સ્ત્રીરોગ નિષ્ણાતો જોડે ચર્ચા-વિચારણા કરેલ અને અંતે એ નિર્ણય પર આવેલ કે સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખમાં Interection / Erosionનું પ્રમાણ ખૂબ જ વધારે જોવા મળેલ છે અને એ ચિંતાપ્રેરક છે.

આપણા સમાજની સ્ત્રીઓએ ખૂબ જ જાગરૂકતા દાખવવી પડશે. આ પાંચ કૅમ્પ દરમિયાન લગભગ ૮ થી ૧૦ સ્ત્રીઓના ગર્ભાશયના મુખમાં કૅન્સર હોવાની શક્યતાઓ આ પ્રાથમિક તપાસમાં જોવા મળેલ છે અને એ વિષેની આગળની તપાસનો દોર શરૂ થઈ ગયેલ છે.

આ તપાસ દરમિયાન ગર્ભાશયના મુખમાં દેખાતાં ચાંદાં (Erosion) આગળ જતાં કૅન્સર માટે કારણભૂત બની શકે છે તપાસ પછી યોગ્ય સારવાર કરીને આ બનાવનો

અટકાવી શકાય છે. એટલે આ સ્થળેથી સમાજની સર્વે બહેનોએ જાગરૂકતા દાખવવી જરૂરી બની જાય છે.

આપણા સમાજની સ્થાનિક સામાજિક સંસ્થાઓ અને મહિલામંડળોને નમ્ર વિનંતી કે આવા તપાસ કૅમ્પો માટે આગળ આવે અને સ્ત્રી આરોગ્ય માટે આપણે નક્કર કામ કરીએ. શ્રી ક.વી.ઓ. સેવા સમાજ આ માટે સદૈવ તત્પર છે.

આ તકે આ પાંચ કૅમ્પોના સફળ આયોજન માટે ભાગ લેનાર સ્થાનિક સામાજિક સંસ્થાઓ, સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો, ટેક્નીશિયન તરીકે ઉમદા કારીગરી કરનાર સેવા સમાજની વૉલન્ટિયર બહેનો અને આ આધુનિક ઉપકરણની રચનામાં અગત્યનો ભાગ ભજવનાર આપણા પોતાના શ્રી ઝુબીન સાવલા (રાયણ)નો ખૂબખૂબ આભાર.

સમગ્ર પ્રોગ્રામ માટે સેવા સમાજને આર્થિક સહયોગ આપનાર અમારા પોતાના જ ભૂતપૂર્વ અધિકારીનો ધન્યવાદ.

મો. ૯૩૨૨૯ ૫૫૮૮૦


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા-અધા

## વગડામાંથી વહાલપની વસાહતમાં

આજથી આઠેક વર્ષ અગાઉ ''પધારો મ્હારે ઘેર'' શીર્ષક હેઠળ પગદંડીમાં પગમેં ભમરી કૉલમમાં મેં લેખ લખ્યો હતો જેમાં ૨ ઑગસ્ટ, ૨૦૧૪ના વિચરતા સમુદાયના સરાણિયા, રાવલ અને બજાણિયા કોમના ૫૬ પરિવારોને ડીસામાં ઘર પ્રાપ્ત થયાં હતાં તેનું વર્ણન હતું. સરાણિયા કોમના પંચોતેરની વય વટાવી ચૂકેલાં લખીબેન લાખાભાઈના હરખની હેલીમાં ઉચ્ચારાયેલા શબ્દો આજે શુક્રવાર, ૧૩ મે, ૨૦૨૨ના ચોટીલા-રાજકોટ હાઈવે પર ગામ રામપરા-બેટીમાં વાદ–મદારી અને બાવરી કોમના ૬૫ પરિવારોને ઘરો અર્પણ થયાં ત્યારે યાદ આવ્યા. લખીબેનના શબ્દો હતા, ''મું તો આંધળી સું. કથામાં ક્યારેક વાત આવે કે ફલાણા સંતનો મોખ (મોક્ષ) થયો ને ઈમને સરગ (સ્વર્ગ) મલ્યું તારે મું વિચારતી'તી કે સરગ કેવું હશે ઈ તો રામ જાણે, પણ આજે મારો ડીચરો (દીકરો) મને મીત્તલબુને આપેલા ઘરમાં લઈ ગયો અને મું ઘરની ભીંતોને આંખો અડારી તારે લાગ્યું કે હાચું સરગ ઘરને કેવાય. હવે હું કથા હાંભળવા નંઈ જાઉં. અહીં સરગમાં લટાર મારીશ''.

માણસને આહાર પછી સૌથી મોટી જરૂરત રહે છે આવાસની. રોટલો મળે પછી જોઈએ છે ઓટલો. પેટની ક્ષુધાતૃપ્તિ પછી મનની શાંતિ માટે માણસ ઝંખે છે વિશ્રામ માટે ઘર.... પોતીકું ઘર... ચાર દીવાલોનું ઘર, જ્યાં તે પોતાની સલામતી માણી શકે, બેરોકટોક આવન-જાવન કરી શકે. પોતાના ઘરને તાળું મારી ચાવી માણસ ખીસામાં મૂકે છે ત્યારે તે સર્વ સુખો પોતાની પાસે હોવાનો અનુભવ કરે છે. નવનીત નગરના લોકાર્પણ વખતે, સમાજશ્રેષ્ઠીઓ દ્વારા લાભાર્થીઓને એમને ફાળવવામાં આવેલા ફ્લૅટની ચાવીઓ અર્પણ થઈ ત્યારે લાભાર્થી વડીલોની આંખે અશ્રુબિંદુઓ સરી આવ્યાં હતાં અને તેઓને ચાવી અર્પણ કરનાર સમાજશ્રેષ્ઠીઓ દેવદૂત જેવા ભાસ્યા હશે. આ તમામ લાભાર્થીઓ પાસે ઝૂંપડપટ્ટીમાં છતવારું ઘર હશે, લીવ ઍન્ડ લાયસન્સ વ્યવસ્થા હેઠળ મકાનમાં રહેતા હશે, મૌજૂદા ઘર સાંકડું પડતું હશે અને કંઈ નહીં તોય કચ્છમાં વ્યવસ્થિત ઘર હશે. છતાં પણ હવાઉજાશવાળા, નાની-મોટી તમામ સુવિધાઓ ધરાવતા પોતીકા ઘરમાં પ્રવેશવાનો આટલો આનંદ અનુભવ્યો કે આંખે હરખનાં આંસુનાં તોરણ બંધાયા. હવે આપણે કલ્પના કરીએ

કે સાત પેઢી સુધી જેમને ઘર નસીબ ન થયું, જેમણે પેઢી દર પેઢી ધરતીનું પાથરણું કરી આભને ઓઢી જીવન વિતાવ્યું હોય તેમને નાનું, પણ પાકું ઘર મળે તો તેમનો હરખ કેવો અને કેટલો હોય? કદાચ હરખની હેલી આભને આંબી જાય.

વિચરતા સમુદાયની વ્યથા, પરિસ્થિતિ અને સમસ્યાઓથી પગદંડીનો વાચક વર્ગ માહિતગાર છે. છેક સને ૨૦૦૭થી આ સમુદાયો અને એમને માટે ઝનૂનભેર કાર્યશીત મિત્તલ પટેલ વિષે પગદંડીમાં અવારનવાર લખતો રહ્યો છું. વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા થતી કાર્યવાહીને કારણે કોઈ વિશિષ્ટ ઘટના ઘટે, અનોખો અને અનૂઠો કાર્યક્રમ યોજાય, હૃદયને ઝંઝોળી દે એવી વાત બને ત્યારે એ વિષે સાક્ષીભાવે લખતો રહું છું. આ વર્ષના એપ્રિલ મહિનામાં વિચરતા સમુદાયના લોકોની પ્રામાણિકતા અને ઉછીની લીધેલી રકમ પાછી કરવાની માનસિક કટીબદ્ધતા સબબ માઈક્રો ફાઈનાન્સિંગ દ્વારા લાભાન્વિત લોનધારકોના બહુમાનનો કાર્યક્રમ યોજાયો હતો. ૪૫૦૦ પરિવારોને આપવામાં આવેલી લોનના હપ્તાઓ છેલ્લાં ત્રણ વર્ષથી નિયમિતપણે મળતા રહ્યા છે. અને લોન પરત કરનારા એ લોકો છે જેમણે ક્યારેક દિવસ એક ટંક ભોજનથી પસાર કર્યો હોય. ભદ્ર અને ઉચ્ચ સવર્ણ સમાજોને શરમ આવે એવી આ ઘટનાનું આલેખન ‘પગદંડી’ના જુન અંકમાં થયું છે.

મે મહિનાના બે શુક્રવાર ૧૩મી અને ૨૦મી તારીખે બે અનોખા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વિચરતા સમુદાય સમર્થન મંચનાં પંદર વર્ષનાં સતત સંઘર્ષનાં ફળો એ દિવસોએ ચાખવાનાં હતાં. વિચરતા સમુદાયની ૨૮ ન્યાતો પૈકી સૌથી ગરીબ અને દરબદર રઝળતા વાદી (મદારી) અને બાવરી સમુદાયના ૧૫૦ પરિવારોને ઘર પ્રાપ્ત થવાનાં હતાં, ૧૦૦ ઘરોનું ખાતમુહૂર્ત થવાનું હતું અને આશરે એક હજાર પરિવારોની રહેણાકના પોતીકા પ્લૉટની સનદ મળવાની હતી. આની હારોહાર અન્ય ૧૫૦૦ જેટલા પરિવારોની માગણીને સૈધાન્તિક મંજૂરી મળવાની હતી. જે કાર્ય પંદર વર્ષમાં શક્ય બન્યું નહીં એ પાંચેક મહિનામાં થઈ શક્યું.

વિચરતા સમુદાય સમર્થન મંચ સંપૂર્ણપણે રાજકીય પક્ષોની તરફદારીથી પર છે. છતાં છેલ્લા પાંચ મહિના દરમ્યાન સરકારે સંવેદનશીલતા દાખવી કામગીરી કરી છે. એવી કાર્યવાહી કોઈ પણ સરકારે વિચરતા અને વિમુક્ત સમુદાયો માટે નથી કરી, કારણ ગમે તે હોય, પણ નિર્ણયો ઝડપથી લેવાય છે અને કાર્યવાહીમાં વિલંબ નથી થયો એવો અનુભવ થયો છે. VSSM સંસ્થાને શરૂઆતનાં વર્ષો (૨૦૦૭ થી ૨૦૧૨) દરમ્યાન થયેલા કડવા અનુભવો યાદ છે.

આ સમુદાયની અરજીઓ, રજૂઆતો, અન્યાયની વિગતો, માગણીઓ પ્રત્યે

અફસરોનું બેફિકરાઈ અને નકારાત્મક વલણ, સરકારનું ઓરમાયું વર્તન સાહજિક હતું. આ કાળાં ડિબાંગ વાદળો વચ્ચે ગણ્યા ગાંઠ્યા અધિકારીઓ સમુદાયની સમસ્યાઓ પરત્વે સંવેદનશીલ હતા, પરંતુ એ સમુદાયોની ભલાઈ માટે ચીલો ચાતરી સરકાર નીતિ-નિયમો, કાયદાઓ કે ઠરાવો કરતી ન હતી, જેથી લાગણીશીલ અફસરો કોઈ નક્કર કાર્યવાહી કરી શકે. પૂજ્ય મોરારીબાપુની આ સમુદાયો માટેની માનસકથા સને ૨૦૧૦માં માર્ચ મહિનામાં વીરમગામથી ૨૦ કિ. મીટર દૂર એંદલા ગામના વગડામાં યોજવામાં આવી હતી. પૂ. બાપુ પ્રત્યે આદર અને વિવેક દર્શાવવા સરકારનાં પ્રધાનો અને આલા અફસરો કથામાં ઉપસ્થિત હતા ત્યારે મંચ પરથી પૂ. મોરારીબાપુ અને સંસ્થાના આગેવાનો તરફથી વિચરતા સમુદયોની સમસ્યાઓથી તેમને અવગત કરવામાં આવ્યા. એમના વલણમાં થોડી ઋજુતા પણ આવી.

પૂ. મોરારીબાપુને આવકાર આપતાં લેખકે મંચ પરથી કહેલું, ''પૂ. બાપુ, આ આપની ૭૯૫મી રામકથા છે. આપની કથાની સાર્થકતા ત્યારે થશે જ્યારે ઓછામાં ઓછા ૭૯૬ પરિવારોને નિજ ઘરપ્રવેશ કરાવી શકીશું.'' સને ૨૦૦૭ થી ૨૦૧૦ ત્રણ વર્ષમાં માંડ સોએક પરિવારોને સ્વતંત્ર ઘર પ્રાપ્ત થયાં હતાં. અને સંકલ્પ કર્યો હતો. ૭૯૬ પરિવારો માટેનો. ઘરની સમસ્યાના મૂળમાં છે ઘર માટે જમીનની ઉપલબ્ધિ. કોઈ પણ ગ્રામપંચાયત પોતાના ગામવાસીઓ માટે પ્લૉટ ફાળવે, પરંતુ ગામમાં કે ગામની સીમમાં રહેતા વિચરતા સમુદાયોને જમીનના પ્લૉટ આપે નહીં. જમીનોના ભાવો એટલા વધ્યા છે કે ખાનગી જમીન અનુદાનમાં મળે નહીં એટલે સરકારી જમીન પર રહેણાંકના પ્લૉટો મળે એ એક માત્ર આસાન પર્યાય છે. ઉદ્યોગોને બે ચાર મહિનામાં સેંકડો એકર જમીન પાણીના ભાવે પધરાવતી સરકાર પાસે એકાદ વીઘો કે એકાદ એકર જમીન મેળવવા વર્ષો નીકળી જાય અને તે સરકારશ્રી જંત્રીના ભાવે આપે. આ સમુદાયના લોકો માટે ટોકનના ભાવે સરકારશ્રી પાસેથી મેળવવી એ લોઢાના ચણા ચબાવવા જેટલું દુષ્કર કામ છે. VSSM સંસ્થા માટે ૨૦૧૦ થી ૨૦૧૫ ખૂબ સંઘર્ષનાં વર્ષો હતાં. વિચરતા સમુદાય માટે કાર્ય કરવાના, એમનાં જીવનમાં પરિવર્તન માટેનાં નવાંનવાં ક્ષેત્રો ખૂલતાં હતાં. એમની ભટકાવની જિંદગીમાં સ્થિરતા આવે તો એમના માટેના કરવાના કામોમાં સરળતા આવે. સ્થિરતા માટે આવાસ, ઘર મળે એ જરૂરી હતું. સ્થિરતા આવે તો એમનાં બાળકો શિક્ષણ લઈ શકે; તો એમને માટે આજીવિકાના પર્યાયો વિચારી શકાય, તો એમનું સંગઠન બને અને તો જ તેઓ એકજૂટ થઈ શકે અને પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડી શકે. ૨૦૧૦ થી ૨૦૧૫ દરમ્યાન સંસ્થાનાં કાર્યકરોએ પડકારો સામે અવિરત કાર્ય કર્યું, સામા પ્રવાહે તર્યા અને બ્યૂરોક્રસી તથા સરકારી મંત્રીઓ સુધી વિચરતા

સમુદાયોની સમસ્યાઓ લઈ ગયા. પરિણામે ૨૦૧૫ સુધીમાં અંદાજે ૭૫૦ જેટલા પરિવારોને સ્થિર કરી શક્યા. પૂ. મોરારીબાપુ પાસે જાહેર કરેલા સંકલ્પની લગોલગ પહોંચ્યા.

કેંદ્રમાં ૨૦૧૪ પછી નવી સરકાર આવી. છ રાજ્યોના વિચરતા લોકો - NOMADIC TRIBES જેની સંખ્યા આશરે ત્રણેક કરોડની હોઈ શકે તે પ્રત્યે કેંદ્ર સરકારનું ધ્યાન દોરવામાં સફળતા મળી. નવી સરકારે વિચરણ કરતા લોકોની ભલાઈ માટે બોર્ડ - નિગમની ૨૦૧૯માં રચના કરી અને એમાં VSSMને પ્રતિનિધિત્વ મળ્યું. કેંદ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને વિચરતા સમુદાયોની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલતાથી કામ કરવાના નિર્દેશો મળ્યા.

કેંદ્ર સરકારે આ નિગમ દ્વારા દેશભરનાં વિચરણ કરતા સમુદાયો માટે રૂા. ૫૦૦ કરોડ ફાળવ્યા. આનંદની વાત એ હતી કે આ સમુદાયોનાં પ્રશ્નો સીધા પી. એમ. ઑફિસે રજૂ થઈ શકતા હતા. ગઈ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ (૨૦૧૭માં) વખતે રાજકીય દબાણ ઊભું કરવા અને ચૂંટણી લડતા પક્ષોનું ધ્યાન દોરવા પાલનપુરમાં વિચરતા સમુદાયોનું સંમેલન VSSM સંસ્થાએ બોલાવ્યું હતું જેમાં સમુદાયના ત્રીસેક હજાર લોકો હાજર હતા. આ સભામાં હાજર રહેવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ મેદનીને મિત્તલ પટેલે સૂત્ર આપ્યું હતું, ‘‘અમે પણ છીએ.’’ હજારો પોસ્ટરો અને પ્લેકાર્ડ પર આ સૂત્રો સાથે લોકો આવ્યા હતા. આ સૂત્ર પાછળનો ઉદ્દેશ એકમાત્ર સંદેશો રાજકારણીઓને આપવાનો હતો કે અમારી અવગણના કરશો નહીં, અમારું પણ અસ્તિત્વ છે. આ સભા ધારી અસર ઉપજાવી શકી હતી. ચૂંટાયેલી નવી સરકાર પર એમણે આપેલાં વચનોનાં સતત રજૂઆત કરવામાં આવતી હતી અને કેંદ્રીય નિગમનાં પ્રતિનિધિ તરીકે મિત્તલ ભારપૂર્વક રજૂઆતો કરતી હતી. જેને પરિણામે સરકારે આ સમુદાયો માટે જૂદી નીતિઓ (Policy) બનાવી. આવાસ માટેના પ્લૉટો ફાળવવા, ઘર બાંધવા માટે દીનદયાળ ઉપાધ્યાય રહેવાસી યોજના હેઠળ લાભાર્થીને રૂા. એક લાખ વીસ હજારની મદદ આપવા અંગેની કાર્યવાહીઓ થઈ. છએક મહિના અગાઉ ગુજરાતમાં એ જ પાર્ટીની નવી સરકાર આવી અને તે પછી કાર્યવાહીમાં ઘણી ઝડપ આવી ગઈ. ઘણી બાબતોમાં મુખ્ય મંત્રી સ્વયં રસ લેતા હતા. જુદો અભિગમ ધરાવતી સરકારનું વલણ લાભાર્થીને તમામ રીતે મદદરૂપ થવાનું હતું. આ નવી પરિસ્થિતિ ઉભી થતાં સંસ્થાએ પણ સમજદારીપૂર્વક યોગ્ય રજૂઆતો કરી.

ગુજરાતનાં વિચરતા સમુદાયોમાં ૨૮ નાતો છે જેમાં સૌથી ગરીબ નાતોમાં વાદી (મદારી) અને બાવરી નાતો છે. વાદીઓનો એક વ્યવસાય છે સાપ પકડવાનો જે નવા WILD LIFE ACTને કારણે બંધ થઈ ગયો

છે. સડકો પર સાપ-નોળીયા અને વાંદરાઓના ખેલમાં હવે કોઈને રસ નથી. બાવરી કોમ મુખ્યત્વે રસ્તા પર ખૂમચા, પાથરણાં પાથરી શૃંગારની સસ્તા ભાવની આઈટમો વેચતી હોય છે. લોકોનો ટેસ્ટ અને પસંદગી બદલાઈ જતાં એમનો નાનો વ્યવસાય પણ ભાંગી ગયો છે. મૌસમમાં ખેતમજૂરી કરવી અને અન્ય દિવસોમાં ભીખ માગવી એ જ એમની આજીવિકાનાં સાધનો છે. ભાગ્યે જ વાદી-મદારી કે બાવરી કોમનો માણસ કાચી દીવાલ હોય એવું મકાન ધરાવતો હશે. દારુણ ગરીબીમાં જીવતો વાદી પોતાના પરિવારના દરેક સભ્યને ભીખ માગવાના કામમાં જોતરી દે છે. ભીખ માગણ ક્રિયા એમના જીવનમાં તાણાવાણાની માફક વણાઈ ગઈ છે. તેમને સદી ગઈ હતી. તેઓને આ ચક્રવ્યૂહમાંથી બહાર કાઢવા જરૂરી કાર્યવાહી કરવાની હતી.

એકાદ-બે ઘટનાઓ બની જે અત્યંત દુ:ખદ હતી. અમદાવાદમાં પાંચ વાદીઓને બાળકચોર સમજી લોકોએ ઢોરમાર માર્યો. It was Moblynching. પાંચ વાદીઓથી બે જણાને અપંગતા આવી, બે ઢોરમારમાંથી છટકી ગયા અને એક મૃત્યુશરણ થયો. મિત્તલે ગુજરાતભરમાં બે-અઢી લાખની વસ્તી ધરાવતા વાદીઓના મુખીયાઓને અમદાવાદ બોલાવ્યા. ત્રણેક દિવસ પછી પાંચ હજાર વાદીઓ, એકાદ હજાર અન્ય વિચરતા સમુદાયો અને ભદ્ર ભણેલા લોકોએ અમદાવાદમાં માનવ સાંકળ (Human Chain) રચી શાંત સત્યાગ્રહ કર્યો. વાદીઓના હાથમાં બેનરો હતાં, ''અમે ચોર નથી, ભિખારી છીએ''; ''અમને ભીખ ભલે ન આપો, પણ ઢોરમાર ન આપો.'' વાદી સમુદાયોના મુખીયાઓને સંબોધી મિત્તલે કહ્યું કે, હવે તમે સ્થિર થાઓ, રખડવાનું-ભીખ માગવાનું બંધ કરો. આપણે સરકાર પાસે પ્લૉટોની માગણીઓ મૂકીએ અને સાથે સાથે નિર્ણય લઈએ કે કામ કરીશું, મજૂરી કરીશું, પણ ભીખ નહીં માગીએ,'' આવી ઘટના રાજકોટમાં બની હતી. માત્ર ચોરીની શંકાને આધારે વાદીને પોલીસ પકડી ગઈ. કબુલાત માટે પોલીસ થર્ડ ડીગ્રી વાપરે તે અગાઉ VSSM સંસ્થાના કાર્યકરો પહોંચી ગયા અને વાદીને એમાંથી બચાવ્યો. એ ઘટના અનુસંધાને એકત્રિત સમુદાયને મિત્તલે એ જ વાત કરી કે ભટકવાનું બંધ કરો, સરકાર પાસે આવાસોની માગણી મૂકો.

૨૦૧૯થી બદલાયેલા રાજકીય વાતાવરણને કારણે ગરીબી સ્તરે અને એની નીચે જીવતા પરિવારો માટે સરકારનું હકારાત્મક વલણ થયું. રાજકોટ જિલ્લામાં વાદીઓની વસ્તી છે અને બહુધા તેઓ જિલ્લાનાં વગડા વિસ્તારમાં ઝૂંપડાં બાંધી રહેતા હોય છે જેમાં પાણી કે લાઈટની કોઈ સુવિધા નહીં. સરકારશ્રીએ આ સમુદાય માટે ચોટીલાથી આઠ-દશ કિ. મીટર દૂર રામપરા-બેટી ગામમાં, હાઈવેને અડીને ૨૦૦ જેટલા પ્લૉટો ફાળવ્યા જે પૈકી ૬૫ ઘરો

તૈયાર થઈ ગયાં. ૬૫ ઘરોનું લાભાર્થીઓને અપર્ણ ૧૩ મે, ૨૦૨૨ના રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શુભહસ્તે કરવાનું નક્કી થયું અને એ અર્પણવિધિ માટે સુંદર શબ્દોનું પ્રયોજન થયું- **''વગડામાંથી વહાલપની વસાહત''** મિત્તલનો આગ્રહ હતો કે આ સમારોહમાં મારે હાજરી આપવાની. ભોજાયથી ચોટીલા માટે વાહન હોય તોપણ ખાસ્સી સાત કલાકની મુસાફરી અને દિવસનું તાપમાન ૪૫ ડિગ્રી મનોમન નક્કી કર્યું કે મારે હાજરી આપવી અને તે માટે આગલા દિવસે મોડી સાંજે ચોટીલાના જલારામ મંદિરના ગેસ્ટ હાઉસ પહોંચી ગયા. બીજા દિવસે પ્રોગ્રામ શરૂ થાય તે અગાઉ વહાલપની વસાહતમાં પહોંચી ગયા અને મનભેર આ આયોજન સાથે સંલગ્ન મનેખોને મળ્યા જે એક નોખો અનુભવ હતો.

સૌથી પહેલી મુલાકાત થઈ આર્કિટેક્ટ ટીમ ઉજમસીભાઈ અને જયેશભાઈની VSSM સંસ્થાના પ્રામાણિક અને પરમાર્થી ઉદ્દેશો સાથે તેઓએ પોતાની જાતને સાંકળી છે એટલે સંસ્થાનાં તમામ કામો વ્યાવસાયિક ધોરણે ન કરતાં ન નફો ન નુકસાન અને ક્યારેક ગાંઠના ગોપીચંદન ઘસીને કરે છે. એમના કહેવા મુજબ સરકારે આ જમીન આપી ત્યારે પ્રથમ દૃષ્ટિએ અમને લાગ્યું કે અહીં ઘરો બનાવવા અશક્ય છે કારણકે ખડકાળ જમીને સમથળ કરવામાં જ બજેટ વપરાઈ જશે, પરંતુ કામ તો કરવું હતું, એટલે થઈ ગયું અને તેથી હવે એવો વિશ્વાસ પ્રાપ્ત થયો છે કે વહાલપની વસાહતો તો ગમે ત્યાં ઊભી થઈ શકશે.

અમે જેટલાં ઘરોની મુલાકાત લીધી તેમાં દરેક લાભાર્થીએ આંગણે સાથિયા પૂર્યા પહેલાં ઈલેક્ટ્રિક મીટર અને પાણીના નળને અક્ષત તિલકથી પોંખ્યાં હતાં. જીવનમાં પહેલી વખત પોતાનાં રહેણાકોમાં પાણી અને પ્રકાશ પધાર્યાં હતાં. એક લાભાર્થીની બે દીકરીઓનાં લગ્ન આજે સાંજે લેવાનાં હતાં એટલે વસાહતમાં આનંદ, ઉલ્હાસ અને ઉમંગનું વાતાવરણ હતું. આજે સૌને લીસી સપાટી પર પાથરણું કરી બેસવાનું હતું. રામાભાઈ વાદી કહે અમારે આંગણે આજે દીકરીઓના માંડવા બંધાશે.... જે અત્તારલગી હાત પેઢીએ નસીબ ન હતું. અમારે આજે બે માતાઓનાં પોંખણાં કરવાનાં છે. એક કુળદેવી મેલડી મા અને એક કુળતારક મિત્તલબુન જે સવાઈમા છે. સમારોહનાં શમિયાણામાં પાંચેક હજાર વાદી-મદારી અને બાવરી સમુદાયના લોકો હતા જ્યારે અન્ય વિચરતા સમુદાયોના એકાદ હજાર માણસો હતા. મિત્તલનું સાડા ત્રણ મિનિટનું ઉદ્‌બોધન પ્રેરક હતું, હૃદયના ઊંડાણેથી ઉભરતી લાગણીઓથી સભર હતું. એણે વાદી-બાવરી સમુદાયોને સંબોધન કરતી વખતે ભૂલથી પણ ''તમે'' શબ્દનો પ્રયોગ નહોતો કર્યો.... એની જીવ્હાએ એક જ શબ્દ

આવતો હતો. ''આપણો''. મિત્તલ વિચરતા સમુદાયો સાથે કામ કરતાં એટલી ઓતપ્રોત થઈ ગઈ છે કે એણે પોતાની ઓળખ આ સમુદાયો સાથે સંપૂર્ણપણે પ્રસ્થાપિત કરી દીધી છે. આ સમારોહની ફળશ્રુતી એ હતી કે એ દિવસે ૧૦૦ નવાં ઘરોનું ખાતમુર્હૂત થયું અને ત્રણસોથી વધારે પરિવારો માટે નવા પ્લૉટોની ફાળવણી થઈ

બરોબર એક અઠવાડિયા પછી, શુક્રવાર, ૨૦ મે, ૨૦૨૨ના બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાનાં કાંકર ગામે આવો જ કાર્યક્રમ યોજાયો હતો જ્યારે મુખ્ય મંત્રીના હાથે વાદી-બાવરી સમુદાયના એકસો પરિવારોનાં ઘરોનું લોકાર્પણ થવાનું હતું. સાથેસાથે વિચરતા વડીલોની સાથે એમનાં બાળકો રખડે નહીં અને સ્થિર થઈ શિક્ષણ મેળવે તે માટે ૨૦૦ વિદ્યાર્થીઓની હૉસ્ટેલ શાળાનો ઉદ્‌ઘાટનવિધિ પણ સંપન્ન થવાનો હતો. મારા મનમાં તલપ જાગી હતી કે ભોજાયની આઠ કલાકની મુસાફરી કરી કાંકર પહોંચી જાઉં, પરંતુ એ શક્ય ન બન્યું.

ઘરોનો અર્પણવિધિ કાર્યક્રમ શુક્રવાર, ૨૦ મે, ૨૦૨૨ના સાંજે ૪ વાગે થવાનો હતો, પરંતુ મેદની તો બપોરના ૧૨ વાગાથી ભેગી થવા લાગી હતી. બનાસકાંઠાનું વહીવટી તંત્ર માનતું હતું કે આશરે ત્રણેક હજાર લોક ભેગું થશે અને અમને સૌને વિશ્વાસ હતો કે હરખ વ્યક્ત કરવા દશેક હજાર લોકો ભેગા થશે અને અમારો વિશ્વાસ કાયમ રહ્યો. કાંકર ગામ સુધીના તમામ રસ્તાઓ માણસોથી ઊભરાતા હતા. વહીવટી તંત્રની સૌ વ્યવસ્થાઓ ઓછી પડી. અમારા ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈએ ''આંખો દેખ્યો અહેવાલ'' મારી પાસે ફોન પર આપ્યો. દસ હજારની મેદની સામે જીલ્લા વહીવટી તંત્રે બનાસકાંઠા વિસ્તારના વિચરતા સમુદાયો માટે કરવામાં આવેલી કામગીરીનો હિસાબ આપ્યો (વિચરણ કરતા લોકોની સંખ્યા સૌથી વધારે બનાસકાંઠા જિલ્લામાં છે). સરકારશ્રી તરફથી ૯૯૦ પરિવારો માટે નવા પ્લૉટોની ફાળવણી કરવામાં આવી છે અને આશરે દશ હજાર પરિવારોને રાશન કાર્ડ, BPL કાર્ડ, ચૂંટણી કાર્ડ, અપાયાં છે તથા સરકારી સહાય યોજના હેઠળ વિધવા સહાય, અપંગ સહાય, નિરાધાર સહાય ઈત્યાદિ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે. વિચરતા સમુદાયનાં સંઘર્ષના ઈતિહાસમાં ૨૦ મે, ૨૦૨૨નો દિવસ સુર્વણ અક્ષરે અંકિત થઈ ગયો.

આપણે આ સમુદાયને; સૌથી છેવાડેના લોકોને કઈ રીતે મદદરૂપ થઈ શકીએ ? પરિવારોને પ્લૉટો મળ્યા અને ઘરસહાય તરીકે દિનદયાળ આવાસ યોજના અન્વયે રૂા. એક લાખ વીસ હજાર મળશે જ્યારે ઘર બાંધવાનો ખર્ચ રૂા. અઢી લાખ આવશે. લાભાર્થી શ્રમદાન અને અન્ય સ્વરૂપે રૂા. ત્રીસેક હજાર જમા કરશે. સાત પેઢીએ પ્રાપ્ત થનાર એક ઘર માટે રૂા. એક લાખ ખૂટે છે. આપની નાની-મોટી રકમ ગોવર્ધન પર્વતને ઊંચકવામાં મદદ કરશે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

# કોરીકુબો

✻ ડૉ. ગિરીશ વીછીવોરા ✻

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન. આંધળામાં કાણો રાજા. લાગે છે આવી ઘણીબધી કહેવતો, કોરીકુબા જેવા માંડ હજારેક ફૂટ ઊંચા, ડુંગરની ડિગ્રી મેળવેલા, એના હવાતિયા, હાવભાવ ને હસ્તક્ષેપથી હચમચી કોઈ હેરાનપરેશાન થયેલાએ જ શોધી કાઢી હશે. એની આજુબાજુ ટેકરીઓનું સામ્રાજ્ય. ટેકરીઓથી ઘેરાયેલો, મારો બેટો પોતાને ગોપીઓથી ઘેરાયેલો કહાન સમજે તો ભલે સમજે. અહીં કોને કોઈની પરવા છે. છતાં ગાઈ-વગાડી એના નગારા આખા સીમાડામાં પીટે ત્યારે સીમાડો સહેજે સળવળે. ગ્રામમ્ અર્થે સર્વમ્ ત્યજેત્ બહુમતીને શિરોમાન્ય કરવી એ લોકશાહીના મંત્રને આ જૂના જમાનાનો બૂઢો, બેહાલ ન બેરહમ ક્યાંથી સમજે. ફળસ્વરૂપ એના પરિસરમાં એના ભાઈભાંડુ એની અવળ ચંડાઈની ઈર્ષા કરે, અમ છોકરડાઓ તો એની સામે રીતસર દાંતિયા કાઢી જોઈએ. જોયો મોટો બેટમજી. દોઢ વેંત વધુ ઊંચાઈ મળી તો પોતાને લાટસાહેબ સમજતો લાગે છે. એનો જોઈ લઈશું. હર કોટડાવાસીના બચપણની ઉમેદ હોય એને સર કરવાની ને સમય વર્તે સર કરે જ.

‘ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ધુમસે પહાડ સરખો; દયારામ, ન્હાનાલાલ કે નર્મદ આપણા કોઈ જૂના કવિના રોમહર્ષની આ પેદાશ. કબીરવડ નર્મદાને સામે કિનારેથી ન ભૂરો દેખાય છે, ન ઝાંખો દેખાય છે ને પહાડના પડછાયામાં પણ એ બેસી શકે એવો નથી. છતાં કવિની ફરજ છે કે ઉપમા આપવી. અતિશયોક્તિ ન કરે તો કવિનો કવિકર્મ લજાય. બહુધા લોકો કવિને મોટા મને માફ કરી દેતા હોય છે. કોરીકુબો કોટડાગામના પાદરથી ચોખ્ખો ચણાક દેખાય. ખાસ કરીને એનું ઉપલું શિખર. શિખર શંકુ આકારનું. બહુધા ઝાડપાનરહિત. ઉપલા શિખરને જોઈને આપણા એક અદ્વિતીય વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈને એમણે શરૂઆતમાં ચડાવેલા રૉકેટ યાદ આવે. રૉકેટની શંકુ આકારની અણી જે ટોચ હોય તેવી જ હોય કોરીકુબો ડુંગરની. કોટડાની પૂર્વ દિશામાં એટલે એની પશ્ચિમ બાજુ બરાબર દેખાય. એના પર એક મોટું વિચિત્ર ધાબું હંમેશાં બધાને વિચારતા કરી મૂકે. ધાબું એટલે ધાબું. વનસ્પતિનું નામ નહિ. દુકળ કાળા, કરકરા નાના-મોટા પથરા પથરાઈ પથરાળ પ્રદેશ ઉપસાવતા રહે. કોઈક કહેતું, ત્યાં વીજળી ત્રાટકી હશે એટલે એ ત્યાં ટકલું થઈ

ગયો છે જે હોય તે, પણ ત્રીજા-ચોથા ધોરણમાં ભણતા ગામની ગામઠી લાઈબ્રેરીમાં 'સરસ્વતીચંદ્ર' ચાર ભાગ જોયા ને લુશલુશ વાંચી ગયેલો તેમાંની થોડીક કવિતા હંમેશાં યાદ રહી ગઈ છે. 'મોટા નાના છે મોટામાં, તો નાના પણ મોટા; વ્યોમદીપ, રવિ નભબિંદુ તો ઘરદીવડા શા ખોય!' વાંચી પ્રથમ તો વિમાસણ થઈ ગો.મા. ત્રિપાઠી માટે થયું, એમણે નાહક નાના-મોટાનું ઝાળું ઊભું કર્યું છે. સ્વસ્થ મને વિચાર્યું ને ઘેડ બેઠી કે એકાએક કોરીકુબો ડુંગર યાદ આવેલો નાની ટેકરીઓમાં કોરીકુબો મોટો, પણ એનાથી ઘણો મોટો ને ઊંચો નનામો ડુંગર પણ (કામાય) ઈશાન ખૂણામાં કોટડાના પાદરથી દીસતો ને એને સર કરવાના મનોરથ મનોમન પાંગરતા હતા. શરૂઆતમાં કહ્યું તેમ કોરીકુબો 'આંધળામાં કાણો રાજા' હોય તેમ રાજી જ છે.

કોરીકુબા પર આરોહણ કદાચ અડધો ડઝન વખત થયું હશે. પ્રથમ દસેક વર્ષની ઉંમરે. છેલ્લું મેટ્રિકની પરીક્ષા આપી ગામમાં હરાયા ઢોરની જેમ રખડતા અમ ભેરુઓએ ભરબપોરે દોડતાંદોડતાં જ એને સર કરેલો ને તરસથી ગળું સૂકું ભઠ્ઠ થઈ ગયેલું તેમાંથી છુટવા હડકાયાં કૂતરાની જેમ દોડતા રસ્તા પર પાછા પહોંચ્યા કે એક ગ્રામવાસી દેવપુરથી કોટડે આવતો જોયો. એને ખભે ખડિયો. ખડિયામાં દેવપુરના પ્રખ્યાત મીઠામધ જેવા સફેદ કલિંગર. પેલો સમજ્યો અમારી હાલત. ખડિયો ખરડાયો ને ચારેક કલિંગરનો ચૂરમો પેટમાં પધારાવ્યો.

છતાં એના પરનું પ્રથમ આરોહણ, પ્રથમ મિલન જેટલું જ રોમાંચિત ને રોચક છે. ગામનું પાદર છોડી ચાર ડગલાં ચાલ્યાં કે અડાબીડ જંગલ શરૂ થઈ જાય. બાવળ ને ખેર મુખ્ય, ગંજાવર. એના છાંયડામાં ભરબપોરે કોઈ રાની પ્રાણી જીભ લબકારતો આરામ કરતો દીસવો સામાન્ય વાત હતી.

'સન'ના વહેતા વહેળામાં પગ પલાળી એ ઉપવનની શોભાની ઐસી તૈસી કરી આગળ વધ્યા અમારા લક્ષ્યસ્થાને. બન્ને બાજુએ ઊંચી કરાડ, વચમાં વહેતી રહે વિકટ વાટ. જરાક આગળ વધ્યા કે સામે જ દેખાયો ચૂનો પકવવાનો 'ખુરો'-ભઠ્ઠી. આગલા દિવસની સાંજે શરૂ થઈ હોય તે હજી પૂરેપૂરી ઓલવાઈ નહિ હોય. દરેકના હાથમાં લાકડી હોય. જોડા પહેરવા ત્યારે કાયરતાની નિશાની ગણાતી. બહુધા ઉઘાડપગા અમે કાંટા કે બાવળના શૂળની પરવા નહોતા કરતા.

લાકડીઓ ઠપકારતા, જોરે-શોરથી વાતો કરતા ચાલતા હતા. અમારામાંના બે જણ અમારા ભોમિયા હતા. એમણે પહેલા આરોહણ કરેલું. દેવપુર જતી વાટમાંથી ડાબી તરફ એક પગથાર ફૂટે. એ પગથારને પકડી

ચાલતા રહીએ તો કોરીકુબાના સાંનિધ્યને થોડાક જ સમયમાં માણવાની નોબત વાગે.

પગથાર એટલે શહેરના રસ્તાની કોરે વહેતા ફૂટપાથ જેવી સુંવાળી, લીસી, ખાડાટેકરા રહિત પગદંડી નહિ જ. પથરા વિનાની જગા પગથાર પર ગોતવી મુશ્કેલ. બીજી રીતે કહું તો પથરા પર જ ચાલવાનું. પગ પથરા પર બરાબર ન પડ્યો, પથરો હલ્યો ને તમે ભૂમિગત થયા તો કોઈ પથ્થર તમને Sorry કહેવાનો નથી. જંગલનો કાયદો એટલે તમતમારે સંભાળવાનું. કોઈ પર ભરોસો પૂરેપૂરો ન મૂકી શકાય.

પારકી આસ, સદા નિરાશ. ચાલતાંચાલતાં વૃક્ષાવલિઓ તમારા દર્શને હેતના હેલારે ચડે, વિંટળાઈ વળે, ક્યારેક ઉઝરડા પણ થાય તો ઉઝરડાને ભૂલી હેતના હેલારાને હૈયામાં ભરવું. એમ કરાય તો જ અરણ્યના એક અંશ થવાનું બહુમાન મળે.

ચઢાણની શરૂઆત સાવ સહજ રીતે થઈ. ગાડા વાટે નીસરતા ક્યાંક ચઢાણ ને ઉતરણ આવે જ. થયું, આ તો રોજનું છે. એમાં કયો મોટો મીર મારવાનો હતો! આગળની વાસ્તવિકતાથી બેખબર અમે અમારામાં ગુલતાન હતા.

ચઢાણ પર સરતાંસરતાં આગળ વધતા રહ્યા. ડાબી બાજુ ડુંગરની કરાડ, જમણી તરફ ખીણ. ખીણની વનરાઈ મોં વકાસી તમને જોતી રહે. દોડધામ કરવાથી શ્વાસ ચડે તેની ખબર હતી. આ કપરા ચઢાણે શ્વાસ હેઠો ન બેસે એ નવી નવાઈ જેવું હતું. ચડતાંચડતાં થોડી વારમાં જરા સમતળ જગા આવી. વનરાઈ જરા આઘી ગઈ. બધા પોરો ખાવા બેઠા. પાણી સાથે આણ્યું હોય તો જ પીવાય ને! અમારા સરદારે હવે પછીના ચઢાણની વાત કરી. સામે દેખાતી એકદમ સીધી ઊંચી કરાડ. તે પર વહી જતી દેખાતી પાતળી રેખાસી કેડી વૃક્ષાવલિની વિદાય ને ડુંગરની ટોચે બેઠલી દેરીની જરાક ઝાંખી અમને થઈ. સરદારે સંભાળીને આગળ વધવાની તાકીદ કરી. ઉમેર્યું. કેડી પરથી જરાક સરકયા, આડા-અવળા વળ્યા કે ક્યાંક નીચે બેઠેલા ચિત્તાને બગાસું ખાતાં.

મોંમાં પતાસું પડ્યું એમ પડશો. હવે સાવધ થઈ જવાનો હુકમ અપાઈ ચૂક્યો હતો.

કેડી પર એક પાછળ એક - એકએકની હારમાં ચડતા રહ્યા. જરાક ચડીએ કે હાંફ ચડે. પરસેવે રેબઝેબ. જરાક વારમાં તો, લાકડીને સહારે ટટ્ટાર ચાલવાનું અશક્ય લાગ્યું. સરદારે હુકમ કર્યો, લાકડી હાથમાં રાખી હાથ, પગ વાપરતાં- ચોપગા થઈ ચડો. એમ ચડતાંચડતાં શ્વાસ ભરાયો તે તો ઠીક, ગભરાટ વછૂટી ગયો. માર્યા ઠાર ક્યાંક પગ સર્યો તો! ઉપર જોવાનું તો વિસરાઈ જ ગયું. ઢસડાતાંઢસડાતાં ઉપર ચડતા હતા કે સરદારની હાકલ સાંભળી હૈયું

હિલોળે ચડ્યું. સરદારે ચોટી સર કરી લીધી હતી. અમને આસ્તેઆસ્તે આવવાનું કહી પોતે દમામથી ઊભો હતો.

ટોચે પહોંચી એના પર પગ પછાડ્યા. છેવટે સાલ્લો સર થયો. જરાક વારમાં જ થાક ગાયબ થઈ ગયો. પવન વાતો હતો. અમને પ્રફુલ્લિત કરતો હતો. છેવટે અમે આજુબાજુનાં દશ્યોનું વિહંગાવલોકન કરવાનું શરૂ કર્યું.

નીચે જ સર્પાકારે વહી જતી વાટ, ઝાડી વચ્ચે વિચરતી કોરીકટ નદી, ખેતરો, વાડી ગામના ઘર, મંદિર ને બંગલા બધાં ઢૂંકળાં હતાં. ચારેકોર નજર ફેરવો, કંઈ ને કંઈ જોયેલું એક નવા જ દૃષ્ટિકોણથી જોવા મળે 'જ્યાંજ્યાં મારી નજર ઠરે, યાદી ભરી છે આપની.' ગાનાર કલાપીની ત્યારે કોને ખબર હતી. આડવાત કહું તો રોહાજાગીરના કલાપી જમાઈ. કોટડે કલાપી ચોક્કસ આવ્યા જ હશે. બધી દિશાઓ જોઈ લીધી. રહી ગઈ પૂર્વ દિશા. એ તરફ વળ્યા કે થોડેક સુધી ડુંગર સાવ નાગો. ત્યાર બાદ શરૂ થાય બિહામણું જંગલ. કરાડ સાવ સીધી ભીંત જેવી. પગ લપશ્યો કે નીચે લટકો કોઈ ઝાડની ડાળી પર. હૃદય ધબકારો ચૂકી ગયું. પછી તો આવી બિહામણી કરાડો ચિત્તોડ, માંડુ સિંહગઢ જેવાં ઘણાં સ્થળોએ જોઈ. એ જોતાં કોરીકુબો યાદ આવે. નિરંજને કહ્યું જ છે ને કે, 'હેમારે વટ પોગો નિરંજન, ધિણાધર સંભરન'. ગમે ત્યાં જઈએ, આપણે આપણા મૂળ સાથે લઈ જતા જ હોઈએ છીએ. ઉપર જગા સાવ થોડી. તેની વચમાં કોઈ દેવને સંઘરતી દેરી. હલનચલન મુશ્કેલ થયું. જરાક મેદાન જેવું હોત તો રમવાની મજા પડત.

નીચે ઊતરતાં નજર ફરી પેલા પથરાળ, વનસ્પતિરહિત ધાબા પર. પથરા સિવાય ત્યાં કંઇ નોં'તું. એની નજદીક જઈ એના પર પગ મૂકવું અશક્ય હતું.

ઊતરતાં વધુ સંભાળ રાખવી પડે. ઊતર્યા. પગથારે અમનો વાટભોગા કર્યા, વાટે પહોંચાડ્યા ગામનો પાદર. ત્યાંથી ફરી અહોભાવથી કોરીકુબા ડુંગરને સજળ નયને જોતા રહ્યા.

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ

૧ **પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજનવાડી
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯

૨ **ઈમેલ** - pagdandi@kvoss.org

૩ **વોટ્સ ઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# ભમરો ઊડે રે રંગમોલમાં રે

ડૉ. ગુલાબ દેઢિયા

પજવનારા તો ઘણા હોય છે, પણ જ્યારે કોઈ ગીતની કડી પજવે છે ત્યારે તો મનનો કબજો લઈ લે છે. એકાએક, કોઈ કારણ વગર, કોઈ સંદર્ભ વગર ગીતની એક લીટીનો ચમકારો મનમાં થાય છે. જીભ એને ઝીલી લે છે. પત્યું. પછી તો દિવસભર હજાર કામ કરતાંકરતાં એ ગીતપંક્તિ કેડો નથી છોડતી. ગણગણતો રહું છું. મોટેથી આલાપીય દઉં છું.

'ભમરો ઊડે રે રંગમોલમાં રે' આ લીટી બોલતો જ રહું છું. સાંભળતો જ રહું છું. સાંભળતો જ રહું છું. જોતો જ રહું છું. અગાઉ આ પંક્તિના જાદુની ખબર નહોતી. આ પંક્તિ ખરી ચિત્રાત્મક છે. રંગમહેલમાં ભમરો ઊડે છે. પણ ભમરો ક્યારે ઊડે? રંગમોલ કંઈ અમથુંઅમથું મહાનગરનું કોઈ મકાન થોડું છે! એ તો બાગ બગીચાથી વીંટળાયેલો મહેલ છે. બાગમાં ફૂલો છે, ભમરા ત્યાં આવ્યા છે, સુખવૈભવની વાત વગર તો લગ્નગીતોને ક્યાંથી ચાલે? એ ગીતમાં આગળ વાત તો કુટુંબપ્રેમની આવે છે. 'કાકા આવ્યા નો મામા આવશે, દાદા વિના તે કેમ ચાલશે?' લગ્નના ઓચ્છવમાં સ્વજનો વગર નહિ ચાલે એ ભાવ મનને પુલકિત કરી દે છે.

આ ગીત ગાવાની જે હલક છે તે આપણને ઘાયલ કરી દે છે.

*ભમરો ઊડે રે રંગમોલમાં રે*
*ઊડે રે અબીલ ગુલાલ.*
*કેસરિયો મારો બાલક પરણે છે આજ...*

ઘણાંખરાં લગ્નગીતમાં ધ્રુવપંક્તિમાં તો ઊર્મિ કાવ્યની ઝલક હોય છે. લગ્નના પ્રસંગનો ઉમંગ કેવો છે તે વર્ણવતી આ પંક્તિઓ કેવી છે!

*માંડવડામાં ઊડે રે ગુલાલ,*
*જાન્યુમાં ઊડે રે રાતા કસુંબા હો રાજ*

ગુલાલ અને કસુંબાનો મદમાતો રંગ વૈભવ પ્રસંગમાં સહભાગી થનારની ખુશીને વ્યક્ત કરે છે.

તમે એકસાથે કેટલા મોરનો ટહુકતા સાંભળ્યા છે? એ કેકારવનો શો પ્રભાવ પડ્યો

છે ? વનભરીને મોર બોલે ત્યારે હૈયું હાથ રહે ખરું !

*બોલ્યા બોલ્યા નંદનવનના મોર*
*બપૈયાએ દીધાં રે વરનાં વધામણાં રે લોલ.*

લગ્નગીતોમાં પ્રકૃતિ પુરબહારમાં છે. લોકગીતોને પ્રકૃતિ વગર ક્યાંથી ચાલે ? પર્યાવરણપ્રેમીઓને ગમી જાય એવી વાતો તો આપણા લગ્નગીતોએ ડગલે ને પગલે કરી છે. લોકસાહિત્ય પ્રકૃતિ વચ્ચે જ પાંગર્યું હતું.

*જેને તે આંગણ પીપળો*
*તેનો તે ધન અવતાર*
*સાંજ સવારે પૂજીએં*
*જો પૂજ્યા હોય મોરાર.*

ઘરને આંગણું હોય, આંગણામાં વૃક્ષ હોય તેનો અવતાર ધન્ય થઈ ગયો એવું લોકકવિ કહે છે. હવે તો પૂજવા માટે પણ પીપળા ક્યાં મળશે ?

લગ્નના આનંદનો કવિએ વસ્ત્ર-આભૂષણોથી વ્યક્ત કરી નારીના મનોભાવને વ્યક્ત કરવામાં કવિતા જ કરી છે.

*રાતા તે રંગનો ચૂડલો*
*કોરો તે કમખો હાથ*
*ઘરચોળે ઘડ્ય ભાંગીએં*
*જો પૂજ્યા હોય મોરાર.*

હળવેહળવે ઘરચોળાની ઘડ ઉકેલતાંની સાથે જ અવસરનો આનંદ ઊછળી પડે. વસ્ત્ર ધારણ કરીએ છીએ. એ ધારણ કરતી વખતે એની ગડી ખોલીએ છીએ, પણ દરેક વખતે ગડી ઉકેલતાં ક્યા પ્રસંગ માટે વસ્ત્રો પહેરીએ છીએ તે સ્મરણો નથી ચડતું, પણ લગ્નના પ્રસંગમાં મહાલવા જનાર નારી તો ઘરચોળાને પહેરતાં જ અવસરના ઉલ્લાસમાં આવી જાય છે. જીવનમાં પ્રસંગ પ્રમાણે વસ્ત્રો, પણ વસ્ત્રોને અનુરૂપ ભાવ દરેક વખતે હોય છે ખરો !

મોસાળું મોડું પડે ત્યારે ભાઈની વાટ જોતી બહેનની શું સ્થિતિ થતી હશે ? લગ્નગીતમાં માનસશાસ્ત્રીય આબેહૂબ ચિત્ર ઝીલાયું છે.

*ચોક વચ્ચે તે ચંપો રોપીઓ*
*હું ઊંચી ચડું ને નીચે ઉતરું રે.*
*જોઉં હું તો માડી જાયાની વાટ*
*માનો જાયો વસે વેગળો રે.*

એક તરફ ચંપાની સુગંધ જેવી પ્રસંગની ખુશી અને બીજી તરફ રઘવાટ. એનોય અંત આવ્યો, ચમત્કાર થયો.

*રણમાં ઊડે ઝીણી ખેય રે*
*ઝબૂક્યાં ધોરી કેરાં શીંગડાં રે.*

દૂરથી ધૂળ ઊડતી દેખાય છે. બળદોનાં શીંગડાં ચમકે છે. મોસાળું આવે છે. સૌ સારાં

વાનાં થાય છે. લગ્નગીતની એક પંક્તિમાં પણ ચિત્રનો અણસાર મળે, રંગની ઝલક મળે, એક લસરકો, એક તાજગી.

રામસીતાનાં લગ્નને લગ્નગીતમાં કેટલા વિરાટ ફલક પર આલેખવામાં આવે છે. રસકવિ નાનાલાલ યાદ આવે.

***વનની ચોરી ચીતરી રામૈયા રામ,***
***ધરતીના કીધા બાજોઠ રે રામૈયા રામ.***
***આભનો નાખ્યો માંડવો રામૈયા રામ,***
***વીજળીની કીધી વરમાળ રે રામૈયા રામ.***
***નવલખ તારા જોઈ રિયા રામૈયા રામ,***
***પરણે પરણે સીતાને શ્રીરામ રે રામૈયા રામ.***

લગ્નગીતોમાં મહેકતી કવિતાને માણવા જેવી છે. લગ્નગીતોના ઢાળ, લય, હલકને માણવા લગ્નનો અવસર ન હોય તોપણ સુરીલા કંઠ હોય તેમની પાસેથી આ ગીતો વૃંદગાનમાં સાંભળવા જેવાં છે. સંગીતની કોઈ સમજ વગર પણ બહેનો જે દેશી ઢાળથી લગ્નગીતો ગાય છે તે ઊર્મિઓ હૃદયને ભાવનાથી ભરી દે છે. નિરાંતનો સમય હોય, કુટુંબમેળો જામ્યો હોય ત્યારે લગ્નગીતોની રમઝટ રેલાય છે અને વગર અવસરે, વગર માંડવે, વગર તોરણિયે આનંદોચ્છવ જામે છે.

લગ્નના પ્રસંગે સૌ સૌના મનમાં અનેક લાગણીઓ ઊભરાય છે. એ સૂક્ષ્મ લાગણીઓ લગ્નગીતોમાં હૂબહૂ ઝીલાયાનું જેવા મળે છે.

ઊથલો જોવો છે? આનંદની છોળો ઊછળતી હોય, સાજન-મહાજન રંગેચંગે મહાલતું હોય, રૂપ, રસ, ગંધ, શ્રવણનો થાળ છલોછલ હોય ત્યાં વિરહનો વિંઝણો વિંઝાય અને કરુણ ગઢ જીતી લે. આનંદની સામે જ કરુણ એવી ધાર કાઢે કે હૈયું હાથ ન રહે.

કન્યાવિદાયનાં લગ્નગીતોમાં વિયોગ કેવી કરુણારસભરી કવિતા સર્જે છે.

ગીતની અંદર સંવાદ છે. એક તરફ હોંશીલી, ઉતાવળી, રાજી થતી જાનમાં આવેલ સ્ત્રીઓ ગાય છે:

***ઢોલીડા તો વાજ્યા લાડી ચાલો***
***આપણે ઘેર રે.***

ઢોલનું ધડુકવું અને આનંદના ઊંચા સ્વરો તે વચ્ચે પિયરથી વિદાય લેતી કન્યાની વિનવણી : પ્રવાહ વચ્ચે તરણું.

***ઘડીક રયો તો માગું મારી માતા***
***પાસે શીખ રે,***

મનની અનુભૂતિને આટલા સરળ શબ્દોમાં લાઘવપૂર્વક રજૂ કરવાની કળા લગ્નગીતો પાસે છે, એ વિરહગીતો પર વારી જવાય છે. એકલા બેઠા હોઈએ, સાંજ ઊતરતી હોય, એ વિદાયગીતો ગણગણીએ, સાંભળીએ તો

મનમાં જામેલી ગરવની ખોટી ભેખડો ખરી પડે, હુંકારનો ફૂંફાડો થોડો નરમ પડે.

ગાડામાં બેસીને પિયરની સીમમાંથી પસાર થતી કન્યાને શું શાંભરે છે ? લગ્નગીતની એક લીટી ચિત્ર સર્જે છે.

***આ દશ્ય આ દશ્ય પીપળો,***
***આ દશ્ય દાદાનાં ખેતર.***

આટલા શબ્દોય કન્યા ક્યાંથી ઉચ્ચારી શકી હશે ! કંકુ છાંટીને કંકોતરી લખવાથી અને માણેક મોતીઓથી પસલી ભરાવવાથી શરૂ થતા ઉલ્લાસમય ગાન સૂના માંડવા પાસે અટકે છે.

***વળી વળી દાદા પૂછે વાત***
***આજ માંડવ શેણે અણોસરા રે,***
***દીવડો હતો બહેનને હાથ***
***મેલીને ચાલી સાસરે રે.***

દીકરીને વળાવતી વખતે અને પુત્રવધૂને આવકારતી વખતે માતાને પોતાનો કન્યાવિદાયનો પ્રસંગ યાદ આવતો હશે ? તે વખતે કેવી અનુભૂતિ થતી હશે ?

લગ્નગીતો પ્રત્યેક વ્યક્તિને ભિન્નભિન્ન સમયે નોખીનોખી રીતે સ્પર્શે છે. આખું જીવન એક અવસર જેવું છે. આપણી ભૂમિકા બદલાતી રહે છે. નાણાવટી સાજન બનીને આ પક્ષે બેસીએ છીએ તો ક્યારેક સામા પક્ષે.

સમયની છબીઓ અને ૠતુઓનો ઠાઠ. જીવતરનો ભારોભાર મહિમા, સીધી-સાદી લાગણીઓની બારાખડી. કુટુંબભાવનાનું પોત અને આશીર્વાદના રંગબૂટા આવે છે. ગામડાની આડીઅવળી ખાબડખૂબડ શેરીઓ, ઊડતી ધૂળ, ઠંડી-ગરમીનો પ્રકોપ. અઠે કઠે ગોઠવણ, માન-અપમાનના ઘૂંટડા, મન મનાવવાની હૈયાધારણા છતાં ભાવ તો રંગમોલનો છે.

***ભમરો ઊડે રે રંગમોલમાં રે***
***ઊડે રે અબીલ ગુલાલ.***

લાગણીઓનો રંગ કેસરિયો હોય પછી કશું નડતું નથી.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

---

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

# પગદંડી

અંક : ૦૪ જુલાઈ ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# રાષ્ટ્રપતિ ભવનની અધધ જાહોજલાલી

પ્રવીણચંદ્ર શાહ

દેશના નવા રાષ્ટ્રપતિ કોણ બનશે તેની આગાહીઓ અને અટકળોથી દેશ ત્રસ્ત છે. નવા રાષ્ટ્રપતિ માટેની બંધારણીય ગતિવિધિઓ, તે માટેના ચૂંટણી કમિશનર, જે લોકસભાના સેક્રેટરીએટના સેક્રેટરી-જનરલ પણ છે, તેઓ કાયદેસરની બધી જરૂરી પ્રક્રિયા આગળ વધારતા રહેવામાં પ્રવૃત્ત છે. ૧૯મી જુલાઈ સુધી ઉમેદવારીપત્રકો સ્વીકારાશે. દેશે જેનાં નામ પણ ઓછાં સાંભળ્યાં તેવા ઉત્સાહી દેશપ્રેમીઓ તો આ લખાય છે ત્યારે કે તેની આસપાસ પોતાના ઉમેદવારીપત્રકો તૈયાર કરવામાં હશે. ૧૯મી જુલાઈ ઉમેદવારીપત્રકો રજૂ કરવાની છેલ્લી તારીખ છે. તે પછી તે પત્રકોની ચકાસણી અને પાછાં ખેંચવાની પ્રક્રિયા થશે. ૨૪ જૂલાઈએ ચૂંટણી થશે. ૨૫ જુલાઈએ હમણાના રાષ્ટ્રપતિની મુદત પૂરી થશે અને નવા રાષ્ટ્રપતિ-અત્યારના રાજકીય ઊથલપાથલોના વિશ્લેષણ અનુસાર મોટે ભાગે બીજેપીના ઉમેદવાર ચૂંટાઈ આવશે તેવો રાજકીય વરતારો છે. પરિણામ બાદ રાષ્ટ્રપતિ ભવન પર નવા રાષ્ટ્રપતિના નામનું નવું સાઈન બોર્ડ લગાડાશે.

આ નિમિત્તે એક નાનો, પ્રાસંગિક, હળવો બનાવ યાદ આવે છે.

અમેરિકાના પ્રેસિડેન્ટના નિવાસસ્થાનનું નામ 'વૉશિંગ્ટન હાઉસ' છે. અમેરિકાના એક આગલા પ્રેસિડેન્ટ થઈ ગયા જેમનું નામ કેલ્વીન કૂલીજ હતું. રહેણી કરણીમાં ઘણા સાદા અને સાવ ઓછાબોલા. શ્રમ કરવામાં જરાય સંકોચ નહીં કે આવડા મોટા હોદ્દાનો લગીરે અહ્‌મ નહીં, બગીચાના માળીઓ પહેરતાં હોય તેવાં સાદાં લઘરવગર ચડ્ડી-બનીયાન પહેરીને વિશાળ ગાર્ડનનાં ઝાડ–પાન પર ઝારીથી પાણીનો છંટકાવ કરતા હતા. વૉશિંગ્ટન હાઉસ જવા-આવવાની પરવાનગીવાળા એક ટૂરિસ્ટની એમના પર નજર પડી. બગીચાના માળી હશે એમ ધારીને એણે પૂછ્યુંઃ આટલી ભવ્ય ઇમારતમાં કોણ રહે છે ?' ઓછાબોલા પ્રેસિડેન્ટ કેલ્વીન કૂલીજે, લૉન પર પાણી છાંટતાં છાટતાં જવાબ આપ્યોઃ 'ઓહ, કોઈ નહીં ; જે આવે છે તે થોડો સમય રહીને ચાલ્યા જાય છે પછી નવા રહેનારા આવે છે.'

પ્રતિકાત્મક રીતે અમેરિકાના વૉશિંગ્ટન હાઉસની કે ફ્રાંસના એલાઈસીઝ પેલેસની કે ભારતના રાષ્ટ્રપતિ ભવન માટે પણ આ જ ખરી વાસ્તવિકતા છે. દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિઓ આવતા રહ્યા છે. એમની પાંચ વર્ષની મુદત પૂરી થયે વિદાય લેતા રહ્યા છે અને નવા

રાષ્ટ્રપતિનો પાંચ વર્ષનો મુકામ થતો રહ્યો છે. દિલ્હીના ભૌગોલિક ઉંચાણવાળો વિસ્તાર રાયસીના હીલ (ટેકરી) નામથી ઓળખાય છે. મુંબઈનો એવો વિસ્તાર મલબાર હિલ નામે ઓળખાય છે. કચ્છના ભૂકંપ પછીના ભુજના નવા અવતારમાં હવે જે સ્પૉટ હિલ ગાર્ડન નામથી ઓળખાય છે તેની બહુ મોટી આવૃતિ દિલ્હીની રાયસીના હિલ ઉપર બંધાયેલું, વિશાળકાય રાષ્ટ્રપતિ ભવન આપણા દેશને બ્રિટિશ સામ્રાજ્યમાંથી મુક્તિ મળી, આઝાદી સાંપડી, સ્વતંત્રતા મળી (૧૯૪૭, ઑગસ્ટ) તે પ-છી નથી બંધાયું, તેનાથીય ચાર દાયકા પ-હે-લાં, બ્રિટિશ સત્તાએ પોતાના ભારત ખાતેના વાઈસરોયના રહેણાક અને ઑફિસના હેતુથી બંધાવેલું. તેના બાંધકામમાં ૧૭ વર્ષ લાગેલા. આઝાદી પહેલા 'વાઈસરોય હાઉસ' તરીકે ઓળખાતો આ સવાયો રાજમહેલ હવે 'રાષ્ટ્રપતિ ભવન' નામથી બોલાય અને ઓળખાય છે.

હમણાં છે તે રાષ્ટ્રપતિ આઝાદી પછીના ભવનમાં રહેનારા ૧૫મા રાષ્ટ્રપતિ છે. એમના સહિત કુલ્લે ૧૫ રાષ્ટ્રપતિઓએ તેમાં નિવાસ કર્યો છે. રાષ્ટ્રપતિ તરીકેની ફરજો બજાવવા માટેનાં દફતરો (ઑફિસો, કાર્યાલયો) સંભાળ્યાં છે. આપણા આઝાદ દેશનું બંધારણ ઘડવામાં ચારેક વર્ષ લાગેલાં.

તે પછી બંધારણની જોગવાઈઓ પ્રમાણે દેશવ્યાપી ચૂંટણી થઈ અને લોકસભા, રાજ્યસભા અને દરેક રાજ્યોમાં ચૂંટાયેલા વિધાનસભ્યો. જેઓ ધારાસભ્યો તરીકે પણ બોલાય છે - તે બધા દ્વારા રાષ્ટ્રપ્રમુખ કે રાષ્ટ્રપતિની ચૂંટણી થાય છે. આપણા બંધારણ પ્રમાણે દેશના મતદાતાઓ પોતાના સાંસદો ચૂંટે છે. વિધાનસભ્યો પણ મતદારો દ્વારા ચૂંટાય છે. પણ રાજ્યસભાના સાંસદો કે રાષ્ટ્રપતિની ચૂંટણી મતદારો દ્વારા કરાતી નથી. મતદારો વિધાનસભ્યો ચૂંટે. વિધાનસભ્યો રાજ્યસભાના સાંસદો ચૂંટે, લોકસભાના સાંસદોને મતદારો ચૂંટે. પણ રાષ્ટ્રપતિની ચૂંટણી લોકસભાના સાંસદો વત્તા રાજ્યસભાના સાંસદો અને વિધાન સભામાં ચૂંટાયેલાઓ સાથે મળીને કરે છે.

આ રીતે ચૂંટાયેલા સ્વતંત્ર ભારતના સૌથી પહેલા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ હતા; જેઓ બે વખત ચૂંટાઈને ૧૯૫૦ થી ૧૯૫૨ વચ્ચે રાષ્ટ્રપતિ ભવનમાં રહ્યા હતા. દરેક રાષ્ટ્રપતિ કેટલીક ખાસિયતો માટે દેશના રાજકીય ઇતિહાસમાં નોંધાતા રહ્યા છે. સૌથી પ્રથમ રાષ્ટ્રપતિ, મૂળ બિહારના, પણ એમની જાહેર કારકિર્દી દરમ્યાન વરિષ્ઠ કૉંગ્રેસી અગ્રણી-દેશનેતા તરીકે ઊભર્યા હતા. દેશની સૌથી પહેલી રાષ્ટ્રપતિની ચૂંટણીવાળા તબક્કામાં લોકસભામાં, રાજ્યસભામાં બધાં રાજ્યોની વિધાનસભાઓમાં પંડિત જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, રાજેન્દ્ર પ્રસાદ, આચાર્ય કિપાલાની જેવા ધુરંધર દેશનેતાઓના જડબેસલાક વર્ચસ્વ હેઠળની કૉંગ્રેસ સંસ્થાનું વ્યાપક વર્ચસ્વ હતું. માત્ર વિધાનસભાઓમાં જ

નહીં, સંસદનાં બન્ને ગૃહો-લોકસભા અને રાજ્યસભામાં પણ કૉંગ્રેસની જ અત્યંત ભારે બહુમતી હતી. કૉંગ્રેસ-અગ્રણીઓ જેને પસંદ કરે તે વ્યક્તિ જ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ શકે, એવી રાજકીય પરિસ્થિતિ હતી.

જો કે કૉંગ્રેસ સંસ્થાની અંદર વિવિધ જૂથોની જૂથબાજી તો રહ્યા જ કરેલી. કૉંગ્રેસમાંને કૉંગ્રેસમાં જયપ્રકાશ નારાયણ, ડૉ. રામમનોહર લોહિયા, બિરાદર યુસુફ મહેરઅલી, આચાર્ય નરેન્દ્ર દેવ, અરુણા, અસફઅલી, અશોક મહેતા વગેરે જેવા બહુશ્રુત, પ્રગતિશીલોનું જેમને ડાબેરી કહી શકાય તેવા બુદ્ધિજીવીઓનું એક જૂથ હતું જેમાં અચ્યુત પટવર્ધન, મધુ દંડવતે વગેરેનો સમાવેશ હતો. એમની પ્રગતિશીલ નીતિ-રીતિઓ અને રૂઢીગત, જુનવાણી, મધ્યમ માર્ગી કે ઊંડાઊંડા હિન્દુત્વવાદને પસંદ કરનારા બાબુ પુરષોત્તમદાસ ટંડન, ગોવિંદ વલ્લભ પંત, ડૉ. સંપૂર્ણાનંદ, મોરારજી દેસાઈ વગેરે જેવાઓનું પણ જૂથ હતું, જેને વલ્લભભાઈ પટેલ જેવા વરિષ્ઠ આગેવાનોનો બહુ ઉઘાડો નહીં, પણ પરોક્ષ ટેકો અને સમર્થન મળતાં રહેતાં હતાં. એ જ ઢાંચામાંના બાબુ રાજેન્દ્ર પ્રસાદ હતા.

પંડિત જવાહરલાલ નહેરુ વિચક્ષણ, અનન્ય, દુનિયાના ઇતિહાસને આત્મસાત કરનારા અને નૂતન ભારતનું નવનિર્માણ રાજકીય, આર્થિક, સામાજિક અને સાર્વજનિક દીર્ઘદૃષ્ટિકોણ ધરાવનાર દીર્ઘદ્રષ્ટા હતા. હિંદુત્વ અને કહેવાતી ભારતીય સાંસ્કૃતિક રૂઢીવાદી પરંપરાની માળા સતત ફેરવતા રહેનારાઓની સાથે પંડિતજીનું બૌદ્ધિક, સૈદ્ધાંતિક ઘર્ષણ અવારનવાર થતું રહેતું. બાબુ રાજેન્દ્ર પ્રસાદ રૂઢીવાદીઓના ખેમામાંથી હતા. પરિણામે હિન્દુ કોડ બિલ અને સોમનાથ મંદિરના શિખરઆરોપણ જેવા મુદ્દાઓ પર પંડિત નહેરુ, જે કૉંગ્રેસ સંસ્થાના શીર્ષસ્થ અગ્રણી હતા, તેમની સાથેના ઘર્ષણો કરનાર તરીકે બાબુ રાજેન્દ્ર પ્રસાદ દેશના બંધારણીય ઈતિહાસમાં ટીકાત્મક રીતે નોંધાશે.

એક બીજી બાબતે પણ પ્રથમ રાષ્ટ્રપતિની ચૂંટણી ઇતિહાસમાં કાયમી રીતે નોંધાશે. બાબુ રાજેન્દ્ર પ્રસાદને કૉંગ્રેસ સંસ્થાનું સમર્થન હોવાને કારણે અને કૉંગ્રેસી વિધાનસભ્યો, લોકસભાના સાંસદો અને રાજ્યસભાના સાંસદોમાં કૉંગ્રેસની જ જડબેસલાક બહુમતી હોવાને કારણે કૉંગ્રેસે પસંદ કરેલી વ્યક્તિ - બાબુજી જ - ચૂંટાવાના હતા એ પાકું જ હતું. પણ તેમાં સાચી લોકશાહી કોરાણે રહી જાય.

જો તેમની સામે કોઈ સ્પર્ધા ન થાય, લોકશાહીની વિસ્તૃત વ્યાખ્યામાં તંદુરસ્ત રાજકીય સ્પર્ધાને પ્રોત્સાહનની અનિવાર્યતાનો સમાવેશ પણ છે જ. તો જ બહુમતી -લઘુમતીના બન્નેના હક્ક-અધિકારો અને જવાબદારીઓનાં તત્ત્વોનું લોકશાહીમાં સ્વીકાર જળવાય. રાક્ષસી બહુમતીના પાશવી બળથી લઘુમતીના હક્કોને કચડી શકાય નહીં. બંધારણમાં સમાવાયેલા આ આશયને આદર્શને, સિદ્ધાંતને ચરિતાર્થ કરવા, એક ઉમદા પ્રણાલી સ્થાપવાનું જરૂરી હતું. તેનું બીડું પ્રોફેસર કે. ટી. શાહે ઝડપ્યું હતું- પરાજયની લેશમાત્ર ચિંતા - ફિકર કર્યા વગર (મૂળ કચ્છ-માંડવીના

શ્રી ખુશાલ તલકશી શાહ) કૉંગ્રેસના ઉમેદવાર બાબુ રાજેન્દ્ર પ્રસાદનો રાજકીય મુકાબલો કરવા ખડા થયા હતા.

પરાજય પામીને પણ લોકશાહીના સૈદ્ધાંતિક ધ્વજને લહેરાતો; રાખવાનો વિક્રમ સર્જ્યો હતો. તેઓ વિદ્વાન અર્થશાસ્ત્રી, બાહોશ બૅરિસ્ટર, મહાન શિક્ષણશાસ્ત્રી, દીર્ઘદ્રષ્ટા આયોજક અને સિદ્ધાંતનિષ્ઠ વ્યક્તિ હતા. છેલ્લા સાડા-છ દાયકામાં અમલી બનાવાયેલી પાંચ વર્ષીય યોજનાઓના મૂળ સંકલ્પશિલ્પી પ્રોફેસર કે.ટી. શાહ હતા. પહેલી જ દેશવ્યાપી સાંસદીય ચૂંટણીમાં પશ્ચિમ કચ્છમાંથી સ્વતંત્ર ઉમેદવારી એમણે કરી હતી. એમને કૉંગ્રેસે સામ, દામ, દંડ અને ભેદથી હરાવવાનું રાજકીય નૈતિક પાપ કર્યું હતું. તેનું સાચું પ્રાયશ્ચિત્ત કરવાનું કૉંગ્રેસે અને કચ્છની પ્રજાએ હજુ બાકી છે.

પહેલા રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્ર પ્રસાદ પછી, બીજા ૧૪ રાષ્ટ્રપતિઓ દિલ્હીના રાયસીના હિલ પરના રાષ્ટ્રપતિ ભવનમાં આવી અને રહીને વિદાય લઈ ચૂક્યા છે. ૧૯૬૨–૧૯૬૭ વચ્ચે ડૉક્ટર સર્વપલ્લી રાધાકિશ્નન; ૧૯૬૭-૧૯૬૯ વચ્ચે ડૉ. ઝાકીર હુસેન; ૧૯૬૯-૧૯૭૪ દરમ્યાન વી. વી. ગીરી; ૧૯૭૪-૧૯૭૭ વચ્ચે ફકરુદ્દીન અલી એહમદ (જેમણે ઇમરજન્સી ડેકલેરેશન પર સહી કરેલી;) ૧૯૭૭ -૧૯૮૨ વચ્ચે નીલમ સંજીવા રેડ્ડી; ૧૯૮૨-૮૭ વચ્ચે ગ્યાની ઝૈલસીંગ; ૧૯૮૭-૯૨ આર. વેંકટરામન; ૧૯૯૨-૯૭ દરમ્યાન શંકર દયાલ શર્મા; ૧૯૯૭-૨૦૦૨ વચ્ચે કે. આર. નારાયનન, ૨૦૦૨-૨૦૦૭ દરમ્યાન પ્રોફેસર અબ્દુલ કલામ અને જુલાઈ ૨૫, ૨૦૦૭ થી જુલાઈ ૨૫, ૨૦૧૨ દરમ્યાન ૧૨મા રાષ્ટ્રપતિ (કે માતા) શ્રીમતિ પ્રતિભાતાઈ જયસિંગ પાટિલે રાષ્ટ્રપતિ ભવનમાં નિવાસ કર્યો છે. તેઓ પછી બે રાષ્ટ્રપતિઓ થઈ ગયા છે.

શ્રીમતિ પ્રતિભાતાઈ પાટિલે એમનાં પાંચ વર્ષના રાષ્ટ્રપતિપદ દરમ્યાન એમની ૧૨ વિદેશ-યાત્રાઓમાં ૨૨ દેશોની મુલાકાતો માટે આપણા જેવા સીધા–સાદા નાગરિક કરદાતા (ટૅક્સ પેયર્સ)ના રૂા. ૨૦૫ કરોડનો ખર્ચો દેશને કરાવી નાખ્યો હતો.

રાષ્ટ્રપતિ ભવન દુનિયાભરનાં રાષ્ટ્રપતિ ભવનોમાં અનન્ય ગણાય છે. એક જ રાષ્ટ્રપતિ વ્યક્તિ માટે ૧૦૦૦ (એક હજારથી વધુ કર્મચારીઓ છે. આ ભવન કે રાજમહેલમાં ૩૪૦ (ત્રણસો ચાળીસ) વિશાળ ખંડો છે. અનેક વિશાળ બગીચાઓ છે. દર મહિનાનું વીજળી ખર્ચ ૭૧ લાખથી વધુ છે. તેની સારસંભાળનું માસિક ખર્ચ ૯ કરોડથી વધુ છે. એક રાષ્ટ્રપતિના રસોડામાં ૧૮ થી વધુ રસોઈયા અને ૩૫થી વધુ (બટલર) ભોજન સમયે તહેનાતમાં રહેનાર પીરસણિયા છે. આ અને આવી વધુ માહિતિ અને વિગતો આવતા મહિનાઓમાં પગદંડીમાં શક્યતઃ તમે વાંચી, જાણી શકશો અને આપણા ગરીબોની બહુમતીવાળા દેશના બેફામ ઉડાઉપણા માટે કપાળ કૂટી શકશો.

(મો.) ૯૯૩૦૬ ૬૦૨૪૨

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# અલબેલું અજીમગંજ

જ્યોતિ મોતા

*ગતાંકથી આગળ ચાલુ....*

પશ્ચિમ બંગાળનાં આ તીર્થો મારી નોટબુકમાં લખેલાં હતાં. પણ મારી કર્મભૂમિ અને જન્મભૂમિથી આટલે દૂર પહોંચીશ એવું બિલકુલ વિચાર્યું નહોતું. કોલકાતા આવ્યા બાદ વિચારોનો મારો સતત થવા લાગ્યો. પશ્ચિમ બંગાળનાં ગણ્યાંગાંઠ્યાં જૈન તીર્થોનાં દર્શન કરવા ફરી હું ક્યાં આટલો લાંબો પ્રવાસ કરવાની હતી કે ફરી પાછી ક્યારે આવા સુંદર તીર્થોનાં દર્શન કરી શકવાની હતી? અહીં સુધી આવ્યા બાદ આ તીર્થો છોડી દેવા? કલ્યાણક ભૂમિએ પણ આયુષ્યના ૫૦મા વર્ષે પહોંચી. આ વિચારોનો કબજો ભાગલપુર ગઈ ત્યારે પણ ચાલી રહ્યો હતો. પણ ત્યાંથી કોઈ વ્યવસ્થિત સાધન ન હોવાથી રદ કર્યો. નિર્ણય થયો બે-ત્રણ દિવસ વધુ લાગશે, પણ મારે અહીં જવું જોઈએ.

ઘુમક્કડી દરમ્યાન ફેસબુક સ્ટેટસ રોજ અપડેટ કરતી હતી. એમાં રોજ નવી નવી જગ્યાઓ જોઈને મારા ધર્મમિત્ર રાજેશ ગોડે મીઠો ઠપકો પણ આપ્યો, કે હું મારી યાત્રા પર લગામ મૂકું. મિત્ર અનુરાગજીએ પણ મજાક કરી કહ્યું કે મને આવી ઉલઝલૂલ જગ્યાઓ કોણ બતાવે છે? ક્યાંથી શોધી કાઢું છું? મજાક, મુશ્કેલી, અડચણો, અવરોધોને પાર કરી અને પહોંચી આવી હતી પશ્ચિમ બંગાળના અંતરિયાળ વિસ્તાર એવા રળિયામણા અલબેલા અજીમગંજમાં!

જે દિલથી ઘુમક્કડ હોય, નિજાનંદની અલગારી રઝળપાટ કરતું હોય ને પગમાં ભમરી હોય તેને કોઈ રોકી શકે ખરું...?

આ રઝળપાટનો જવાબ કુદરત પાસે પણ હતો. એક વરસની રખડપટ્ટીની શરૂઆત ગંગાના ઉદ્‌ગમ ઉત્તરાખંડથી શરૂ થઈ અને અંત પશ્ચિમ બંગાળમાં. ગંગા ગંગોત્રી ઉત્તરાખંડથી શરૂ થઈ ગંગા સાગરમાં સમાઈ પશ્ચિમ બંગાળમાં. તેમ હું પણ એનો દામન પકડી હરિદ્વાર - ઋષિકેશ, ફૂલોની ઘાટી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ થઈ પહોંચી પશ્ચિમ બંગાળના અંતરિયાળ વિસ્તાર એવા અજીમગંજમાં. એની સાથે વહેતીવહેતી હું પણ ત્યાં પહોંચી હતી જ્યાં એ હવે વિલીનીકરણ તરફ જઈ રહી હતી અને હું પણ મારી ઘુમક્કડીની પૂર્ણાહુતિ તરફ. મારી સખી સહેલી ગંગા જાણે મને કહી રહી હતી, ''તારો લાંબો પ્રવાસ તું મારી સાથે જ કર.'' અને મેં પણ એ સખીનો હાથ પકડી લઈ એની બાલ્યઅવસ્થાથી મિલન અને વિલીન અવસ્થા સુધી સાથે જ રહી! આ અંતરંગ સહેલીની વાતો આગળ પીરસીસ.

A wandering bee gather honey... 'જે ફરે તે ચરે.' આ યુક્તિ મને સારી રીતે લાગુ પડે છે. નવા પ્રદેશો, નવા લોકો, નવી વાતો, નવી સંસ્કૃતિઓ, નવાં ખાન-પાન-વાન, કેટકેટલી નવીનતાઓ !

આ બધાંનો મીઠો સ્વાદ જોવા, જાણવા, ચાખવા ત્યારે મળે, જ્યારે અગવડોને પણ સગવડ બનાવી લઈએ, આરક્ષણ ટિકિટની કડાકૂટ, નવાંનવાં સ્થાનિક વાહનો, સામાનની હાલાકી, ખાવા-પીવાનાં ઠેકાણાં નહીં, કડકડતી ઠંડી-ગરમી કે વરસાદ, રેલવેસ્ટેશન પર વિતાવેલી રાતો, અજાણ્યા લોકો વચ્ચે તોળાતો ભય, આવું કેટલું બધું ઘુમક્કડીમાં રસ્તે નડે, પણ ગંતવ્યે કે ઘરે પહોંચતા જ ભૂલી જવાય. કોઈ સ્થળે કોઈ સારી વ્યક્તિનો ભેટો થઈ જાય, રહેવાની સગવડ થઈ જાય એટલે બધી જ પરેશાની, શરીર-મનનો થાક આ બધું વીસરી જઈ અને થાય એ સ્થળ અને જળનું રસપાન! આવું કેટલું બધું હું જાણી-માણી રહી હતી મારી આ લાંબી ઘુમક્કડીમાં.

રૂમ મળી જતાં હું સામાન લઈ મારા ઓરડામાં ગોઠવી નીચે આવી. મૅનેજર-સાહેબે અહીંનાં ૯ જિનાલયનું લીસ્ટ હાથમાં આપતા સમજાવ્યું કે મારે આ જિનાલયોનાં દર્શન કરવા ક્યાંથી શરૂઆત કરવી. હવે અહીંનાં નવ જિનાલયો સાથે **જિયાગંજ, કાઠગોલા અને મહિમાપુર**ની સહેલગાહ કરવાની હતી. મૅનેજરસાહેબે કહ્યું કે આ બધી જગ્યાઓ હું દોઢ દિવસમાં આરામથી જોઈ લઈશ, પણ મને વિશ્વાસ નહોતો. જે થવાનું હશે તે થશે અને જે જોવાનું હશે તે જોવાશે. મારી પાસે આજનો આખો દિવસ અને આવતી કાલનો બપોર સુધીનો સમય હતો (જો મારી તત્કાળ ટિકિટ આજે મળી જાય તો). પ્રવાસ છેક આગરા સુધીનો લાંબો હોવાથી આરક્ષણ કરાવવું જરૂરી હતું. તે માટે બે-ત્રણ જણને કામે લગાડી દીધા હતા. મારી આરક્ષણ ટિકિટ માટે આજે મારે ૧૧:૩૦ સુધી રાહ જોવાની હતી. બધું કુદરત પર છોડી હું સમયને બરબાદ ન કરતા નીકળી પડી. અજીમગંજના જિનાલયોનાં દર્શન કરવાં.

***અંજાન ડગર, એકલ હૈ સફર,***
***જોશે જિગર, ફિર ક્યા ફિકર ?***
***મસ્ત મસ્તાની એકલ અંજાની,***
***ચલી રે ચલી મૈં ડગર ડગર.***

**૧. શ્રી અજીમગંજ તીર્થ** - મૂળનાયક : **ભગવાન શ્રી નેમિનાથ.** શ્યામ વર્ણ પદ્માસનસ્થ.

**તીર્થ મહિમાઃ** ભાગીરથી ગંગા નદીની બાજુમાં આવેલા મંદિરનું નિર્માણ સંવત ૧૯૪૩માં કરવામાં આવ્યું છે. અજીમગંજનાં સુંદર મંદિરોમાંનું આ એક મંદિર છે. કોલકાતા અને અહીંનાં મંદિરનાં શિખરોમાં ઘણી સમાનતા છે. અહીં શિખરોના બાંધકામમાં સિમેન્ટ અને સફેદ રંગ વપરાયાં છે. ત્રણ ગુંબજાકાર અલગઅલગ વિશાળ શિખરોની આસપાસ નાનાંનાનાં શિખરો શોભી રહ્યા છે. જિનાલયમાં દાખલ થતાં અંદર પહેલા

ખુલ્લું આંગણ, જાળીદાર થાંભલા, પછી રંગમંડપ અને પછી ગર્ભગૃહ આવે છે. અહીંનાં બારી-બારણાં ફ્રેન્ચ શૈલીમાં બનેલાં છે. બહારના રંગમંડપથી છેક ગર્ભગૃહ સુધી સૂર્યપ્રકાશ પહોંચે તેવી વ્યવસ્થા કરેલી છે. મુખ્ય ગર્ભગૃહમાં શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીરસ્વામી ભગવાનની પરિકરયુક્ત પ્રતિમાજીઓ છે. અહીં રહેવા અને ભોજનશાળાની સુવિધા છે.

**૨. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન જિનમંદિર** મૂળનાયક : **શ્રી પાર્શ્વનાથ ભગવાન.** તામ્રવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થ મહિમાઃ** સંવત ૧૯૮૮માં આ પ્રાચીન મંદિર માનહોત પરિવાર દ્વારા બનાવવામાં આવ્યું છે. ૧૩૨ વર્ષ જૂના મંદિરમાં ૫૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાઓ છે. અમુક પ્રતિમાજી કસોટીના (જે સોનાની શુદ્ધતા ચકસવા માટે ઉપયોગમાં આવે છે) પથ્થરની બનેલી છે. નવ રત્નોની બનેલી પ્રતિમાજીઓ અત્યંત સુંદર, નાજુક અને દર્શનીય છે. આ પ્રતિમાઓ રોજ પૂજાના સમયે બહાર મૂકવામાં આવે ત્યારે દર્શન થઈ શકે, પછી પાછું સુરક્ષિત જગ્યાએ મૂકી દેવાય છે. આ કીમતી રત્નોની પ્રતિમાઓ દ્વારા આ નગરના શ્રાવકોની સંપન્નતા અને જાહોજલાલીનો ખ્યાલ આવે છે.

હું વહેલી પહોંચી ગઈ હોવાથી પૂજારીજીએ મને પક્ષાલ કરવાનો લાભ આપ્યો. આવી નાજુક, બહુમૂલ્ય, અદ્ભુત પ્રતિમાઓ હાથમાં લઈને હું શિલ્પકારોની કલાને જોતી રહી ગઈ! શિલ્પકારોએ ભગવાનની મુખમુદ્રા આબેહૂબ કોતરી હતી. આવી મૂલ્યવાન પ્રતિમાઓનાં અંગલૂછણાં, પૂજા ઈત્યાદિનો બધો લાભ મળ્યો એની ખુશી હતી. પૂજા થઇ ગયા બાદ પૂજારીજીએ પ્રતિમાઓને સુરક્ષિત જગ્યાએ મૂકી દીધી. આ મૂર્તિઓની સુરક્ષાનો પૂરો બંદોબસ્ત અહીં કરેલ છે. અહીં સેંકડો પંચ ધાતુની અને અન્ય પ્રતિમાઓ પણ બિરાજિત છે. અહીં એક જ પૂજારી હોવાથી તેમનું કામ ઘણું વધી જાય છે.

પૂજા કર્યા બાદ રંગમંડપમાં ચૈત્યવંદન કર્યું. અહીં મને ગુજરાતી પરિવાર મળ્યો, તેમને પણ જિયાગંજ, કાઠગોલા અને મહિમાપુર જવું હતું. મેં સાથે જવાની ઈચ્છા વ્યક્ત કરી. તેઓ ઈ-રિક્ષા ભરાઈ જાય એટલા મેમ્બર હોવાથી મારું એમની સાથે જવાનું શક્ય ન હતું. મેં જમવાનું પતાવીને મારી રીતે જવાનું નક્કી કર્યું. ૧૦:૩૦ થવા આવ્યા હતા. મારે ટિકિટ આરક્ષણ કરાવવા બેસવું હતું ઓરડે પહોંચી ફોન કર્યા. કિશનભાઇ, ભાણેજ સંજન અને બીજા એક મિત્ર, ત્રણેય જણ તત્કાલ માટે બેઠા હતા, હું મારી કોશિશ કરી રહી હતી. અગિયાર અને એક મિનિટે તત્કાલ ફૂલ, મને નિરાશા સાંપડી, તત્કાલ ટિકિટ ન મળી. ફરી આ જ સમયે આવતી કાલે કોશિશ કરવાની રહી. મારી પાસે આવતી કાલનો પણ આખો દિવસ એટલે અઢી દિવસ મળી ગયા. હવે કોઈ ઉતાવળ નહોતી. અજીમગંજનાં અન્ય જિનાલયો બપોર પછી બંધ થઈ જતાં હોવાથી એ આવતી કાલે જોવા માટે બાકી રાખ્યા અને બીજાં

સ્થળોએ જવાનું નક્કી કર્યું. અહીં વધુ એક દિવસ રોકાવાની વાત કરવા કાર્યાલય પહોંચી. ત્યાં ટ્રસ્ટી પણ આવેલા હતા. મારી યાત્રાની વાતો સાંભળી તેઓ પણ આશ્વસ્ત થયા અને કોઈ આપત્તિ ન જણાતા અહીં જેટલા દિવસ રોકાવું હોય તેટલા દિવસ રોકાવાની હા પાડી. હમણાં ભોજન કરી અન્ય સ્થળો જોઈ આવવા મેં નક્કી કર્યું. પેલા બુજુર્ગ બાપાએ મારી પાસે આવી અહીં આવેલ ચાર જગ્યાઓના જિનાલયો, શ્રાવકો અને જાહોજલાલીની વાતો કરી. એ સાંભળ્યા બાદ ગંગાકિનારે પ્રકૃતિની ગોદમાં વસેલાં સ્થળો જોવાની મારી તાલાવેલી ઓર વધી ગઈ. એ સ્થળોની વાત બીજા પ્રકરણમાં કરીશ. આજે પણ અજીમગંજ જ જઈએ.

પરોઢિયે વહેલી ઊઠી અને ટેરેસ પર પ્રકૃતિની મોજ માણી. આજે અજીમગંજના ગઈકાલે બાકી રહી ગયેલાં જિનાલયનાં દર્શન કરવાનાં હતાં. ગઈકાલે આવેલા ગુજરાતી યાત્રિકો રોકાયા હતા એટલે સવારની નવકારસીમાં ઘણીબધી આઇટમ્સ હતી. પેટ ભરી નવકારસી કરી. આજે બપોરે ભોજનના સમય સુધી પાછી ન ફરી શકું તો પણ ચાલી જાય. નાહી-ધોઈ પૂજાનાં વસ્ત્રોમાં ફરી નીકળી પડી જિનાલયનાં દર્શને. મૅનેજર ભાઈએ સરસ રીતે જિનાલયના નામ-નકશા સાથે સમજાવી દીધું હતું કે હું ક્યાંથી કેવી રીતે બધાં જિનાલયો જઈને દર્શન કરીશ. આજે મને મારા પગને તૈયાર રાખવાના હતા. અહીંથી ત્રણ કિલોમીટર દૂર ફાટકની પેલે પાર જ્યાંથી હું ગઈકાલે રિક્ષા કરી અહીં આવી હતી ત્યાં ફરી જવાનું હતું. અજીમગંજ એક સમયે જૈનોનું મથક હતું. એ સમયમાં ૫૦૦થી વધુ જૈન પરિવારો ત્યાં રહેતા હતા. હમણરિં પણ અહીં જૈનો વસે છે. પણ ઓછા પ્રમાણમાં રિક્ષાએ મને બજારમાં ઉતારી. બજારમાંથી પૂછતી-પૂછતી હું પહોંચી...

**૩. શ્રી શાંતિનાથજી જિનાલય.** - ઇ. સ. ૧૮૭૩માં ગુલાબકુમારી બીબીએ આ મંદિરનું નિર્માણ કર્યું છે. નાનકડા પણ સુંદર જિનાલયમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની અતિપ્રાચીન પ્રતિમાજી બિરાજમાન છે. અહીં એક પ્રતિમા સંવત ૧૫૧૦ની છે. સવારનો સમય હોવાથી અહીં ઘણી શ્રાવિકા બહેનોની અવરજવર થઇ રહી હતી. નાનકડા ગામમાં નવો ચહેરો તરત અલગ તરી આવે. મને જોઈ એક-બે શ્રાવિકાઓએ થોડી ઔપચારિક વાતો કરી અને પોતાના ઘરે મને જમવા માટે આમંત્રણ પણ આપ્યું ! મેં મારો કાર્યક્રમ જણાવી પ્રેમથી ના પાડી. આ છે ભારતની અસ્મિતા ! જ્યાં કોઈ અજાણ્યાની પણ મહેમાનનવાજી થઈ શકતી હોય ! અહીં દર્શન–પૂજા કરી પાછી ફરી. મારે હવે રેલવે ફાટક સાથે સાથે આગળ જવાનું હતું અને એક નવું રેલવે પ્લૅટફોર્મ પાર કરીને તરત નીચે ઉતરવાનું હતું. એકાદ કિલોમીટર ચાલ્યા બાદ હું શાંત, સુંદર, રળિયામણા વિસ્તારમાં પહોંચી.

**૪. શ્રી સંભવનાથ જિનાલય** - ઊંચાં શિખરો અને મનોરમ ગુંબજો ! અંદરનો પરિસર પણ મોટો હતો, ભરચક ચિત્રકારી

અને બંગાળી સ્થાપત્ય શૈલીથી શોભતું આ અજીમગંજનું સૌથી મોટું જિનપ્રાસાદ છે. જિનાલયમાં ભગવાન શ્રી સંભવનાથની વિશાળ મૂર્તિને જોઈ મંત્રમુગ્ધ થઈ જવાય છે. આટલી વિશાળ અને અભિભૂત કરી દે એવી પ્રતિમાને હું અનિમેષ નયને જોતી રહી ગઈ. અહીં આ વિશાળ પ્રતિમાને નલહાટીથી અજીમગંજ સુધી લાવવા ૬૦ કિલોમીટર લાંબી રેલ પટરી બિછાવવામાં આવી હતી. ઈ.સ. ૧૮૮૬માં ધનપતસિંહ દુગડે આ જિનાલય બંધાવ્યું. અહીં આ જિનાલયને દેવલોક જિનાલય પણ કહે છે. અહીં પૂજા-દર્શન-ચૈત્યવંદન કરી બહાર આવી.

અહીં કામ કરનાર બેનને બક્ષિસ આપીને આગળ જવાનો રસ્તો પૂછ્યો. ફરી એકવાર ફાટક પાર કરી, ગામડામાંથી બે કિલોમીટરનો રસ્તો કાપી ગંગા તરફ આગળ વધી. ગામડાની સવાર અને સૌંદર્ય નવચેતના ભરી દે તેવાં હતાં. તળાવડીઓ, ખેતરો અને નાળિયેરીનાં વૃક્ષો વચ્ચે વસતું ચેતનવંતું રૂડું ગામ. ગરીબ ગ્રામ્યજનો પોતાનાં રોજિંદાં કામોમાં વ્યસ્ત હતા. ચાલતાંચાલતાં એક અનોખું દૃશ્ય જોયું. ગ્રામીણ મહિલાઓ મોદક જેવી વિશિષ્ટ વસ્તુઓ બનાવી લાકડી અને વાંસના બનેલા થાંભલાઓ પર  સૂકવતી હતી. તેઓ ઘણી દૂર હતી. એ વસ્તુ શું છે તે પૂછવાની જિજ્ઞાસા જાગી, પણ કોને પૂછું ? કોઈક વળી શેકેલા પાપડની મોટી મોટી થપીઓ વાંસના ટોપલામાં ભરીને લઈ જતા હતા. કોઈ પોતાના ઘેટાં-બકરાં લઈ જતું હતું, તો કોઈ તડકો ખાઈ રહ્યું હતું. આ બધું શાંતિથી ચાલી રહ્યું હતું.

નાળિયેરીનાં ઝાડ અને વિવિધ વૃક્ષોની ઘટા વચ્ચે વિશાળ પરિસર દેખાયો. જેને અહીં રામબાગ-દાદાવાડી-જૈન મંદિરથી ઓળખે છે. ગામથી દૂર એકાંત શાંત વાતાવરણમાં આ દાદાવાડી સ્થિત છે. અહીં ત્રણ પ્રાચીન જિનાલયો છે. આ જિનાલયોનું સ્થાપત્ય ઘણું જૂનું અને જુદી ભાતનું છે. હારબંધ ત્રણ શિખરબંધ જિનાલયો એક જ પરસાળમાં આવેલાં છે. તેની આગળ પથ્થરના મંડપો અને વિશાળ આંગણું છે. ઈ.સ. ૧૮૭૦માં નિર્માણ કરેલાં આ જિનાલયોમાં જંગીપુર, ક્રિયાગંજ અને કાસિમબજારની પ્રતિમાઓ સ્થાપિત છે.

**૫. શ્રી સાંવલિયા પાર્શ્વનાથ ભગવાનજ જિનાલય.**

**૬. શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન જિનાલય** અને

**૭. રામબાગ દાદાવાડી.** આ જિનાલયમાં દર્શન–પૂજા ચૈત્યવંદન કરી અહીં આવેલ દાદાવાડીમાં ગઈ. અહીં નવનિર્મિત થઈ રહેલી દાદાવાડીમાં સ્ફટિકની ચરણપાદુકાનાં દર્શન કર્યાં. સેંકડો વર્ષ જૂની ઈમારતોના ખંડેર પણ ત્યાં દેખાયા. ત્યાં કોઈ ન હોવાથી વધુ માહિતી મેળવી ન શકી. બહાર નીકળી આગળ વધી. ત્યાં એક વિશાળ પાંજરાપોળ નજરે ચડી. મૅનેજરસાહેબે આ પાંજરાપોળ જોવાનું ખાસ કહેલું.

**શ્રી ગૌત્તમ ગણધર ગૌશાળા :** ગૌશાળામાં દાખલ થતાં જ ગાયોનું ટોળું મારી સામે ધસી

આવ્યું. ત્યાંના કર્મચારીઓએ તરત જ ત્યાં આવી ગાયોને વાળી. આ ગૌશાળામાં ગાયોની સેવા ખૂબ સારી રીતે કરવામાં આવે છે. સમયસર ઘાસચારો, પાણી અપાય છે. ગમાણોની સ્વચ્છતા પર પણ ખાસ ધ્યાન અપાય છે. આ પાંજરાપોળનું ચૅરિટેબલ ટ્રસ્ટ છે ત્યાં મેં યથાયોગ્ય અનુદાન આપ્યું.

**૮. શ્રી પદ્મપ્રભુસ્વામી જિનાલય :** ઈ.સ. ૧૮૮૦માં યતી વિજયચંદજીએ આ જિનાલયનું નિર્માણ કરાવ્યું. અહીં મૂળનાયક પદ્મપ્રભુજી સાથે અન્ય ચાર પ્રતિમાજી અને ધાતુઓની પ્રતિમાઓ બિરાજિત છે.

**૯. શ્રી સુમતીનાથ સ્વામી જિનાલય :** અહીં મૂળનાયક પ્રભુ શ્રી સુમતિનાથ અને અન્ય ચાર પ્રતિમાજી પ્રાચીન જણાય છે. અહીં ધાતુઓની અન્ય પ્રતિમાઓ પણ બિરાજિત છે. આ જિનાલય ઈ.સ. ૧૮૫૬માં ઉત્તમચંદજી નાહરે બનાવ્યું હતું. ઈ.સ. ૧૮૯૭માં સેતાબચંદજી નાહરે જીર્ણોદ્ધાર કરાવ્યો. અહીં પ્રાચીન કલાકૃતિઓનો સંગ્રહ છે. અહીં પડેલા તૂટેલા શિલાલેખો પર સુંદર નકશીકામ કરેલું છે. આ બધા શિલાલેખો ધૂળ ખાય છે.

અજીમગંજના કુદરતી સૌંદર્યને માણતી, સ્થાનીય સુંદર ઈમારતો જોતીજોતી ગંગા કિનારે પહોંચી. કિનારે-કિનારે ચાલતી સ્થાનિક ઈમારતો જોતી હું પાછી ફરી રહી હતી સ્વસ્થાને. અહીં આખા રસ્તામાં મેં વચ્ચે વચ્ચે નાના પથ્થરો જેવા પૉલિસ કરેલા લોખંડના ટુકડા ખૂંપેલા જોયા. કદાચ ગાડીઓની સ્પીડ રોકવા અને વરસાદમાં સ્લિપ થતી અટકાવવા માટે કરેલા હોય. પાછી ફરી ત્યારે અગિયાર વાગી ગયા હતા. આજે પેઢીએથી જિયાગંજ ફોન કરીને કહી દેવાયું હતું કે મંદિર મોડે સુધી ખુલ્લું રાખે, જેથી ગઈકાલની જેમ મારે દર્શન-પૂજા કર્યાં વગર પાછા ન ફરવું પડે. મોડી ન પડું એ માટે બપોરનું જમવાનું મેં ડ્રોપ કર્યું અને ફરી એકવાર હું પહોંચી અજીમગંજના ગંગા ઘાટે. જ્યાંથી ફરી એકવાર અનોખો, આનંદદાયક, નૌકાવિહાર કરી સામે તટ જિયાગંજ પહોંચી. અહીંનાં જિનમંદિરો, કાઠગોલા અને મહિમાપુરની અજબ-ગજબ વાતો બીજા પ્રકરણમાં.

જિયાગંજ અને અજીમગંજમાં પર્યટકો સવાર-સાંજ ગંગા તટનો આનંદ ઉઠાવી શકે છે. અહીં નાની હોડીઓથી ગંગાવિહાર પણ કરી શકાય છે. કાઠગોલામાં ગંગાઘાટ, જૈન શ્રેષ્ઠીઓનાં મંદિરો-મહેલો, પક્ષઘર અને અન્ય જોવાલાયક સ્થળો છે. મહિમાપુર આજનું મુર્શિદાબાદ એ નવાબોની દુનિયા છે. અહીં નવાબોની ઘણી વિરાસતો જોવા જેવી છે, તો જૈન શ્રેષ્ઠી જગતશેઠનાં મહેલો અને મંદિરો પણ છે. આ નાનાં-નાનાં ગામડાંઓમાં નિસર્ગના સૌંદર્ય સાથે એવું ઘણુંબધું છે જે પર્યટકોને થોડાક દિવસ અહીં ગાળવા માટે આમંત્રણ આપે છે.

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫ ૦૮૪૦૭

# કુદરતની ભેટ

પ્રિયંકા પરીનકુમાર ગડા

આજે શ્રીમાન દયાચંદની આ દુનિયામાંથી વિદાયનો ૧૨મો દિવસ. સામાજિક વ્યવહાર માટે આજે સંપૂર્ણ પરિવાર ભેગો થયેલ. આમ તો મધ્યમ વર્ગીય દયાસાહેબ, પરંતુ પોતાના વ્યવહાર અને વાણી-વર્તાવથી સદાય પરિવાર અને મિત્રોથી ઘેરાયેલા જ રહ્યા અને આજે એમના બારમાની વિધિએ ઉમટેલી જનમેદની એ વાતનું પ્રમાણ હતી કે, ''ફૂલ ગયું, પણ ફોરમ રહી.'' તેમના અંગત પરિવારની વાત કરીએ તો તેમનાં પત્ની શાંતાબેન લગભગ વીસેક વર્ષ પહેલાં જ આ દુનિયામાંથી વિદાય લઈ નવી દુનિયામાં ચાલ્યાં ગયાં હતાં. પુત્ર નિસર્ગ અને પુત્રી પ્રકૃતિના સથવારે આગળનું જીવન સુંદર રીતે વિતાવી દયાચંદભાઈ અચાનક પરધામ સિધાવી ગયા અને ''ન જાણ્યું જાનકીનાથે સવારે શું થશે ?'' વાતને લાગે છે જાણી ચૂક્યા હોય, તેમ પોતાનાં જીવનરહસ્યો પત્રોમાં છુપાવી વસિયત તરીકે તૈયાર કરી રાખેલાં.

(શું હતાં એ રહસ્ય ? શું એમના જીવનથી જોડાયેલાં હશે ? શા માટે અત્યાર સુધી આ પત્રો બધાથી અછાના રાખેલા હતા ? તો ચાલો આગળ વાંચીએ...)

બારમાની દરેક ક્રિયા પતાવ્યા બાદ નિસર્ગ અને પ્રકૃતિ પોતાના પિતાશ્રીના ઓરડામાં ગયાં અને તેમની તિજોરીમાંથી એ પત્રો કાઢ્યા જે તેમને વારસામાં મળ્યા હતા. પિતાની આર્થિક મિલકત મળવાની કદાચ એટલી ખુશી ન હતી જેટલી આ રહસ્યમય પત્રોમાં છુપાયેલા લેખને જાણવાની આતુરતા હતી. નિસર્ગ અને પ્રકૃતિ બંને જણા પિતાના જ ઓરડામાં ગોઠવેલી ખુરશીઓ પર બેઠાં, નિસર્ગે પ્રકૃતિને પત્ર લઈને વાંચવાનો ઈશારો કર્યો અને પ્રકૃતિએ પણ થોડી કુતૂહલતા, થોડા ડર અને કેટલીક અસમંજસ સાથે સૌથી ઉપરનો પત્ર ઉપાડ્યો. કુલ ત્રણ પત્રોમાં છુપાયેલાં રહસ્યમાંનું પહેલું રહસ્ય હમણાં જ ખૂલવાનું હતું. પ્રકૃતિએ પત્ર નિસર્ગને જ સંભળાય અને બહાર અવાજ ન જાય એમ વાંચવાની શરૂઆત કરી.

**પત્ર એક**

**મારા લાડલા નિસર્ગ અને**
**મારા દિલની ધડકન પ્રકૃતિ**

જાણું છું કે મારા ગયા બાદ વાંચવા માટે વારસામાં મળેલા પત્રોથી તમે બંને ખૂબ જ અચંબામાં હશો. ઘણા સવાલો તમારાં મન-મસ્તિષ્કમાં હશે, પરંતુ તમારા બંનેને આજે

જે વાત જણાવવા જઈ રહ્યો છું એ જાણવું પણ તમારા માટે એટલું જ અગત્યનું છે.

આજે નિસર્ગનો ૧૦મો જન્મદિવસ છે. આ દિવસ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો. હવે નિસર્ગ એ વયમાં પ્રવેશ્યો છે જ્યાં તે થોડો પરિપક્વ થઈને વિચારી શકે. આજે હું જે કહેવા જઈ રહ્યો છું તે ધ્યાનથી વાંચજો... ખરેખર તો આજે નિસર્ગનો જન્મદિવસ છે કે નહીં એની મને ખબર જ નથી, પરંતુ તમારી માતાના અવસાન પહેલાં તમારી માતા આજના જ દિવસે નિસર્ગનો જન્મદિવસ ઊજવતી હતી. અમારા લગ્નજીવનનાં લગભગ સાત વર્ષ બાદ તમારી માતાનું ખોળું ભીંજવી એના હૃદયને નિતારી હતી.

હા, તમે લગભગ બરાબર જ દિશામાં વિચારી રહ્યા છો. નિસર્ગ અમારું જન્મેલું બાળક નથી, પરંતુ તે અમારું જ સંતાન છે અને હા, નિસર્ગ તું ક્યારેય હવે નકારાત્મક વિચાર ના લાવીશ. ને તને માત્ર મારો લાડલો અને પ્રકૃતિને મારા દિલની ધડકનનું સંબોધન મેં તારા અને પ્રકૃતિ વચ્ચે તફાવત કરીને કર્યું છે. એવું ના વિચારીશ કે તું અમારા દ્વારા અવતરેલ નથી અને પ્રકૃતિ એ અમારો અંશ છે. ખરેખર તો પ્રકૃતિ એ પણ અમારા દ્વારા જન્મેલ બાળક નથી. પ્રકૃતિ તો નિસર્ગ તારા દ્વારા અમને મળેલી સુંદર ભેટ છે.

તમે બંને અમારા દ્વારા આ સૃષ્ટિ પર નથી અવતર્યા, પરંતુ તમે બંને અમારાં સંતાનોથી પણ વિશેષ છો, માટે જ્યાં સુધી તમારી માતા જીવંત હતી ત્યાં સુધી તો તેણે મને એ વિચાર પણ મનમાં લાવવાની પરવાનગી નહોતી આપી, પરંતુ હવે તેના અચાનક ગયા બાદ મને પણ એવું લાગે છે કે જીવનનો શો ભરોસો ? ક્યારે પોટલી બંધાઈ જાય ? અને એનાથી પહેલાં આપ બંનેને આપની સચ્ચાઈ જાણવાનો અધિકાર છે એવું મને લાગતા આજે આ પત્રમાં લખી નાખવાનું નક્કી કર્યું.

મને ખાતરી છે કે, તમે બંને જણા સંપૂર્ણ સત્ય જાણ્યાં પહેલાં ક્યારેય અમારા વિશે ખોટી ધારણા નહીં બાંધો અને હકીકત જાણ્યા બાદ આટલાં વરસો સુધી તમારી સચ્ચાઈ છુપાવી રાખવા માટે અમને માફ કરી દેશો. ખૂબ આશિષ, સદાય ખુશ રહો.

આપ બન્નેના પાલક પિતા
દયાચંદ

પત્ર વાંચ્યા પછી નિસર્ગ અને પ્રકૃતિની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને એક નીરવ શાંતિ આખા ઓરડામાં છવાઈ ગઈ. બંને જણા એકબીજાંની સામે અનીમેષ નજરે માત્ર જોતાં જ રહ્યાં. જે પિતાની આજે બારમાની વિધિ એક પુત્ર અને એક પુત્રી તરીકે પોતે નિભાવી એ પિતાના તેઓ કંઈ નથી એ વાત એમને માનવામાં આવતી ન હતી.

થોડી ક્ષણોની શાંતિ બાદ પ્રકૃતિ પોતાને સ્વસ્થ કરી, નિસર્ગ અને તેના માટે પાણી

લેવા બહાર ગઈ. નિસર્ગ પિતાની ટિંગાયેલી ફોટોફ્રેમને નિહાળતો ઊભો રહ્યો. પ્રકૃતિ પાણી લઈને આવે છે, બંને જણા પાણી પીને થોડા શાંત થાય છે. અને બીજા પત્રની તરફ નજર માંડે છે. આ વખતે નિસર્ગ પોતે જ પત્ર વાંચવાની ઈચ્છા રાખતો હોય છે, માટે જ કંઈ પણ કહ્યા વગર એ પત્ર ઉપાડીને ખોલવા માંડે છે.

(શું હશે આગળના પત્રમાં ? શું બંને ભાઈ-બહેનને પોતાના અસ્તિત્વની જાણ થતાં દુઃખ થયું હશે ? શા માટે પ્રકૃતિ, એ નિસર્ગે આપેલી ભેટ છે, એમ કહ્યું હશે ?)

**પત્ર ૨**

**મારા લાડલા નિસર્ગ,**
**મારા દિલની ધડકન પ્રકૃતિ**

હા, આજે પણ એ જ સંબોધન કરીને શરૂઆત કરીશ. નિસર્ગ તે ૧૬માં વર્ષમાં પ્રવેશ કર્યો. કુદરતી રીતે તારામાં શારીરિક અને માનસિક બદલાવ આવે તે સ્વાભાવિક છે. સમય અને પરિસ્થિતિને સમજી શકે એટલી સમજ તને આવી ગઈ છે. અને સમયની સાથેસાથે તું વધુ ને વધુ સમજદાર થતો જાય છે. આ ઉંમરે વડીલોની કાળજી કરવી એ તારો આગવો ગુણ મારા હૃદયને સ્પર્શી જાય છે. પ્રકૃતિ માટેનો તારો અસીમ પ્રેમ, મન હવે પ્રકૃતિના ભવિષ્યની ચિંતાથી મુક્ત કરે છે. ખરેખર, લોહીનો ન હોય તો શું થયું ? ભાઈ બહેનનો સંબંધ આ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ અને પવિત્ર છે એ વાતની સાબિતી તમને બંનેને જોઈને થાય છે. હવે કદાચ એ સમય આવી ગયો છે કે હું તમને જણાવું કે તમે બંને અમારા જીવનમાં કઈ રીતે આવ્યાં. તો ધ્યાનથી વાંચજો... લગ્નજીવનનાં લગભગ પાંચેક વર્ષ સુધી અમારા ઘરે પારણું ન બંધાતાં, અમે ડૉક્ટરી તપાસ કરાવી, ડૉક્ટર્સના રિપોર્ટ પ્રમાણે અમારે સંતાનસુખની શક્યતા નહિવત્ હતી અથવા તો કહી શકાય કે ન જ હતી, પણ કંઈક અંશે હતી એ આશાએ અમે મુંબઈ થી કેરલ જવાનું નક્કી કર્યું. કેરલમાં કુદરતી ઉપચાર માટેની ખુબ મોટી સંસ્થા છે, ત્યાં કદાચ કુદરતના સાંનિધ્યમાં અનો આબોહવામાં અમને બાળક રહે એવી તમારી માતાને આશા હતી. તેથી અમારા વડીલોના આશીર્વાદ લઈને અમે કેરલ જતાં રહ્યાં. પ્રભુ પરની આસ્થા. કુદરતી ઉપચાર અને સ્વર્ગીય વાતાવરણમાં અમે જીવન પસાર કરી રહ્યાં હતાં. ત્યાં જ એક દિવસ શાંતાને કંઈ કામથી બીજા ગામમાં જવાનું થયું. બસનો પ્રવાસ હતો, મેં એને ટિકિટ કઢાવી. બસમાં બેસાડી દીધી અને મારા કામથી નીકળી ગયો. ત્યાં જ એક બસમાં એક સામાન્ય રીતે ખૂબ જ ગરીબ કહી શકાય એવી સ્ત્રી ચઢી, જે નવ મહિનાની સંપૂર્ણતાના આરે હતી. કોઈ પણ સમયે પ્રસૂતિ થઈ શકે તેવી સંભાવના દેખાતી હતી. એ બસમાં આવીને શાંતાની બાજુની સીટ પર બેસી ગઈ. ખૂબ જ થાકેલી અને ચિંતિત હોય તેવું જણાઈ રહ્યું હતું. કદાચ માનસિક રીતે પણ થાકેલી હતી. શાંતાને એના પર દયા આવી

અને તેને પાણી પીવા માટે આપ્યું. કેરલ બાજુની વ્યાવહારિક ભાષાનું વધુ જ્ઞાન શાંતાને ન હતું. માટે વધુ કંઈ જ પૂછવું અને જાણવું તેના માટે અશક્ય થઈ ગયું અને જેમ આગળ કીધું તેમ પ્રસૂતિ લગભગ ક્યારેય પણ થઈ શકે એવી પરિસ્થિતિ હતી અને એમ જ થયું. બસ ઊપડે એ પહેલા એ મહિલાને પ્રસૂતિની વેદના શરૂ થઈ. અને તેની સાથે તેનો કોઈ પરિવાર જન પણ ન દેખાતા શાંતાને આવી પરિસ્થિતિમાં તેને એકલા છોડીને આગળ વધવું ઠીક ન લાગ્યું.

ત્યારના જમાનામાં અત્યારની જેમ મોબાઈલ ફોનની કે કોઈ એવી ખાસ સુવિધાઓ ન હતી. શાંતાએ બેનને કંડકટરની મદદથી નીચે ઉતારી અને કંડકટરે તેમને સરકારી દવાખાને લઈ જવા રિક્ષા કરી આપી. યેન કેન પ્રકારેણ શાંતાએ મહિલાને દવાખાને લઈ આવી. અને ડૉક્ટરો તેને તાબામાં લે એ પહેલાં એ મહિલાએ શાંતાનો હાથ ખૂબ મજબૂતીથી પકડી લીધો અને એની આંખો જાણે આજીજી કરતી હોય તેમ કેહવા મથી રહી હતી કે, જો મને કંઈ પણ થાય તો મારા બાળકને સંભાળી લેજો. કેવો ઋણાનુંબંધ હશે એ? કે જ્યાં શબ્દોની ભાષા ન હતી તોય મનની લાગણી સમજાઈ ગઈ, કહેવાઈ ગઈ. ત્યાર બાદ પ્રસુતિ દરમ્યાન એ મહિલાનું અવસાન થયું, પરંતુ તે આ દુનિયાને, ખરેખર તો અમને એક સુંદર બાળક ભેટ સ્વરૂપે આપતી ગઈ. અમને તેના કર્ઝદાર બનાવતી ગઈ. ત્યાર બાદ શાંતાએ મારો સંપર્ક કર્યો અને સંપૂર્ણ વિગતની જાણ કરી અને એ બાળકનો ઉછેર પોતે કરવા માંગે છે તેવી ઈચ્છા વ્યક્ત કરી અને મેં પણ નિસર્ગને ખોળામાં લઈને બેઠેલી શાંતાના ચહેરા પર સાત વર્ષથી માતા તરીકે દાબી રાખેલી ઊર્મિઓનાં મોજાંને મેહસૂસ કર્યા અને નિસર્ગને ન અપનાવવાનું કોઈ કારણ રહ્યું. દરેક સરકારી પ્રક્રિયા પૂર્ણ કરીને અમે નિસર્ગને આપણા ઘરે લઈને આવ્યાં અને અમારા બાળક તરીકે તારો ઉછેર શરૂ કર્યો.

હવે કદાચ, તારા મનમાં એ સવાલ થાય કે તારો જન્મ તારી શાંતા માતાના જ હાથમાં થયો છે તો, જન્મતારીખ કેમ ખબર નથી? તો સાંભળ, તું અમારું સંતાન નથી એ વાત કઈ પણ રીતે અમારા મનમાં આવે તેવી શાંતાની ક્યારેય ઈચ્છા ન હતી અને માટે જ કદાચ પાંચ-છ મહિનાનો તું હોઈશ અને પ્રથમ વખત જ ‘‘મા’’ એમ સંબોધન કરતો હોય તેમ બોલ્યો. બસ, એ જ દિવસને તારી માતા તારા જન્મદિવસ તરીકે ઊજવી રહી છે.

બેટા, મને હજી પણ વિશ્વાસ છે કે, આટલી સચ્ચાઈ જાણ્યા પછી તું અમારા વિશે નકારાત્મક ભાવના તો નહિ જ લાવે. એ વખતની સમય-પરિસ્થિતિને તું સમજી શક્યો હશે. અમારા જીવનમાં આવવા બદલ તારો ખૂબખૂબ આભાર દીકરા. તારી નાની બહેન. પ્રકૃતિને સદાય આમ જ પ્રેમ કરતો રહેજે. ખુશ રહો, સુખી રહો એવા આશીર્વાદ.

આપ બંનેનો પાલક પિતા

દયાચંદ.

(શું હશે નિસર્ગની મનોસ્થિતિ ? પોતાની સાચી માતાની જાણ થતાં શું તે શાંતાબેનને માતા તરીકે સ્વીકારી શકશે ? શું પ્રકૃતિ માટેનો તેનો અસીમ પ્રેમ યથાવત્ રહેશે ?)

બીજો પત્ર વાંચ્યા બાદ નિસર્ગ લગભગ અવાક્ જ બની ગયો, તેનું મસ્તિષ્ક શૂન્ય થઈ ગયું હતું. વર્તમાન પરિસ્થિતિની જાણે એને કંઈ ગતાગમ જ રહી ન હતી. કદાચ, રડવું હતું. એને... દિલ ખોલીને રડવું હતું. આજે કદાચ, એને સાચા સહારાની જરૂર હતી અને એ સહારો બની પ્રકૃતિ. કહેવાય છે કે બેન નાની પણ હોય તોય તે એક માતાની, એક સખીની ગરજ સારે છે અને આજે પણ એમ જ થયું. પ્રકૃતિએ ઊઠીને નિસર્ગને પોતાની બાથમાં લઈ લીધો અને નિસર્ગ ધોધમાર વરસી પડ્યો. કેટલીય ક્ષણો સુધી વાતાવરણ આમ જ રહ્યું અને માત્ર લાગણીઓનાં જ મોજા ઉમટી રહ્યાં હતાં.

નિસર્ગને સાચવતી પ્રકૃતિની પણ મનઃસ્થિતિ સ્થિર ન હતી. તેણી પણ પોતાના અસ્તિત્વ વિશે જાણવા તરસી રહી હતી કે પિતાએ પ્રકૃતિને નિસર્ગ તરફથી મળેલી ભેટ એમ શા માટે કહ્યું હશે ? શું છુપાયેલું હશે એના અતીતમાં ? કંઈ રીતે તેણીનું આગમન આ પરિવારમાં થયું ? કંઈકેટલાય પ્રશ્નોનાં વાવાઝોડાં એનાં મન-મસ્તિષ્કમાં તોફાન મચાવી રહ્યાં હતાં. દિલની ધડકન વધુ વેગીલી બની ગઈ હતી. તેને એ ત્રીજો પત્ર વાંચવાની તીવ્રતા થઈ આવી હતી. કદાચ, તે સમજી ગઈ હશે કે તેના જીવનનું સત્ય એ જ પત્રમાં છુપાયેલું છે. તેણીએ પ્રથમ પોતે સ્વસ્થતા કેળવી અને ત્યાર બાદ નિસર્ગને સ્વસ્થ કર્યો. એક ઊંડો શ્વાસ લીધો અને ત્રીજો પત્ર હાથમાં લીધો. આ વખતે પ્રકૃતિના હાથમાં કંપારી હતી અને શબ્દોમાં અસ્પષ્ટતા.

**પત્ર ૩**

**મારી ધડકન, મારી લાડલી પ્રકૃતિ,**
**મારા શ્વાસોચ્છ્વાસ, મારો દીકરો નિસર્ગ**

આજે પ્રથમ સંબોધન પ્રકૃતિ અને નિસર્ગ માટે નવું સંબોધન, નવાઈ લાગી હશે ને ? આજે મારી લાડલી સોળ વરસની થઈ અને આજે મારી ઢીંગલીની સચ્ચાઈ અહીં આલેખવાનો છું. સાથે જ નિસર્ગના સંસ્કાર અને સમજ જોઈને મને વિશ્વાસ થાય છે કે, જો મારું પોતાનું લોહીપણ હોય તોપણ કદાચ આટલી લાગણી ન રાખત. નિસર્ગ દીકરા, તે મારા દરેક અરમાનોને પૂરા કર્યા છે. બસ, હવે તારી પાસેથી એક જ છેલ્લી આશા છે કે મારા ગયા બાદ પ્રકૃતિને તું કોઈ પણ પ્રકારનું ઓછું આવવા નહિ દે. તું મારો પ્રાણ છે નિસર્ગ અને પ્રકૃતિ મારી ધડકન. જો ખરા અર્થમાં પુત્ર તરીકે કોઈ ફરજ હોય તો એ દરેક ફરજને તે બખૂબી નિભાવી છે. હવે ભાઈ તરીકે અને ત્યાર બાદ પિતા તરીકેની ફરજ નિભાવવાની છે. પ્રકૃતિનો પિતા...

તમને બંનેને ખ્યાલ હશે કે મેં આગળના પત્રમાં જણાવ્યું હતું એમ પ્રકૃતિ એ અમને

નિસર્ગ તરફથી મળેલી ભેટ છે. સવિસ્તાર સમજાવું...

નિસર્ગ જ્યારે ત્રણેક વર્ષનો હશે, ત્યારે રાખડી પૂનમના દિવસે તે શાંતા સાથે મામાના ઘરે ગયો હતો. ત્રણ વર્ષનો નિસર્ગ હવે થોડીથોડી સમજ રાખતો હતો. ઘણી જિજ્ઞાશા અને કુતૂહલતા એના મનમાં રહેતી હતી અને સ્વાભાવિક પણ છે. નાનું બાળક ખૂબ જ માસૂમ હોય છે. સાથે જ ખૂબ લાગણીશીલ પણ હોય છે. આવો જ કંઈક આપણો નિસર્ગ હતો. રક્ષાબંધનના દિવસે શાંતાને એના ભાઈના હાથમાં રાખડી બાંધતી જોઈને અને સામે મામાએ મમ્મીને આપેલી ભેટ અને સદાય રક્ષા કરવાનું વચન... આ બધું જોઇને નિસર્ગ ઘણા પ્રશ્નોથી ઘેરાઈ ગયો અને એકદમ ભોળા ભાવથી એણે પોતાની બહેન કોણ છે ? એ ક્યાં છે ? તે મને રાખડી બાંધવા કેમ ન આવી? વગેરેવગેરે કેટલાય સવાલો કરવા લાગ્યો. બાળક છે, અમસ્તો જ આવા સવાલો કરે છે, એમ વિચારી અમે બધાએ એના સવાલોનો યથાશક્તિ જવાબ આપી એ વિષયને ટાળી દીધો, પરંતુ ખરેખર ક્યાં નિસર્ગ માન્યો હતો ? એના મનમાં આ પ્રસંગે ઘણી ઊથલપાથલ કરી હતી. હવે તે સામાન્ય જીવન કરતાં અલગઅલગ અને બદલાયેલો રહેવા લાગ્યો. શરૂઆતના એક-બે દિવસ તો અમે પણ ધ્યાન ન આપ્યું, પરંતુ ધીરેધીરે અમને એના બદલાયેલા વર્તનની સમજ આવવા લાગી હતી. દરેક વાતમાં પોતાની બહેન અને એની સાથે પોતે ભવિષ્યમાં શુંશું કરશે ? વગેરેનાં સપનાં જોતો રહેતો. હસવાનું, રમવાનું, કહો કે જમવાનું પણ લગભગ ભૂલી જ ગયો હતો.

પોતાની કાલ્પનિક બહેનની લાગણીઓમાં એટલો બધો બંધાઈ ગયો હતો કે ત્રણ વરસનો એ બાળક પોતાના અસ્તિત્વને ભૂલી ગયો હતો. એક દિવસ તો જિદે ચઢી ગયો. હવે મારે રાહ નથી જોવી, મને મારી બહેન હમણાં ને હમણાં જ જોઈએ અને ખૂબ રડવા લાગ્યો. એનું એ રુદન, એ જિદ અને સહુથી વિશેષ તો પોતાની બહેન માટેની લાગણી જોઈ અમે બંને પણ લાગણીમાં તણાઈ ગયાં.

ત્યાર બાદ હું નિસર્ગને લઈને મારા એક મિત્ર પાસે ગયો જે અનાથ આશ્રમમાં સેવાકાર્યનું કામ કરતો હતો અને મેં તેમને સંપૂર્ણ હકીકત જણાવી અને એક કન્યાને દત્તક લેવાની ઈચ્છા વ્યક્ત કરી. એમણે પણ નિસર્ગને ઘણા આડા-અવળા પ્રશ્નો કર્યા, પણ નિસર્ગના દરેક જવાબમાં માત્ર અને માત્ર પોતાની બહેન માટેની લાગણી અને પ્રેમ જ છલકાઈ રહ્યાં હતાં. તેમને મારી અને આપણા પરિવારની સંપૂર્ણ જાણકારી તો હતી જ માટે અમુક સામાન્ય ક્રિયા પૂર્ણ કરી તેઓ નિસર્ગને એક નાની બાળકી પાસે લઈ ગયો. જે લગભગ બે-એક મહિનાની હશે. જેને ૧૫ દિવસ પહેલાં જ કોઈ આશ્રમના ઓટલા પર મૂકીને જતું રહ્યું હતું. મારા મિત્રે નિસર્ગને એ બાળકી જ તેની બહેન છે તેવી ઓળખાણ કરાવી. એ માસૂમ બાળકીની ચમકદાર આંખો અને ગાલ પર પડતાં ખંજનથી કોઈ પણ મોહિત

થઈ જાય. પોતાની બહેનને જોઈને નિસર્ગ તો ગાંડો-ઘેલો થઈ ગયો. કંઈ એવી મજબૂરી હશે ? એ વ્યક્તિની કે જેણે માતા સરસ્વતી અને લક્ષ્મીના અવતાર સમાન એ દીકરીને ઓટલે છોડવી પડી હશે.

ત્યાર બાદ અમે એ ઢીંગલીને આપણા ઘરે લઈને આવ્યા અને શાંતા તો એને જોઈને હરખથી રડવા લાગી. રડતી જાય ને ચૂમતી જાય, કેવી લાગણીઓનો વરસાદ વરસી રહ્યો હતો ! બધાંની આંખોમાં હર્ષનાં પાણી છલકાતાં હતા. આમ, પ્રકૃતિ એ નિસર્ગ તરફથી મળેલી ભેટ છે. જે અમૂલ્ય, અતુલ્ય છે. આમ આપ બંને અમારા જીવનબાગમાં કુદરતે આપેલ અણમોલ ભેટ છો.

''નિસર્ગ'' અને ''પ્રકૃતિ''

આશા છે અને વિશ્વાસ પણ કે તમે બંને આ પત્રમાં લખેલી માહિતીથી જરા પણ દુઃખી નહિ થયાં હોવ. હજી પણ આપ બંનેનો એકબીજાં પ્રત્યેનો પ્રેમ અમાપ અને અસીમ જ રહેશે. તમારાથી અમારા જીવતે જીવ અમે તમારી સચ્ચાઈ છુપાવી તે બદલ અમે દિલગીર છીએ, પરંતુ જીવતે જીવ સચ્ચાઈ જણાવી દઈએ અને તમારી નારાજગી વહોરી લઈએ એટલી હિંમત કદાચ તમારા 'શાંતામાં' અને 'દયાચંદ પિતામાં' ન હતી, માટે જ આ પત્રો તમે, મારા ગયા પછી જ વાંચો એવી સગવડ કરી છે. જો બની શકે તો અમને ક્ષમા કરશોજી અને તમારા ઉછેર દરમ્યાન અમારાથી કંઈ પણ ખામી રહી ગઈ હોય તો માફ કરશોજી.

લિ. દયાચંદ.

આમ ત્રણે પત્રો વાચ્યાં બાદ અને પોતાના અસ્તિત્વની સાચી જાણ થયા બાદ બંને ભાઈ-બહેન લગભગ અવાક્ અને શૂન્યમનસ્ક જ બની ગયાં હતાં. પણ તોય નિસર્ગે જલદીથી સ્વસ્થતા કેળવીને પોતાના પિતા દ્વારા પત્રમાં થયેલી એક ભૂલને સુધારવા કલમ લીધી.

(શું હશે એ ભૂલ? આગળ પણ ભાઈ-બહેનનો પ્રેમ યથાવત્ રહેશે? શું પોતાના અસ્તિત્વની સચ્ચાઈ છુપાવવા બદલ તેઓ શાંતાબેન અને દયાચંદભાઈ ને માફ કરી શકશે ?)

પત્રના અંતે દયાચંદભાઈએ માત્ર લિ. દયાચંદ એટલું જ લખ્યું હતું. જેની આગળ નિસર્ગે ''તમારો પિતા'' આ બે શબ્દ ઉમેરી, ''પાલક'' શબ્દની બાદબાકી કરી દીધી. ત્યાર બાદ બંને ભાઈ -બહેન એક બીજાંના ગળે વળગીને ખૂબ રડ્યો અને પોતાના પર ઉપકાર કરેલ એ વિધાતા સમાન માતા-પિતાનો જીવતે જીવ ધન્યવાદ પણ ન કરી શક્યાનો અફસોસ કરવા લાગ્યાં. આ પત્રો વાંચતાં પહેલાં તો તેઓને માતા-પિતા માટે આદર, ભાવ, માન, લાગણી, પ્રેમ હતાં જ પણ આજે આ પત્રમાં વાંચેલી હકીકત જાણ્યા પછી એ બધાંમાં કંઈક કેટલોય ગણો વધારો થયો, સાથે એક અભિમાન પણ થયું કે, તેઓ એવા દંપતીના સંતાનો છે કે, જેને પામવા પોતે ભગવાન પણ મથી રેહતા હોય છે.

- દિગ્રસ (MP)

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

સોળમું વર્ષ. અમૃતા હવે સોળ વર્ષની થઈ. સોળમા વર્ષે આકાશની અનંત સીમાઓ ઊઘડે છે અને પંખી પાંખ ફફડાવતું અનંત ભણી ઊડે છે. શૈશવ હવે અલવિદા કરી ધીમેથી સરી જવાની પેરવીમાં છે અને મુગ્ધાવસ્થા! એણે ક્યારે પગરણ માંડી પ્રવેશ કર્યો એની જાણ જ ન થઈ. શૈશવનું રમતિયાળ આંગણું, દોડતું, કૂદતું, ઠેકડા મારતું, નફિકરું, રિસાઈ જતું, જિદ્દી બચપણ કહી રહ્યું છે. હવે હું જઈ રહ્યો છું. અચાનક જ એક સ્વપ્ન પાંપણો આવીને લપાઈ ગયું. સખીઓ સાથેની અલ્લડ મસ્તીમાં કોણ જાણે ક્યાંથી ઠાવકાઈથી આવીને બેઠું અને પાંપણો ધીમેથી ઢળી પડી. મનને તો બધું ગમતું હતું, પણ એ પણ ડોળ કરી કહેતું હતું; જા હવે!

પરંતુ..... અમૃતાનું આ સોળમું વર્ષ તદ્દન અલગ જ હતું. એ કહે છે:

સોળમું વર્ષ આવ્યું- એક અજાણ્યાની જેમ. પાસે આવીને પણ એક અંતર પર ઊભું રહ્યું. હું ક્યારેક છાનીમાની તેની તરફ જોઈ લેતી, તે ક્યારેક હસીને મારી તરફ જોઈ લેતું.

ક્યાં છે અમૃતાનું એ આકાશ? ક્યાં છે એ પાંખ ફફડાવતું પંખી? અમૃતાની સ્થિતિ અલગ જ હતી. મા વિના અમૃતાની જિંદગીનું સોળમું વર્ષ આવે છે. પિતા લેખક અને ધાર્મિક નેતા. સ્વભાવે કઠોર અને એમની માનસિકતામાં સંયમ એ જ પરમ ધર્મ. અમૃતા લખે છે:

મા જીવતી હોત તો કદાચ સોળમું વર્ષ બીજી રીતે આવત-પરિચિતોની જેમ, બહેનપણીઓ-દોસ્તોની જેમ, સગા-સંબંધીઓની જેમ, પણ માની ગેરહાજરીને કારણે જિંદગીમાંથી કેટલુંય ગેરહાજર થઈ ગયું હતું. આસપાસની સારી-નરસી અસરથી બચાવવા માટે પિતાજીનો એમાં જે સુરક્ષા જણાતી હતી કે મારું કોઈ પરિચિત ન હોય - ન સ્કૂલની કોઈ છોકરી, ન પડોશનો કોઈ છોકરો. સોળમું વર્ષ પણ આ જ ગણતરીમાં શામિલ હતું અને મનો લાગે છે કે એટલે જ તે સીધી રીતે ઘરનો દરવાજો ખખડાવીને આવ્યું ન હતું, પણ ચોરની જેમ આવ્યું હતું.

ઘરમાં પુસ્તકો અનેક, પણ મોટે ભાગે બધાં ધાર્મિક પુસ્તકો. એમાં કોઈક ઐતિહાસિક પુસ્તકો પણ ખરાં. એમાં મેનકા અને ઉર્વશીની કથાઓ આવતી. આ અપ્સરાઓએ ઋષિઓની સમાધિનો ભંગ કર્યો. આવું કોઈ પુસ્તક વાંચતા અમૃતાની સામે એનું સોળમું વર્ષ આવીને ખડું થઈ જતું. સોળમું વર્ષ અમૃતા માટે અંકુશિત-સંયમિત થઈને આવ્યું, એ કહે છે:

કોઈ ઋષિની સમાધિ તૂટી જાય તો ભટકવાનો શાપ એની પાછળ પડે છે - મારી પાછળ 'વિચારો'નો શાપ પડ્યો.

અને હવે અમૃતા કવિતા લખવા માંડી હતી. આમ તો પિતાજીને અમૃતા કવિતા લખે એ ગમતું. કાફિયા-રદીફ તો એમણે જ શીખવ્યા હતાં. પરંતુ એમનો આગ્રહ હતો કે અમૃતા કેવળ ધાર્મિક કવિતા જ લખે. એક આજ્ઞાંકિત બાળકની જેમ અમૃતા આવા પરંપરાગત કાવ્યો લખી નાખતી, પરંતુ અમૃતાના મનથી એ બધું વ્યર્થ - ફોગટનું હતું.

આમ સોળમું વર્ષ આવ્યું અને ચાલ્યું ગયું. વીતેલાં સોળ વર્ષ જીવનનો એક એવો કાળ છે જ્યારે, સામાન્યતઃ બધું સીધું અને સરળતાથી થતું હોય છે. બાળપણનાં આ સોળ વર્ષની સમાપ્તિ સાથે હવે એક એવો આત્મવિશ્વાસ ઊભો થાય છે કે અત્યાર સુધી સઘળું સહજ-સ્વીકાર્ય હતું તે હવે એક પ્રશ્ન બનીને સામે ઊભું રહે છે. વીતેલાં વર્ષોની સપાટ સડક પૂરી થઈ અને હવે ખાબડખૂબડ, ભયંકર વળાંકોવાળી સડક શરૂ થાય છે. મન હવે આજ્ઞાંકિત બની સ્વીકાર કરવાને બદલે સામું થાય છે અને એક તંગ ડોર પર જીવન વહેતું રહે છે.

સપ્ત ઋષિઓને આકાશમાં જોઈને દૂરથી પ્રણામ કરવાના હોય. એ આકાશના તારાઓને પાસે જઈને અડવાનું મન થાય છે. આસપાસ અને દૂરની હવામાં એટલી મનાઈઓ અને એટલાં ઈનકાર-નકાર અને એટલો વિરોધ હોય છે કે શ્વાસમાં આગ સળગી ઊઠે છે.... જેટલી હદ સુધી આ બધું બીજાઓ સાથે થાય છે એ કરતાં મારી સાથે એનાથી ત્રણ ગણું થયું.

અમૃતા માટે હતી મધ્યમવર્ગની રૂઢિગત રહેણીકરણી, મા ન હોવાને કારણે દરેક વખતે ઘણીબધી વાતોમાં મનાઈઓની શૃંખલા, અને પિતા ધાર્મિક નેતા હોવાને કારણે અત્યંત સંયમી થઈને રહેવાનું એક બંધન.

સોળમા વર્ષ સાથેનો મારો પરિચય નિષ્ફળ પ્રેમ જેવો હતો, જેનું મીઠું દર્દ હંમેશને માટે ક્યાંક પડ્યું રહે છે અથવા કદાચ એટલે જ એ સોળમું વર્ષ પણ હવે મારી જિંદગીના દરેક વર્ષમાં ક્યાંક ને ક્યાંક સમાયેલું છે.

અમૃતાના જીવનમાં સોળમું વર્ષ એક એવી તંગ સ્થિતિ લઈને આવ્યું જે પ્રત્યેનો રોષ કેટલીયે વાર આગ બનીને ભભૂકી ઊઠયો હતો.

૧૯૪૭માં દેશના ભાગલા વખતે પણ એવાં સામાજિક, રાજનૈતિક અને ધાર્મિક મૂલ્યો કાચના વાસણની જેમ તૂટી ગયાં હતા; એની કરચો લોકોના પગમાં વેરાયેલી હતી અને માથામાં પણ. જિંદગીનું મુખ જોવાની રખડપાટમાં મેં એવી વ્યાકુળતાથી કવિતાઓ લખી જે વ્યાકુળતાથી કોઈ સોળમે વર્ષે પોતાના પ્રિયનું મુખ જોવા માટે લખે છે અને એ જ રીતે પછી પડોશી દેશોના આક્રમણ વખતે, વિયેટનામની લાંબી યાતના વખતે ચેકોસ્લોવાકિયાની વિવશતા વખતે. મને લાગે છે કે જ્યાં સુધી આંખોમાં કોઈ સુંદર કલ્પના કાયમ રહે છે અને એ કલ્પનાના માર્ગમાં જે કાંઈ પણ ખોટું થાય છે તે માટે રોષ કાયમ રહે છે ત્યાં સુધી માણસનું સોળમું વર્ષ કાયમ રહે છે (ઈશ્વરની જેમ દરેક મુખમાં).

અમૃતા કહે છેઃ સોળમા વર્ષનો સંબંધ મન સાથે છે. મનમાં સોળમા વર્ષની જે કલ્પના છે એ સંબંધ તો કાયમનો છે. અને એના મનની આ સ્થિતિની કલ્પનાનો ચિતાર એનું વિદ્રોહી મન આપે છે. જે ન થવું જોઈતું હતું એ એની સાથે થયું છે અને એનો ડંખ એવો છે જેની પીડા જીવનમાં વ્યક્ત થતી જ રહે છે અને એની પીડા અમૃતા વ્યક્ત કરે છે અહિં.....

ઈશ્વરની જે સહાયે આ સોળમા વર્ષને કાંઈ અપ્સરાની જેમ મોકલીને મારા બાળપણની સમાધિનો ભંગ કર્યો હતો તે સહાયની હું ઋણી છું, કારણકે એ સહાયનો સંબંધ કેવળ એક વર્ષ સાથે ન હતો - મારી આખી જિંદગી સાથે છે. મારું દરેક ચિંતન અત્યારે પણ થોડાથોડા સમય પછી મારા સીધાસાદા દિવસોની સમાધિનો ભંગ કરતું રહે છે. (ધૈર્ય ને સંતોષથી જિંદગીનાં ખોટાં મૂલ્યોની સાથે કરેલી સુલેહ એ સમાધિના જેવી હોય છે, જેમાં જિંદગી વ્યર્થ વીતી જાય છે.) અને હું ખુશ છું કે મેં સમાધિના સુખનું વરદાન નથી મેળવ્યું, રખડવાની બેચેનીનો શાપ મેળવ્યો છે... અને મારું સોળમું વર્ષ આજે પણ મારા પ્રત્યેક વર્ષમાં સામેલ છે... જો કે, હવે તેનું મુખ અજાણ્યું નથી રહ્યું. સૌથી વધારે પરિચિત થઈ ગયું છે અને હવે ચોરીછૂપીથી દીવાલો કૂદીને આવવાની જરૂર નથી રહી, તે દરેક વિરોધને છડેચોક પછાડીને આવે છે અને તેનાં બધાં લક્ષણ હજી પણ એવાં જ છે જ્યારે પણ આસપાસનું બધું, શરીર પરનાં કપડાંની જેમ આત્માને તંગ લાગે છે, હોઠ જિંદગીની તરસથી શુષ્ક થઈ જાય છે, આકાશના તારાને હાથ અડાડવાનું મન થાય છે અને દુનિયામાં કોઈને પણ અને ક્યાંક પણ કોઈ અન્યાય થતો હોય તેની વિરુદ્ધ મારા શ્વાસમાં આગ સળગી ઊઠે છે.

અમૃતાના જીવનમાં જે કંઈ પણ થયું છે એ સઘળું અદૃષ્ટ ઘટનાઓ સ્વરૂપે જ થયું છે. એના મનની ભીતર સતત કંઈક થઈ રહ્યું છે અને એ બધું જ એનાં કાવ્યોમાં, સાહિત્યમાં પ્રકટ થયું છે. કોઈ અહેસાસ, ભાવ કે ઊર્મિઓનો ઉછાળ બનીને અનો એથી જ કહે છે; એનું સોળમું વર્ષ એના જીવનના દરેક વર્ષમાં છે.

એના વિદ્રોહમાં એની પીડા જ વ્યક્ત થઈ રહી છે. અમૃતા એક તરસ છે. આપણી સંવેદના એના શુષ્ક હોઠોમાં ધરબાયેલી તરસના સાગરની આદ્રતાનો સંસ્પર્શ પામી શકશે ?

અને હવે પછી : એક પડછાયો ! કોણ છે એ ?

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# વાત છે મારી-તારી-આપણી

શાંતિલાલ ગઢિયા

## કૃતજ્ઞતામાં કૃપણતા શા માટે ?

પચાસથી પણ વધારે વર્ષ પહેલાંની વાત છે. કૉલેજ - અધ્યાપકના વ્યવસાય દરમિયાન અમે ચાર મિત્રો વડોદરાથી ટ્રેનમાં આવ-જા કરતા. રેલવે લાઈનનું વીજળીકરણ થયું નહોતું. ઠચૂક ઠચૂક બાપુની ગાડી દસ-પંદર મિનિટ મોડી પહોંચે એ સામાન્ય ઘટના હતી. અમે એન્જિનથી બીજા-ત્રીજા કમ્પાર્ટમેન્ટમાં બેસતા, જેથી ઊતરતી વખતે કૉલેજનો સીધો રસ્તો સરળતાથી પકડી શકાય. એક દિવસ અમારા સુખદ્ આશ્ચર્ય વચ્ચે ટ્રેન બિફોર ટાઈમ ગંતવ્ય સ્થાને પહોંચી. 'અરે, કેવો ચમત્કાર!', અમે બોલી ઊઠ્યા. ગાડી ઊપડે તે પહેલાં ઝટ અમે ડ્રાઈવરને મળ્યા. થેન્ક યુ કહી શાબાશી આપી. એનો જવાબ આજે પણ અક્ષરશઃ યાદ છે. 'લોગ હમેં ડાંટતે હૈં, શિકાયત કરતે હૈં, લેકિન આજ પહલી બાર શુક્રિયા કહનેવાલે લોગ મિલે. ખુશી હુઈ.'

ડ્રાઈવરની વાત મહદ્ અંશે ખરી છે, માણસને બીજાનું ખરાબ પાસું તરત દેખાય છે અને કટુ વાણીમાં એની આલોચના કરે છે, પણ સારું પાસું જોઈને કૃતજ્ઞતાપૂર્વક બે મીઠા શબ્દો બોલવામાં કંજૂસાઈ કરે છે. અંગ્રેજીમાં બે શબ્દો છે, જ્યારે આપણી ભાષામાં ફક્ત એક જ શબ્દ બોલવાનો હોય છે- 'આભાર' યા 'ધન્યવાદ'. તોય આપણે ક્વચિત્ મૌન જડ પથ્થર બની રહીએ છીએ

આપણને અપેક્ષાઓ ઘણી હોય છે, પણ એ સંતોષાય ત્યારે સામી વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતાભાવ પ્રગટ કરવાનો વિવેક ચૂકી જઈએ છીએ. દા. ત. સાંકડી કેડી પર 'ક' ચાલે છે. પાછળ 'ખ' ચાલે છે. એને ઉતાવળ હોવાથી 'ક'ને એક બાજુ ખસવાનું કહે છે. તરત 'ક' સમજીને એને સાઈડ આપે છે. 'ખ' નીચું માથું રાખીને આગળ ચાલી નીકળે છે. 'આભાર' બોલવા જેટલો વિવેક પણ બતાવતો નથી. આમ અસભ્ય વ્યક્તિ તરીકેની એની છાપ ઊપસે છે.

કદાચ પ્રશ્ન થશે કે આપણા પ્રત્યે કોઈ દુર્વ્યવહાર કરે તોપણ કૃતજ્ઞતા બતાવવાની? હા, તોપણ, વિચલિત થયા વિના એમને કહીએ, 'તમે મારી સહિષ્ણુતાની કસોટી કરી. સારું કર્યું. મને ક્રોધ પર સંયમ રાખવાનું યાદ કરાવ્યું. તમારો આભાર'

કૃતજ્ઞતા સામી વ્યક્તિ સાથે માનવીય ભાવસેતુ જોડી આપે છે. પ્રેમભર્યો વ્યવહાર પ્રેમનો જ પડ્યો પાડે ને?

વડોદરા - ૩૯૦૦૦૨
ફોનઃ ૦૨૬૫ ૨૭૫૦૨૭૫

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### ત્રીજું સંતાન અને
### બારોઈ ક.વી.ઓ. સમાજ

બારોઈ ક.વી.ઓ. સમાજની ત્રીજા સંતાનની પ્રેરણા માટે વિવિધ ઈનામોની ઘોષણા સાંપ્રત સમયમાં યોગ્ય નથી.

અત્યારના સમયમાં એક સંતાનનું ભરણ-પોષણ કરવું, ભણાવવું એ પણ મુશ્કેલ છે, ત્યારે બારોઈ સમાજનો ત્રીજા સંતાન માટેની આગ્રહ યોગ્ય નથી.

આપણા સમાજની વસ્તી ઘટતી જાય છે, તે મુદ્દો લઈને બારોઈ સમાજ આવ્યો છે. કોઈ પણ સમાજમાં ગુણવત્તા હોવી જોઈએ, સંખ્યા નહીં. વસ્તીવધારો હોય તો તે સમાજનું મહત્ત્વ વધારે હોય તેવું નથી. ટોળાં હંમેશાં ઘેટાંનાં હોય, સિંહનાં નહિ. પારસી સમાજની વસ્તી આપણા ક.વી.ઓ. સમાજ કરતા પણ ઓછી છે. છતાં આખા ભારતમાં તે સમાજનું નામ શાનથી લેવાય છે. તેવી જ રીતે આંતરરાષ્ટ્રીય રીતે જોઈએ તો યહૂદીઓ (ઈઝરાયલીઓ)ની વસ્તી આખા વિશ્વમાં અડધા ટકાથી પણ ઓછી છે, છતાં આખા વિશ્વમાં તેમના નામનો ડંકો પડે છે. તેની સામે આપણા ભારતના મુસ્લિમ સમાજની વસ્તી ૪૦% જેટલી છે, છતાં પણ ભારતમાં તેમનું કાંઈ ઊપજતું નથી. આપણે આપણા સમાજની વસ્તીમાં વધારો કરીએ પણ તે માયકાંગલા જેવી પેદા થશે તેમાં તેનું કાંઈ મહત્ત્વ નહિ હોય. એટલે જ કવિએ કહ્યું કે, 'જનની જણ તો ભક્ત જણજે, કાં દાતા, કાં સુર'.

મારી બારોઈ સમાજને વિનંતી કે આપણે સમાજની વસ્તી કરતાં જરૂરત છે સમાજ ભણતરમાં તથા આર્થિક રીતે આગળ આવે. તો આપોઆપ આપણો સમાજ સમગ્ર ભારતમાં છવાઈ જશે. ગુજરાતમાં મોદી સમાજની વસ્તી ૨% ની આજુબાજુ છે, છતાં એક ભડવીર નરેન્દ્ર મોદીના કારણે સમગ્ર દુનિયામાં મોદી સમાજ પ્રખ્યાત થઈ ગયો છે.

આપણા સમાજની સામાજિક સંસ્થાઓ ઘણું કરે છે. છતાં કાંઈ વધારે કરે કે જેથી આપણા સમાજની યુવા પેઢીનો સર્વાંગી વિકાસ થાય અને આપણા સમાજને એક ઊંચાઈ પર લઈ જાય.

- નરેન્દ્ર ટોકરશી દેઢિયા
પત્રી-કચ્છ-વાપી.
મો.: ૯૮૨૫૧૧૨૯૧૮

## કચ્છી સમાજને માટે ભવિષ્યની મોટી સમસ્યાની સંભાવના

જૈન સમાજમાં વસ્તીવધારાનો ગ્રોથ રેટ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે, જેમાં કચ્છી સમાજનો વધારે ઓછો છે. જેથી ૪૦-૫૦ વરસ પછી વસ્તીમાં તીવ્ર ઘટાડો જોવા મળશે.

સામાન્ય રીતે જેટલી વસ્તી હોય એટલી ટકાવવા ૨.૧ %નો ગ્રોથ રેટ જોઈએ. રાષ્ટ્રીય સરેરાશ પણ ૨.૧ થી ઓછી થઈ ગઈ છે, પણ જૈનોનો ગ્રોથ રેટ ૧.૨ ટકા થઈ ગયો છે. જેથી આપણી હાલત પારસીઓ જેવી થઈ ગઈ છે. ગ્રોથ રેટ ઘટવાનાં કારણો ઘણાં હોઈ શકે એમાં મુખ્ય કારણ આર્થિક છે.

સમાજના બધા વર્ગો ગરીબ-તવંગર-ભણેલ -અભણ બધાને ઓછી સંતતિ જોઈએ છે. ત્રણ બાળકો હોવા શરમજનક લાગે છે. આ માનસિકતા તોડવાની જરૂર છે. વસ્તી ઘટવાથી જે પ્રશ્નો ઊભા થશે એક અલગ વિષય છે.

આપણી બધી સંસ્થાઓએ ભવિષ્યના આ પ્રશ્ન બાજુ ધ્યાન આપવાની જરૂર છે. બીજા કે ત્રીજા સંતાન માટે પ્રોત્સાહક યોજના જાહેર કરવાની જરૂર છે.

પ્રોત્સાહક યોજના હાલ પૂરતી ભલે ભણતર-વીમા સુધી હોય, પણ એ પરિવારની ચિંતા દૂર કરવાની જરૂર છે.

ભવિષ્યના પ્રશ્ન પર વિચારીએ તો એક દાખલો આપું કે ફક્ત સ્થળાંતરથી આપણા સમાજનાં કેટલાંક મુખ્ય સંસ્થાનો અવ્યવહારુ બની ગયાં છે. એવી જ રીતે વસ્તી ઘટવાથી ભવિષ્યમાં આનાથી વધુ અકલ્પનીય પ્રશ્નો ઊભા થશે.

''જય કચ્છ જય હિન્દ.''

લિ. પ્રેમજી ભવાનજી છેડા
મુલુંડ

---

## બારોઈ ક.વી.ઓ. જૈન સમાજની વસ્તી વધારા માટે અનોખી પહેલ

કચ્છના બારોઈના ક.વી.ઓ. જૈન સમાજના પ્રમુખશ્રી ડૉ. કલ્યાણજી કેનિયાએ જૈન સમાજની ઘટતી જતી વસ્તી માટે અનોખી પહેલ કરી છે, જે બદલ અભિનંદન.

બીજા-ત્રીજા સંતાનના જન્મ પર રૂા. એક લાખ અને દરેક જન્મદિને રૂા. ૫૦ હજાર તેમ જ અઢાર વર્ષ સુધીમાં રૂા. ૧૦ લાખની સહાય મળશે. સંતાનનાં ભરણપોષણ, ભણતર કે બીમારીના ખર્ચભારણને કારણે જન્મ પ્રમાણ ઘટતું રહ્યું છે, જે સમાજ માટે ચિંતાનો વિષય છે.

લાંબા ગાળે ઉંમરલાયક પાત્રને સગપણ-લગ્ન માટે પડતી હેરાનગતિ કે મુશ્કેલીનો સૌને પરિચય છે ને ૨૫ થી ૪૫ વર્ષની ઉંમરનાં લગ્ન માટે મોટી સંખ્યાની લાઈનની ભરમાર છે જે સમાજ માટે ચિંતાજનક બાબત છે. જો કે, આ બાબત દરેક સમાજમાં લાગે છે, જે માટે આ દાખલો નોંધ લેવા જેવો છે એટલું જ નહીં દરેક ગામનાં મહાજનોએ આ બાબતને યુદ્ધના ધોરણે ઉપાડી ભવિષ્ય માટે વિચારવું રહ્યું. આ માટે ડૉ. કેનિયાને લાખ લાખ અભિનદંન.

- લિ. હીરાલાલ વી. ઉનડોઠવાલા
તિલક નગર - ચેમ્બુર
મો.: ૯૮૬૯૬ ૭૭૭૮૯

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**પગદંડીનો જૂન ૨૦૨૨નો અંક**

સાદર જય જિનેદ્ર

પગદંડી જૂન, ૨૦૨૨ના અંકમાં બધા લેખો આપણી ભાષામાં જોઈ બહુ જ આનંદ થયો. વર્તમાન સમયમાં આપણે અંગ્રેજી ભાષામાં શિક્ષણને પ્રાથમિકતા આપી. શિક્ષણ પછી કૅરિયર પણ મળી જાય છે, પણ જીવનના દરેક વ્યવહારમાં આપણી ભારતીય ભાષા કામ આવે છે.

પગદંડીના માધ્યમથી વર્તમાન પેઢી આપણી ભાષા પણ શીખે છે. આપણું સાહિત્ય વાંચતાં વાંચતાં નવી પેઢી પણ ભાષા ભણે છે અને આ માટે સ્કૂલ જવાની જરૂર નથી હોતી. આપણા આ પ્રયાસ માટે ધન્યવાદ.

તંત્રીલેખમાં વર્તમાન સમય માટે અતિ આવશ્યક સૂચન કરેલ છે. સમય અનુસાર બદલવાની જવાબદારી સહુની છે. પ્રમુખશ્રી એ પહેલું સુખ નીરોગી કાયા પર સરસ રીતે વર્ણન કર્યું છે અને સમાજ દ્વારા આયોજિત કાર્યો માટે જાણકારી આપી છે. અન્ય ગામોમાં પણ સમય અનુસાર સેવા માટે પ્રયાસો થાય છે.

આદરણીય શ્રી લીલાધર ગડા એ માણસનો માણસમાં વિશ્વાસ લેખમાં બહુ જ અનુકરણીય જાણકારી આપી છે. દૈનિક ફેરી કરી કુટુંબપાલન કરનારને જે સંસ્થા વગર વ્યાજે રકમ આપી સહાય કરી છે એ વ્યક્તિ અચૂક માસિક કિસ્ત જમા કરે છે અને કોરોના સમયમાં પણ બરાબર જમા કરી દરેક વ્યક્તિ માટે એક અનુકરણીય દાખલો પ્રસ્તુત કરેલ છે. સંસ્થા દ્વારા પણ એમનું સમ્માન થયેલ છે.

આપણા સમાજ દ્વારા પણ અરજીનો સ્વીકાર કરી વગર વ્યાજે લોન અપાય છે. શિક્ષણ, ધંધાકીય, આવાસ અને અન્ય અરજીઓ અનુસાર લોન આપવામાં આવે છે. દરેક લોન લેનારે આ લેખ વાંચી ધડો લેવો જોઈએ. ખરેખર દૈનિક ફેરી કરવાવાળા અભિનંદનને પાત્ર છે.

ડૉ. ગિરીશ વીછીરોરા દ્વારા એકલો અટુલો લેખ વાંચી કચ્છના ગામોની યાદ આવી જાય છે. કાકા જેવા પરગજુ અનેક ગામોમાં મળતા હતા પણ સમય બદલી ગયો છે. હવે કાકા જેવા પરગજુ કોઈક જોવા મળે. અન્ય લેખોનું પણ બહુ જ સરસ રીતે વર્ણન કરવામાં આવેલ છે. આશા છે ભવિષ્યમાં પણ સુંદર રચનાઓ પ્રકાશિત કરવામાં આવશે. એક વાર ફરી ધન્યવાદ.

- મનસુખલાલ રતનશી કક્કા
બેરાજા-ઈન્દોર (મધ્ય પ્રદેશ)

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

જાની,

ગે મેણે ''લમ રસ'' શબ્દ જે સંદર્ભમેં ફોન આયો તેંજી ગાલ કિઈ, પણ ઈ શબ્દ એડ઼ો આય કે ઈનજા પડઘા (કચ્છી શબ્દ પડ઼ડા-પડઘા) અઞા પણ સુણાજેં તા! પ્રેમ કારાણી ડુમરાઈ બારગામ વિઠે વિઠે ફોન ક્યાં, ચ્યાં, ''ચિઈ ચિઈ કિતરો ચે કારાણી?!'' ને પોય ''લમ રસ'' જા પિંઢજા સંદર્ભ ચુટાક્યાં.

પ્રેમભા હેંડ઼ો જ પ્રેમભાવ રખંધા રોંજા ને બેં આં જેંડ઼ેં ભેરુએંકે શબ્દેં જી ગંગામેં ટુબી ડિને જો નોંતરો જરૂર ડીજા!

અંઈ મિડ઼ે પિંઢજી મા-બોલીકે છાતી તેં રખી સુમોંતાને મા બોલીજે વીકાસજા સોંણાં નેર્યોતા! સે ગાલ મઞણી પોંધી ભલા!

૧) લસણ, (सं. लशुन) પું - લસણ, એક કંદ (m) garlic

(વાક્ય) ''નિંઢપણ વટા મૂંજી લસણ જી બધી આય!''

૨) લસણ (सं. लक्षण) લક્ષણ, શરીર પરનું જન્મજાત ચિહ્ન, નિશાની (m) Birthmark

ઈન ગાલજી નોંધ ગિનજા જ કચ્છીભાષા सं. लक्षण મિંજા બ અલગઅલગ શબ્દ ભનાઈ ગિડ઼ે આય. (૧) લખણ - આચરણ (Conduct) (૨) લસણ Birthmark આય ન પાંજી કચ્છી Versatile!

**પનપટીઃ** લસણ ખાઈને લગણૂં' ઈન રૂ. પ્ર. જો અડ઼થ આય, આદું ખાઈને (પાછળ પડવું) ખૂબ ખંત અને જહેમતની સાથે. ગુજરાતી વારા આદુ ભલેં એ કચ્છી માડૂકે લસણ પસન પ્યા સે ઇ. પ્ર.જો સ્વરૂપ ભધલાઈ છડેં!

લખણ શબ્દ હૂંણૂંત લાટ ખપેં પણ ઈ લખણ કનાં અપલખણાં જો અડ઼થ વધારે વતાય તો. ''લખણો લાડકો'' ઈ પ્રયોગ ઉન માડૂલા આય જુકો સારા ન અભરા લખણ-આચરણલા જાણીતો વે. હાં ભાષા ઉનજો પણ મુલાજો રખેં આય સે ''લખણો અભરો'' ન ચોંધે, લખણો લાડકો ચિઈ ગાલકે મોંઘમ - પેંક રખેં આંય! પુતર અપલખણૂં વે તેંસેં મા કીં ઉનકે લખણો વિગરજો ચે? ના ના, લખણો લાડકો ચિઈ અેંસારેમેં જ સમજાઈ છડે! ભલેં તડેં અચીજા!

**- વિશન**

## સોચેગા તો પાયેગા

એ સમજ મુજે સમજા ?  
કી સમજને કી બાત ક્યા હૈ?  
અગર સમજા ભી હું તો ક્યું સમજતા નહીં?  
કી યે ઈન્સાનકી જાત ક્યા હૈ?  
મિલેગા મૌકા મંજિલ મિલનેકા,  
કોશિશ કરો બસ એક કદમ ચલનેકા.  
દબા હુઆ બીજ ભી તુમ્હેં બતા દેગા?  
કી આયેગા એક દિન ફૂલ ખીલનેકા.

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**

**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

**(અષાઢી બીજ એટલે કચ્છીઓનું પર્વ, નવું વરસ!**
**કચ્છી નયે વરે કે માન ડિઈ, હિન ફેરા ખાસ ''આસાઢી બીજ'' જા**
**જ કાવ્ય ગિની કચ્છી-ગુજરાતી કવિતા જા વિવિધ રઙ આં તંઈ પુજાયુંતા !**
**જિરા ન્યાર્યો તાં, કચ્છી માડૂજી ધિલડી કુરો ચેતી !.... )**

## ''નઉં વરેં આયો''

ભા પાંજો કચ્છી નઉં વરેં આયો,
કચ્છતેં મઠડો મીં હલી આયો.

આવઈ પાંજી બીજ અષાડી,
મટયા દુઃખ ને ગઈ બરબાદી,
સુખ સમૃધ્ધિ શાંતિ ખણી આયો,
ભા પાંજો કચ્છી નઉં વરેં આયો...૧

ધરતી ઉંછેં ઊંછણ નીરો,
ખીર પુરીં ને ભનાયો શીરો,
હેત ઉમંગ આનંદ સેં આયો,
ભા પાંજો કચ્છી નઉં વરેં આયો...૨

ધરતી રાજી ખેડુ રાજી રાજી ચોપા આડુ,
જાડપન ને પંખીડા રાજી કચ્છજો માડુ,
વડર વિજ ગજણ ખણી આયો,
ભા પાંજો કચ્છી નઉં વરેં આયોં...૩

સરોવર નાઇયું તરા છલકાણાં
વાડીયું ખેતર ખેડે પોખાણાં,
'આશા' કચ્છજો ડિં વરી આયો,
ભા પાંજો કચ્છી નઉં વરેં આયો...૪

**કવિ 'નંદ' આશાનંદજી ગઢવી**
**ઝરપરા - કચ્છ.**

## કચ્છી નઉં વરે

આંકે સુખેંજી ખાણ ડે! કચ્છી નઉં વરે
નિત ડી ખિલણજી લાણ ડે! કચ્છી નઉં વરે

ઢારી વિજેં ડુકારજે રાંકાસ-ધઉસ કે
એડી જુડીજા બાણ ડે! કચ્છી નઉં વરે

ચોપા ચરેં પેઆ સીમમેં, ડાણા પંખી ચુણે
ભરેઆ મિણીકે ભાણ ડે! કચ્છી નઉં વરે

કોઠ્યું ભર્યું વેં ધાંઈસેં, ડેલા ચરો ભરલ
કો ચીજજી ન ત્રાણ ડે! કચ્છી નઉં વરે

ડંઈ-ડૂધ -ઘી જી છેલ વેં, હર ડીં ભને પિરભ
મેમાણ ભેરી રેઆણ ડે! કચ્છી નઉં વરે

ડાઢો વખત વિએ 'તિમિર', પાંજે મુલક મથા
કચ્છકે નયાં જ પ્રાણ ડે! કચ્છી નઉં વરે

**રવિ પેથાણી - તિમિર**
**કાંદિવલી, મુંબઈ**

## બીજ આસાડી

વલી અસાંકે બીજ આસાડી
હુલમજી મિઠડ઼ી ચીજ઼ આસાડી
અભ સજ઼ેકે વરઈ વરાંકી
ચમકેતી અજ઼ બીજ આસાડી

સૂંઅણું મેઘમલાર તો ઓપે
કાછો કર સરાર તો ઓપે
તૉરીલો તૉખાર તો ઓપે
મહી-માઘેજો પ્યાર તો ઓપે

આયા હલી અઝીઝ આસાડી
વલી અસાંકે બીજ આસાડી

લપઈ જૅડ઼ો ખાજ઼ તો ઓપે
ઝરમર ઝરમર સાજ઼ તો ઓપે
મૉસમજો સિરતાજ તો ઓપે
વડરેંજો અજ઼ રાજ઼ તો ઓપે

વલા, વિઆયૉ ખીજ આસાડી
વલી અસાંકે બીજ આસાડી

કારે મોં ડુકાર તો શોભે
નીલો હી ચરૉચાર તો શોભે
રુદ્ર જટા સિણગાર તો શોભે
ચંધરજો ચમકાર તો શોભે

મુંધજી મિઠડ઼ી રીઝ આસાડી
વલી અસાંકે બીજ આસાડી

ધુનીયાંજો આધાર તો શોભે
મૉજીલો તૅવાર તો શોભે
શોભે સચરાચાર તો શોભે
કુધરતજો કર પ્યાર તો શોભે

'શબાબ' વસંધી ડીજ આસાડી
વલી અસાંકે બીજ આસાડી

**- જયંતિ જોષી 'શબાબ'**

✤✤✤✤✤

## આસાઢી બીજ

ભલેં આવઈયે તું અસાંજી આસાઢી બીજ,
વસાયને મોંઘેરા મિઠા મીં, તું રૈયતજી થીજ.

હે બાલકેંજી બીજ, સુણ અરધાસ ઊરજી,
જીયણમેં જાંખરેં જયું જડૂં કડેં મ ડીજ.

માન રખજેં મોંઘેરો ભુખઈ હિન ભોમકાતેં,
હુંભ ડિઈને હીંયેજી, મિઠેં નેંણોસેં નૅરીજ.

બરૂકી તું બીજ, કચ્છડે જી કંધાર મથે,
ડિઈનો પાલર પાણી, પગલા પખારીજ.

વધાઈબો તૉકે ઢોલ નંગારા નેં નોભતસેં,
''અગમ'' ચેં ઊર મિંજા, સજણેજા સુખ સારીજ.

**- આસમલ ધુલિયા ''અગમ''**

## અષાઢી બીજ

અજ આય અષાઢી બીજ વલા,
પાં ગીત મિલણજા ગાઇબો,
અજ આનંધજે હિન ઑચ્છવમેં,
પાં ખિલબો, છિલબો છિલાઇબો.
અજ આય...

હિત મૉસમ કૅડ઼ી આય મિઠી,
હુત કુધરત નૅર્યો નાય વિઠી,
હિત-હુતજે હિન વસઁધલ મીં મેં,
પિંઢ ભિજબો બોં કે ભિજાઇબો.
અજ આય...

હિત વ્હાલપજા એં વ્હાણ વડા,
હુત હુંભજા હેડ઼ાહેડ઼ ગડા,
બખ વિજબો બરસેં બેલીડ઼ા,
સિક કેક વરેંજી લાઇબો.
અજ આય...

થિયેં માલિકજી હી મૅર ફિરી,
હરસાલ મિલોં પાં હીં જ વરી,
હિન હિલણ - મિલણજે મેડ઼ેમેં,
પાં મિલબો બોં કે મિલાઇબો.
હી ગીત વરી પાં ગાઇબો
અજ આજ...

**- વિશન નાગડા**

(હેડ઼ાહેડ઼ - હારબંધ, સિક -ઝંખના)

## ગીત

સખી આજ મારી આંખોમાં,
લહેરાય અષાઢી બીજના નૂર,
ઊંચકી ઉમંગ ઊભું છે આયખું,
દલડામાં નદીયુંના પૂર.

બોલે બપૈયો ને બોલે દેવચકલી,
કાળી રે કોયલ ટહુકે.
રંગ પૂર્યા છે ક્યા ચિતારાએ ?
અષાઢી સાંજ જોને મલકે
સખી દોડી જાઉં હું જોવા ચાંદાને
લહેરાય અષાઢી બીજના નૂર...

ઓલો દરિયો ને સફેદ રણ,
આવી, છાનામાના મને પજવે.
હમીરસર કૂદીને છાલક મારે,
ભૂજિયો તે આભને ગજવે.
સખી થઈ જાઉં હું જન્નતની હૂર,
લહેરાય અષાઢી બીજના નૂર...

વાદળાં ઊભાં છે કોકની વાટ જોઈ,
ને દામિની તેજ લિસોટે ચમકે.
ઓણ સાલ ધુબાકા કરશે મેહુલો,
ને કચ્છીઓનાં હૈયા મલકશે.
સખી રાંધણીયે લાપસી ભરપૂર,
લહેરાય અષાઢી બીજના નૂર...

**- કૃષ્ણકાંત ભાટિયા 'કાન્ત'**
**ભુજ-કચ્છ.**

## શબ્દમેળો- ૪ જવાબ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બ | ચ | ર | ૨ વા | ૩ ર | | ૪ ઉ | ૫ છ | ૬ કા | ર |
| ગ | | | ૭ ટ | ક | | ૮ થ | ક | લ | |
| ૯ ભ | તા | ૧૦ ર | | ઝ | | ૧૧ લ | લ | કા | ર |
| ગ | | જા | | ૧૨ ક | લ | મ | | | |
| ત | | ૧૩ ઈ | ૧૪ ત | | | ૧૫ ક | લા | કા | ૧૬ ર |
| | ૧૭ એ | | ૧૮ રૈ | ૧૯ વ | દં | ડા | | | ભો |
| ૨૦ પો | ક | | ૨૧ લો | ન | | | ૨૨ નો | ક | ર |
| ૨૩ સ | વા | લ | | ૨૪ વિ | ૨૫ સુ | ૨૬ કે | લી | | ડ |
| ૨૭ લો | ળ | | ૨૮ મ | હા | વી | ર | | ૨૯ લં | |
| | | | ૩૦ લો | ર | ધા | | ૩૧ એં | કા | ર |

શબ્દ મેળો - ૪ માં બધા સાચા તેમજ ૧(ભૂલ) વાળા પણ કોઈના જવાબ નથી. તેથી પ્રથમ અને દ્વીતિય ઈનામનો હકદાર કોઈ પણ નથી.

**શબ્દમેળો- ૪ના જવાબ (૨ ભૂલ) વાળા મોકલનાર સભ્ય તૃતીય ઈનામને પાત્ર છે જેના નામો નીચે મુજબ છે:**

૧ ઝવેર બિપીન દેવચંદ ગાલા - દેવપુર (કાંદીવલી)

૨ મીઠીબાઈ વશનજી હીરજી હરિયા - શેરડી (મુલુંડ)

**સુધારો**

**કચ્છી શબ્દ મોળો** ૩માં ઉભી ચાવી **૨૮** નંબરનો સાચો જવાબ **અચ** એમ સુધારી વાંચવું

## સંજોગોવસાત જુલાઈ ૨૨ મહિનામાં કચ્છી શબ્દ મેળો છપાયેલ નથી.

## શબ્દમેળો -૪ ભરીને મોકલનાર સભ્યોનાં નામ નીચે મુજબ છે :

| નં | નામ | ગામ | હાલે |
|---|---|---|---|
| ૧ | ઝવેરબેન બિપીન દેવચંદ ગાલા | દેવપુર | કાંદીવલી |
| ૨ | મઠીબાઈ વશનજી હરીજી હરિયા | શેરડી | મુલુંડ |
| ૩ | કલ્પનાબેન જીવરાજ હંસરાજ દેઢિયા | ગઢશીશા | મુલુંડ |
| ૪ | આશાબેન ભરત હંસરજા ગડા | મંજલ રેલડીયા | મુલુંડ |
| ૫ | પુષ્પાબેન શાંતિલાલ જેવત ગાલા | ભુજપુર | ઘાટકોપર |
| ૬ | તારાબેન તલકશી ચના ગાલા | કોટડી (મહા) | ડોંગરી |
| ૭ | ચુનીલાલ દેવશી પુનશી દેઢિયા | મોટી ખાખર | અંધેરી |
| ૮ | કુસુમબેન હસમુખ ભાણજી ગડા | ગઢશીશા | સેન્ડહર્સ્ટ રોડ |
| ૯ | અનીલ રાઘવજી જેઠાલાલ રાંભિયા | નાના ભાડિયા | કોલ્હાપુર |
| ૧૦ | હેમલતાબેન પદમશી હીરજી શાહ | મંજલ રેલડીયા | મુલુંડ |
| ૧૧ | ભાવનાબેન ભાણજી ઉમરશી બોરીચા | દેશલપુર (કંઠી) | વરલી |
| ૧૨ | હંસાબેન રમેશચંદ્ર હીરજી સાવલા | કોડાય | મુલુંડ |
| ૧૩ | વર્ષાબેન જયંતી વીશનજી છેડા | રતાડિયા ગણેશ | બોરીવલી |
| ૧૪ | સાકરબેન પોપટલાલ લાલજી ગડા | દુમરા | ઘાટકોપર |
| ૧૫ | પ્રભાબેન મહેન્દ્ર આણંદજી શેઢિયા | લાખાપુર | વલસાડ |
| ૧૬ | હીનાબેન પ્રવીણ દામજી ભેદા | કપાયા | દાદર |
| ૧૭ | ભોગીલાલ ધનજી નથુ વીરા | દેશલપુર (કંઠી) | પાલઘર |
| ૧૮ | કુસુમબેન યતીષ હીરજી સાવલા | વડાલા | મુલુંડ |
| ૧૯ | અરુણાબેન અરુણ લાલજી ગાલા | કાંડાગરા | શિવરી |
| ૨૦ | સૂર્યકાંત લાલજી ગાલા | કાંડાગરા | પરેલ વિલેજ |
| ૨૧ | કાંતા વિનોદ વશનદી વીરા | નાનાભાડિયા | અંધેરી |
| ૨૨ | જયંત ગણશી દેવશી જાગાણી | માપર | સોલાપુર |
| ૨૩ | તરૂલતા હરીશ પાનાચંદ ગંગર | નાંગલપુર | થાણા |
| ૨૪ | કલ્પના નરેશ ભાણજી છેડા | ડોણ | ભાઈંદર |
| ૨૫ | જયશ્રીબેન મોહન મોરારજી સાવલા | કોડાય | મલાડ |

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ મે, ૨૦૨૨ થી તા. ૩૧ મે, ૨૦૨૨)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મનસુખ માવજી વેલજી સતરા | ૫૯ | વડાલા | મુલુંડ |
| વનિતા જયંતીલાલ રામજી નિસર | ૬૪ | વડાલા | ગોરેગામ |
| દમયંતી મગનલાલ લાલજી દેઢિયા | ૮૦ | લુણી | બોરીવલી |
| મા. પાનબાઈ શિવજી નાગશી છેડા | ૮૫ | ગોધરા | ડોંબિવલી |
| કસ્તૂરબેન વલભજી વીરજી સૈયા | ૮૬ | પત્રી | પત્રી |
| મા. કસ્તૂરબેન હંસરાજ જેસંગ સાલિયા | ૮૭ | ગોધરા | ડોંબિવલી |
| વેજબાઈ હેમરાજ મણશી નાગડા | ૮૯ | નરેડી | મુલુંડ |
| ભદ્રાબેન શાંતિલાલ શામજી ગાલા | ૫૩ | વડાલા | નાલાસોપારા |
| વસંત જેઠાભાઈ ભીમશી ગાલા | ૬૩ | છસરા | મલાડ |
| દમયંતી ચુનીલાલ કેશવજી ભેદા | ૭૭ | મોટી ખાખર | મુલુંડ |
| નાનબાઈ શામજી મોરારજી રાંભિયા | ૮૦ | રામાણિયા | થાણા |
| નિર્મળાબેન રતનશી ચુનીલાલ છેડા | ૮૨ | પત્રી | ઘાટકોપર |
| મા. ઝવેરબેન રામજી પાસુ માલદે | ૮૮ | લુણી | સાંગલી (૭ ઉ) |
| મા. વેલબાઈ ખીમજી વીજપાર છેડા | ૯૦ | કાંડાગરા | મુલુંડ |
| ધીરજલાલ મુરજી નરશી શાહ (ગાલા) | ૭૫ | લુણી | ગોરેગામ |
| દેવકાંબેન લવજી વીજપાર કેનિયા | ૮૨ | બારોઈ | બોરીવલી |
| મેહુલ વસંત કોરશી દેઢિયા | ૫૧ | ભુજપુર | બોરીવલી |
| કું જ્યોતિ જયંતીલાલ દેવજી ગોગરી | ૫૫ | ભોરારા | હિંદમાતા |
| વાડીલાલ ડુંગરશી શિવજી છેડા | ૮૦ | નાના આસંબિયા | ઘનસોલી |
| મધુ કિશોર નરશી ગાલા | ૫૭ | ફરાદી | ડોંબિવલી |
| ઊર્મિલા કાંતિલાલ જીવરાજ ગડા | ૬૩ | સાભરાઈ | ડોંબિવલી |
| અ.સૌ. શીલા ડૉ. શાંતિલાલ શિવજી વીરા | ૬૭ | ગોધરા | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. કંચન અશોક વશનજી ભેદા | ૫૪ | મોખા | વાંકી |
| નાનજી ધારશી કુંવરજી શાહ/ગડા | ૮૮ | માપર | મુલુંડ |
| ભાગ્યવંતી પોપટલાલ માવજી નાગડા | ૮૨ | રામાણિયા | મુલુંડ |
| મા. સાકરબેન મુલચંદ માડણ ગડા | ૯૨ | રાયણ | ડોંબિવલી ✪ |
| અલ્પેશ ચુનીલાલ નાગજી ગાલા | ૪૭ | ગોધરા | વડોદરા 👁 |
| વસનજી કુંવરજી લધા ધરોડ | ૭૬ | પત્રી | નાલાસોપારા |
| શીલાબેન લખમશી રણશી દેઢિયા | ૮૨ | પુનડી | પુના |
| દીપક જાદવજી કાનજી ગોગરી | ૫૧ | ભુજપુર | ડોંબિવલી |
| નાનજી ધારશી પુંજા દેઢિયા | ૮૮ | કપાયા | વિલે પાર્લે |
| સંજય શામજી રાયશી સાવલા | ૪૭ | નવાવાસ | મલાડ |
| પન્નાલાલ રામજી શિવજી ગડા | ૪૮ | વડાલા | મલાડ |
| માતુશ્રી કેસરબેન પોપટલાલ ઘેલા દેઢિયા | ૮૧ | નાંગલપુર | કાંદિવલી |
| રતનબેન રવજી ખેતશી નિસર | ૯૨ | વડાલા | સાયન |
| માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી વીરજી સૈયા | ૯૩ | પત્રી | ડોંબિવલી |
| સુરેશ પ્રેમજી નાનજી સાવલા | ૭૩ | મોટી રાયણ | સાંતાક્રુઝ |
| જયંતીલાલ વસનજી શિવજી નંદુ | ૬૯ | મોટા આસંબિયા | વિરાર |
| નવલબેન જીવરાજ મુરજી સાલિયા | ૭૭ | ગોધરા | બોરીવલી |
| ડૉ. વિશનજી નાનજી શિવજી જૈન (દેઢિયા) | ૮૬ | બિદડા | કાંદિવલી |
| મોરારજી ભાણજી હીરજી ઘનાણી | ૬૮ | બેરાજા | બોરીવલી |
| હીરબાઈ દેરાજ રવજી નાગડા | ૭૮ | ચાંગડાઈ | કાંદિવલી |
| મણિબેન ભાણજી રવજી ફુરિયા | ૮૧ | છસરા | એલ્ફીસ્ટન રોડ (૪૦ ઉ) |
| દેવકાંબેન મગનલાલ વીરજી ગોસર | ૮૨ | વિઢ | - |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. ઝવેરબેન ખીમજી કરમશી રાંભિયા | ૮૮ | નાના ભાડિયા | હૈદરાબાદ |
| પુષ્પા તલકશી ખેતશી સાવલા | ૮૮ | બેરાજા | શિવડી |
| મા. પ્રભાબેન પ્રેમજી લાલજી વીરા | ૮૫ | નવાવાસ | ઘાટકોપર |
| ગ.સ્વ. ઝવેરબેન વેલજી લાલજી રાંભિયા | ૮૬ | નાના ભાડિયા | વાશી |
| મા. વિજયાબેન સુંદરજી રતનશી ગાલા | ૯૫ | રાયણ | કાંદિવલી |
| નલિની લક્ષ્મીચંદ ડુંગરશી દેઢિયા | ૮૨ | નાની ખાખર | ચિંચબંદર |
| તેજશી નાગશી કચરા સાવલા | ૮૭ | સમાઘોઘા | મલાડ |
| કિશોર મેઘજી નરશી વિસરિયા | ૭૨ | નવાવાસ | ઘાટકોપર |
| રેવતી હરખચંદ શિવજી ચંદ્રુવા | ૬૭ | બગડા | વિરાર |
| સુરેશ (ઝવેરબાઈ ડુંગરશી | ૭૮ | - | સાયન |
| કેશવજી ગેલડાના જમાઈ) | | | |
| મણિલાલ મેઘજી શિવજી હરિયા | ૮૮ | ગોધરા | દહીંસર |
| અ.સૌ. ઊર્મિલા લાલજી ઉમરશી વીરા | ૬૬ | દેશલપુર | ડોંબિવલી |
| ભવાનજી ખીમરાજ ધના દેઢિયા | ૭૫ | ભુજપુર | બોરીવલી |
| રોહિત હરિલાલ વશનજી સૈયા | ૪૦ | પત્રી | ચેમ્બુર |
| દિલીપ વશનજી વીરા | ૬૭ | નાની ખાખર | નાની ખાખર |
| પ્રવીણ ભવાનજી વેલજી મામણિયા | ૭૧ | બેરાજા | પુના |
| મણિલાલ હરશી હભુ ગાલા | ૮૪ | છસરા | નાલાસોપારા |
| કસ્તૂરબેન દેવશી વીજપાર ગોગરી | ૯૨ | ભુજપુર | નાલાસોપારા |
| સંજીવ નવીનચંદ્ર ભવાનજી નાગડા | ૪૪ | સાભરાઈ | મુલુંડ |
| કું. હેમલતા આસારિયા હરિયા | ૫૮ | વિંઢ | લોઅર પરેલ |
| જેઠાલાલ શિવજી નંદુ | ૬૩ | મોટા આસંબિયા | કોટનગ્રીન |
| ચંદનબેન નીતિન ખીમજી છેડા | ૭૦ | નવાવાસ | ડોંબિવલી |
| રામજી પદમશી ભુલા કક્કા | ૮૨ | પત્રી | કાંદિવલી |
| મા. લક્ષ્મીબેન પ્રેમજી જેઠા સાવલા | ૮૭ | બેરાજા | ભાંડુપ |
| મહેન્દ્ર લાલજી ભાણજી ગોગરી | ૬૫ | મોટા આસંબિયા | ઘાટકોપર |
| મા. જવેરબેન દામજી ધરમશી સાવલા | ૯૧ | તુંબડી | માટુંગા |
| મંજુલાબેન ભવાનજી નાનજી ગડા | ૮૦ | બાડા | ચેમ્બુર |
| મણિબેન ગાંગજી દેવશી ગાલા | ૯૫ | મેરાવા | બોરીવલી |
| જાદવજી રવજી વીરા ગાલા | ૭૪ | સમાઘોઘા | બોરીવલી |
| ગં.સ્વ. ભાનુબેન પોપટલાલ ધનજી લાલન | ૮૬ | કોડાય | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| વિરલ અમૃતલાલ વેલજી શાહ | ૪૪ | લાકડિયા | લોઅર પરેલ |
| અ.સૌ. ઈંદિરા નવીન લખમશી પાસડ | ૭૫ | શેરડી | મુલુંડ |
| ભાવેશ મુલચંદ રાયશી સાવલા | ૫૪ | બિદડા | કાંદિવલી |
| જેઠાલાલ દામજી કુંવરજી ગાલા | ૭૭ | સમાઘોઘા | મલાડ |
| જયંતીલાલ ખેરાજ પાલણ ગડા | ૭૧ | નવાવાસ | વડાલા |
| નાનજી રામજી રણશી રાંભિયા | ૮૪ | રાયણ | વિરાર |
| દેવશીભાઈ કુંવરજી ગોસર | ૮૧ | ડુમરા | ભુજ |
| રોહિત ગાંગજી રવજી સાવલા | ૬૫ | દુર્ગાપુર | મલાડ |
| સાકરબેન મેઘજી ઠાકરશી દેઢિયા | ૮૮ | ગુંદાલા | બોરીવલી |
| અ.સૌ. જશ્મિન રાજેશ ગાંગજી ગડા | ૫૭ | વડાલા | માટુંગા |
| જગશી ખીમજી વીજપાર વીરા | ૮૯ | નાગલપુર | દાદર |
| અ.સૌ. અરુણા અનીલ ગોવિંદજી ગંગર | ૬૨ | બેરાજા | પરેલ |
| શાંતિલાલ ગાંગજી ઉમરશી દેઢિયા | ૮૨ | નાની તુંબડી | માટુંગા |
| વિસનજી પ્રેમજી વીજપાર પેથાણી (દેઢિયા) | ૮૪ | બિદડા | મુલુંડ |
| પ્રેમીલા મુલચંદ જેઠુ ગોસર (મંજા....) | ૭૫ | સાભરાઈ | ઘાટકોપર |
| સમીર ભવાનજી લાલજી ભેદા | ૩૮ | બેરાજા | મુલુંડ |
| મા. ભાનુમતી ભવાનજી ખીમજી સાવલા | ૮૨ | તલવાણા | મહાલક્ષ્મી |
| ભારતી તારાચંદ ઉમરશી ગાલા | ૬૩ | દેવપુર | વડાલા |
| રશ્મિ રમણીકલાલ શામજી શાહનંદ | ૭૫ | ડુમરા | ઘાટકોપર |
| રાણબાઈ લાલજી ચના ગાલા | ૮૩ | દેવપુર | મુલુંડ |
| નાનબાઈ નેમજી જેઠુ ગડા | ૭૬ | ગુંદાલા | અંધેરી |
| અ.સૌ. કુસુમબેન અમૃતલાલ રામજી છેડા | ૭૨ | કાંડાગરા | અંધેરી |
| કાનજી મેઘજી કાથડ ગડા | ૮૨ | ભોજાય | મુલુંડ |
| શાંતિલાલ કાનજી ઓભાયા ગાલા | ૭૦ | રાયણ | કાંદિવલી |
| જયા ખુશાલચંદ કાનજી ગોગરી | ૭૩ | ત્રગડી (સંભવપુર) | દાદર |
| ધનવંતી લક્ષ્મીચંદ કુંવરજી સાવલા | ૭૧ | તુંબડી | મુલુંડ |
| હરખચંદ કુંવરજી હીરજી છેડા(ચૌધરિયા) | ૭૦ | દેશલપુર | કાંદિવલી |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પ.પૂ. સુનંદાબાઈ મ.સા. | ૭૯ | ---- | ---- |

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ







સમુહ લગ્ન



સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) JULY 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022


# Supporting PROGRESS, Optimizing POTENTIAL.

Industry Leading Technology,
Driving Sustainable Growth.


## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rainwater Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Trusted Products,
Proven Expertise



MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS



AUTOMOTIVE COMPONENTS



INFRASTRUCTURAL FURNITURE PARTS

Mitsu
You visualise...we mold

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.